| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ. | ૨૭.૧૨.૨૦૨૨ | | |
| રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૭.૧૨.૨૦૨૨ | | |
| ફેંસલ કર્યા તા. | ૨૨.૦૨.૨૦૨૪ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૧ | ૨૬ |

## મહીસાગરના સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.લુણાવાડા.

**સેશન્સ કેસ નં. ૧૧૦/૨૦૨૨**

**આંક–**

**શ્રી સરકાર** ......**ફરિયાદી**

**: : વિરૂધ્ધ : :**

**(૧) સવિતાબેન ઉર્ફે વિમળાબેન વા/ઓ અનિલભાઇ સોમાભાઇ તડવી**
ઉ.વ.૨૪,
રહે, છાપરી, નિશાળ ફળિયું,
તા.સીંગવડ, જી.દાહોદ.

**(૨) જાકબ અમાદ સમા(મુસ્લિમ)**
ઉ.વ.૨૮, ધંધો.મજુરી,
રહે, જુના ડેઢિયા, ટકરવાડ, (ખાવડા),
તા.ભુજ, જી.કચ્છ. ..... **આરોપીઓ**

.................................................................................

**એડવોકેટસ :–**
**ફરિયાદપક્ષ તરફે :–** વિદ્વાન પી.પી. શ્રી એસ.આર.ડામોર
**આરોપી નં.૧ તરફે :–** વિદ્વાન ચીફ L.A.D.C શ્રી એસ.એ.પટેલ
**આરોપી નં.૨ તરફે :–** વિદ્વાન વકીલશ્રી એ.એમ.પીરઝાદા

.................................................................................

## :: જજમેન્ટ ::

**(ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે વાંચતા કલમ–૩૫૩ વાંચતા)**

**(૧) ફરિયાદપક્ષની હકીકત :–** આ ચુકાદામાં ભારતીય ફોજદારી સંહીતા ૧૮૬૦ ને ઈ.પી.કોડ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ને સી.આર.પી.સી. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

**(૨)** ફરિયાદપક્ષની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, '' મારૂ નામ નિપમકુમાર બળદેવભાઇ પંચાલ,...........મારી વડીલોપાર્જીત જમીન નાની ભુગેડી ગામમાં સમાવેશ થાય છે. તે જમીન મારા ઘરથી દોઢેક કિલોમીટર દુર આવેલી છે. હાલમાં તે જમીનમાં મકાઇની ખેતી કરવામાં આવેલ છે અને તેની દેખરેખ હું જાતે સંભાળુ છુ.

આજ રોજ હું મારા ઘરે સાંજના પાંચેક વાગ્યાના સુમારે હાજર હતો તે વખતે મને જાણવા મળેલ કે મારા ખેતરમાં એક નાના બાળકની હત્યા કરેલ લાશ પડેલ છે જેથી હું એકલો મારા ખેતરે આવેલો અને તે વખતે ગામના ઘણા બધા માણસો હાજર હતા જેથી મે મારા ખેતરમાં જઇને જોયેલ તો મકાઇના વાવેતરમાં એક નાના બાળકની લાશ છતી હાલતમાં પડેલી જોયેલ જે બાળકના માથાના ભાગે લોહી નીકળેલ હાલતમાં લાશ પડેલ હતી અને તેની બાજુમાં એક વજનદાર પથ્થરનો ટુકડો લોહીવાળો પડેલ હતો અને બાળકના શરીરે આખી બાયનુ કેસરી કલરનુ ફુલભાતની ડીઝાઇનવાળુ શર્ટ પહેરેલ જે શર્ટ ઉપર અંગ્રેજીમાં 78 નો માર્કો લખેલ છે તેમજ VIVO લખેલ છે તથા કમ્મરે સફેદ, બલ્યુ કલરનો ચડ્ડો પહેરેલ હતો અને ગળામાં તથા જમણા પગે કાળો દોરો બાંધેલ હતો તે બાળક આશરે ત્રણ થી ચાર વર્ષની ઉંમરના આશરાનો છે જે વણ ઓળખાયેલ છે અને મારા ખેતર આગળ ઉભેલા લોકો પૈકી સરદારભાઇ ગલજીભાઈ ડામોરે મને વાત

કરેલી કે તમારા ખેતરની બાજુના ખેતરવાળા સરલાબેન અને કમળાબેન ઘાસ કાપવા માટે તમારા ખેતરના વચ્ચેના શેઢા ઉપરથી તેમના ખેતર તરફ જતા હતા તે વખતે તમારા ખેતરમાં આ બાળકને પડેલ હાલતમાં જોતા તેણીએ ઘરે આવી કલ્પેશભાઇ સીંગાભાઇને વાત કરતા મે હકીકત જાણેલ છે જેથી અમારા ગામના સરપંચ શ્રી વિનોદભાઇને મોબાઇલ ફોન ઉપર જાણ કરેલી અને અમે ગામ લોકો સાથે તમારા ખેતરમાં આવીને જોયેલુ તો બાળક મરેલી હાલતમાં હતુ અને હું બપોરના બે એક વાગ્યાના સુમારે મારા ઘરે બેસેલો હતો તે વખતે એક બાઇ બાળકને કેડમાં ઉંચકીને જતા જોયેલી તે જ સ્ત્રી અમારી દુકાનથી તમારા ખેતર તરફ આશરે બપોરના બે એક વાગ્યાના સુમારે જતા જોયેલા અને અડધો કલાક પછી પરત મારા દુકાન તરફ થી ગોઠીબ જવાનો રસ્તો તે જ સ્ત્રીએ મારી પત્નીને પુછેલો તે વખતે ગામના અંબાલાલભાઇએ પણ તે સ્ત્રી સાથે છોકરા બાબતે વાત કરતા છોકરૂ મારા બહેનના ઘરે મુકી આવેલ છુ તેવી વાત તેમણે અંબાલાલભાઇને કરેલી અને તે સ્ત્રીને શરીરે ભુખરા કલરનું ગાઉન પહેરેલ હતુ અને પીળા કલરની ઓઢણી ઓઢેલ હતી અને તેના હાથમાં પીળા કલરની થેલી હતી અને તેણે લાલ કલર જેવો ઘાઘરો (ચણીયો) પહેરલ હતો તેવી વાત મને કરેલી અને સરદારભાઇએ પોતાના ઘરના આંગણા માંથી બાળકને કેડમાં ઉંચકીને ગયેલ સ્ત્રી પાછી એકલી જ પરત ગોઠીબ તરફ જવા બાબતે રસ્તો મારી પત્નીને પુછેલુ તેમ અમોને જણાવેલ હતુ જેથી આ સ્ત્રીએ કોઇ અગમ્ય કારણોસર આ બાળકને પથ્થર વડે માર મારી માથામાં પાછળના ભાગે ઇજા કરી મોત નિપજાવી નાસી

ગયેલ છે તેવુ મારૂ માનવુ છે અને સદર બાળકની લાશ મારા ખેતરમાંથી મળી આવેલ હોય તે બાબતે અજાણી સ્ત્રી વિરૂધ્ધમાં ફરીયાદ કરવા માટે ગામના સરપંચ તથા મયંકભાઇ વાઘેલા સાથે અત્રે પોલીસ સ્ટેશનમાં આવેલ છુ.

જેથી ઉપરોકત વર્ણનવાળી અજાણી સ્ત્રી ઉ.વ.૨૫ના આશરાનીએ ક.૧૪/૦૦ થી ક.૧૪/૩૦ વચ્ચેના સમયગાળામાં મારા ખેતરમાં પોતાની સાથેના બાળકને પથ્થર વડે માથામાં પાછળના ભાગે ઇજાઓ કરી મોત નિપજાવેલ છે જેથી તેની સામે કાયદેસર તપાસ થવા મારી ફરીયાદ છે. મારા સાહેદો મારી ફરીયાદમાં જણાવેલ માણસો તથા પોલીસ તપાસમાં નીકળે તે વિગેરે છે.

એટલી મારી ફરીયાદ હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી હોય જે વાંચી સમજી આ નીચે મારી સહી કરેલ છે.''

ઉપર મુજબની ફરિયાદ નિપમકુમાર બળદેવભાઇ પંચાલનાએ આપેલી તે આધારે સંતરામપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી.નં.૧૧૧૮૭૦૦૭૨૨૦૭૬૭/૨૦૨૨ થી ઇ.પી.કોડ કલમ–૩૦૨, ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ છે.

**(૩) પોલીસ તપાસની વિગત :–**

**૩.૧** તપાસ એજન્સી દ્વારા ફરિયાદ તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ ફરીયાદી નિપમકુમાર બળદેવભાઇ પંચાલનાએ આપેલી છે.

**૩.૨** તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ પંચસાહેદ ધર્મેન્દ્રભાઇ પ્રવિણભાઇ ભુરીયા અને પંચ મયંકભાઇ રાકેશભાઇ વાઘેલાનાઓ રૂબરૂ મરણોત્તર પંચનામું કરવામાં આવેલ છે.

**3.3** તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ સાહેદ સરદારભાઇ ગલજીભાઇ ડામોર, સાહેદ ચંપાબેન વા/ઓ સરદારભાઇ ગલજીભાઇ ડામોર, સાહેદ કલ્પેશભાઇ સીંગાભાઇ બામણીયા, સાહેદ અંબાલાલ રૂઘાભાઇ ડામોરનાઓનું નિવેદન લેવામાં આવેલ છે.

**૩.૪** ત્યારબાદ, તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ પંચસાહેદ ધર્મેન્દ્રભાઇ પ્રવિણભાઇ ભુરીયા અને પંચ મયંકભાઇ રાકેશભાઇ વાઘેલાનાઓ રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું અને લાશ ઉપરના કપડાં કબ્જે કર્યાનું પંચનામું કરવામાં આવેલ છે અને એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ કરવામાં આવેલ છે.

**૩.૫** તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ સાહેદ સરલાબેન વા/ઓ મુકેશભાઇ તેરસીંગભાઇ બામણીયા, સાહેદ કમળાબેન લાલસીંગભાઇ બામણીયા, સાહેદ અનિલભાઇ સોમાભાઇ તડવી, સાહેદ દિલીપભાઇ બચુભાઇ તડવી અને સાહેદ રામસીંગભાઇ મનસુખભાઇ કલીજાનાઓનું નિવેદન લેવામાં આવેલ છે.

**૩.૬** તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ પંચસાહેદ નવીનભાઇ કુલચંદભાઇ કલાલ અને પંચ મયંકકુમાર રાકેશભાઇ વાઘેલાનાઓ રૂબરૂ લાશનું ઓળખ પંચનામું કરવામાં આવેલ છે.

**૩.૭** ત્યારબાદ તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજ કાનજીભાઇ ઝખુંભાઇ ઢીલા અને સાહેદ રાજેશભાઇ ગુલાબભાઇ પરમારનાઓનું નિવેદન લેવામાં આવેલ છે.

**૩.૮** ત્યારબાદ તા.૨૧.૦૯.૨૦૨૨ ના રોજ પંચ સાહેદ ધર્મેન્દ્રભાઇ પ્રવિણભાઇ ભુરીયા અને પંચ મયંકભાઇ રાકેશભાઇ વાઘેલાનાઓ રૂબરૂ આરોપીના સવિતાબેનના કપડાં કબ્જે કર્યાનું પંચનામું કરવામાં આવેલ છે.

**૩.૯** તા.૨૧.૦૯.૨૦૨૨ ના રોજ પંચસાહેદ ગમીરભાઇ ખાતરાભાઇ બારીયા, પંચ ધર્મેન્દ્રભાઇ પ્રવિણભાઇ ભુરીયા અને પંચ અજેમલભાઇ લક્ષ્મણભાઇ બારીયાનાઓ રૂબરૂ આરોપી સવિતાબેનનાઓનું ઓળખ પરેડનું પંચનામું કરવામાં આવેલ છે.

**૩.૧૦** ત્યારબાદ તા.૨૨.૦૯.૨૦૨૨ ના રોજ પંચસાહેદ ભરતભાઇ નાથાભાઇ ડામોર તથા રમેશભાઇ વરસીંગભાઇ ગણાસવાનાઓ રૂબરૂ રીકન્સટ્રકશન પંચનામું કરવામાં આવેલ છે.

**૩.૧૧** તા.૨૨.૦૯.૨૦૨૨ ના રોજ સાહેદ કેસવભાઇ બચુભાઇ તડવીનાઓનું નિવેદન લેવામાં આવેલ છે.

**૩.૧૨** તા.૨૩.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી નં.૨ ની અટક કરવામાં આવેલ છે.

**૩.૧૩** ત્યારબાદ તા.૨૬.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી નં.૧ સવિતાબેનનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૬૪ અન્વયે કન્ફેશન લેવામાં આવેલ છે.

**૩.૧૪** ત્યારબાદ, જરૂરી સાહેદોના નિવેદનો લઇ તથા કલમ ઉમેરાનો રીપોર્ટ કરી તથા એફ.એસ.એલ.નો અહેવાલ મેળવી સી.આર.પી.સી.ની કલમ–૧૫૫ થી કલમ–

૧૭૨ લક્ષમાં લઈ આરોપીઓ સામે ઇ.પી.કોડ કલમ–૩૦૨, ૧૧૪ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ. ચાર્જશીટ રજુ થયા બાદ સંતરામપુરના વિદ્વાન આરોપીઓ વિરૂધ્ધ એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ આ કેસ સી.આર.પી.સી. કલમ–૨૦૯ હેઠળ તા.૧૫/૧૨/૨૦૨૨ ના રોજ કમીટ કરેલ છે.

**(૪) તહોમતનામા અંગે.**

**૪.૧** કેસના કામે આરોપીઓને સમન્સ બજતાં આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૨૮(૧)(બી) મુજબ ઇ.પી.કોડ કલમ–૩૦૨, ૧૧૪ મુજબનું તહોમતનામુ આંક–૦૫ થી મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા ફરમાવવામાં આવેલ અને જે સંદર્ભે આંક–૦૬ થી આંક–૦૭ સુધી આરોપીઓનું નિવેદન તહોમતનામાં સંદર્ભે લેતા, આરોપીઓ ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૧ (૧) મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલા.

**૪.૨** ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની સાથે કલમ–૨૩૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલુ. જેમાં આરોપી જણાવે છે કે, અમો નિર્દોષ છીએ, કહેવાતો ગુન્હો અમોએ કરેલ નથી. ખોટી ફરિયાદના આધારે ખોટી ચાર્જશીટ ઉભી કરેલ છે જેથી અમો નિર્દોષ છીએ. અમોને ન્યાયના વિશાળ હીતમાં છોડી મુકવા મે.કરશોજી.

**૪.૩** ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ–૨૩૪ મુજબ વિદ્વાન પી.પી. શ્રીના તથા આરોપીઓના વિદ્વાન વકિલશ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

## (૫) ફરિયાદ પક્ષનો પુરાવો :–

### ૫.૧ ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

| અનુ. નં. | સાહેદનું નામ | સાહેદ કયા પ્રકારના પુરાવામાં પડે છે તેની વિગત(તપાસ એજન્સીની થીયરી મુજબ) | આંક |
|---|---|---|---|
| ૧ | ડો.ગીતાબેન પુજાભાઇ તાવીચાડ (પી.ડબલ્યુ–૧) | લાશનું પી.એમ. કરનાર ડોકટર એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબના નિષ્ણાંત સાહેદ અને પી.એમ. કરેલ છે એટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૦૮ |
| ૨ | નીપમકુમાર બળદેવભાઇ પંચાલ (પી.ડબલ્યુ–૨) | ફરીયાદી– બાળકની લાશ પોતાના ખેતરમાં જોનાર સાહેદ એટલે કે લાશ જોવા બાબતે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૧૨ |
| ૩ | અનીલભાઇ સોમાભાઇ તડવી (પી.ડબલ્યુ–૩) | સાહેદ– આરોપી નં.૧ સવિતાબેનના પતિ (આ કામે મરણજનાર બાળકના પિતા) | ૧૪ |
| ૪ | કલ્પેશભાઇ સીંગાભાઇ બામણીયા (પી.ડબલ્યુ–૪) | આરોપી સવિતાબેન અને ગુજરનાર બાળકને બનાવ પહેલા થોડા સમય પહેલા જોનાર સાહેદ એટલે કે તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | ૧૫ |
| ૫ | સરલાબેન મુકેશભાઇ બામણીયા (પી.ડબલ્યુ–૫) | બનાવ સ્થળે લાશ જોયેલ તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માંપડતા સાહેદ | ૧૬ |
| ૬ | અંબાલાલ રૂધાભાઇ ડામોર (પી.ડબલ્યુ–૬) | આરોપી સવિતાબેન અને ગુજરનાર બાળકને બનાવ પહેલા થોડા સમય પહેલા જોનાર સાહેદ એટલે કે તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની | ૧૭ |

| | | | |
|---|---|---|---|
| | | કલમ–૬૦ માં પડતા સાહેદ. | |
| ૭ | દીલીપભાઇ બચુભાઇ તડવી (પી.ડબલ્યુ–૭) | આરોપી સવિતાબેનના કુટુંબી દિયર અને ગુજરનાર બાળક આરોપી સવિતાબેન પાસે હતુ તે અંગેના ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ તથા આરોપી સવિતાબેનને આરોપી જાકબ સાથે પ્રેમ સંબંધ ન રાખવા બાબતે સમજાવનાર એટલે કે તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | ૧૮ |
| ૮ | ધર્મેન્દ્રભાઇ પ્રવિણભાઇ ભુરીયા (પી.ડબલ્યુ–૮) | મરણોત્તર પંચનામું, લાશ ઉપરના કપડા કબ્જે કર્યાનું પંચનામું, ગુન્હાવાળી જગ્યાનું પંચનામું ઓળખ પરેડનું પંચનામું, આરોપી સવિતાબેનના કપડાં કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ એટલે કે ઉપરોકત પંચનામાઓ વખતે જે સ્થિતી હતી અને જે સ્થિતી તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તે પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૧૯ |
| ૯ | સરદારભાઇ ગલજીભાઇ ડામોર (પી.ડબલ્યુ–૯) | આરોપી સવિતાબેન અને ગુજરનાર બાળકને બનાવ પહેલા થોડા સમય પહેલા જોનાર સાહેદ એટલે કે તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | ૩૩ |
| ૧૦ | ચંપાબેન સરદારભાઇ ડામોર (પી.ડબલ્યુ–૧૦) | આરોપી સવિતાબેન અને ગુજરનાર બાળકને બનાવ પહેલા થોડા સમય પહેલા જોનાર સાહેદ એટલે કે તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | ૩૪ |
| ૧૧ | રમણભાઇ મંગાભાઇ બારીયા (પી.ડબલ્યુ–૧૧) | પી.એસ.ઓ. | ૩૫ |
| ૧૨ | કાનજીભાઇ ઝખુભાઇ ઢીલા (આહીર) (પી.ડબલ્યુ–૧૨) | આરોપી સવિતાબેનને ભાડે મકાન આપનાર અને બંને આરોપીઓને તે | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| | | મકાનમાં સાથે રહેતાં જોનાર સાહેદ એટલે કે તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | |
| ૧૩ | રાજેશભાઇ ગુલાબભાઇ પરમાર (પી.ડબલ્યુ–૧૩) | આરોપી સવિતાબેનની પાડોશમાં ગામ જુની ધાનેટીમાં કાનાજીભાઇ જખુભાઇના મકાનમાં રહેતાં સાહેદ એટલે કે બાજુમાં આરોપી સવિતાબેન રહેતા હતા તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ તેમજ જાકબને સવિતાબેનના મકાનમાં જોનાર એટલે કે તેટલા પુરતા પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ. | ૩૯ |
| ૧૪ | સરમાભાઇ લીમજીભાઇ કલાસવા (પી.ડબલ્યુ–૧૪) | પી.એસ.ઓ. (ફરીયાદ નોંધનાર) | ૪૦ |
| ૧૫ | જયદીપસીંહ અમરસીંહ તાવીયાડ (પી.ડબલ્યુ–૧૫) | ખાવડા પોલીસ સ્ટેશને જઇ આરોપી જાકબનો કબ્જો મેળવનાર સાહેદ | ૪૩ |
| ૧૬ | લલીતાબેન ભોજાભાઇ બગડા (પી.ડબલ્યુ–૧૬) | પધ્ધર પોલીસ સ્ટેશન ખાતે જઇ આરોપી સવિતાબેનનો કબ્જો મેળવાનાર સાહેદ | ૪૭ |
| ૧૭ | માનસીંગભાઇ ભાવજીભાઇ મછાર (પી.ડબલ્યુ–૧૭) | તપાસ કરનાર અમલદાર | ૫૨ |
| ૧૮ | જલ્પાબેન રતીલાલ ઠકકર (પી.ડબલ્યુ–૧૮) | એફ.એસ.એલ.માં મોકલેલ નમુના પૃથ્થકરણ કરનાર એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ અને ૬૦ માં પડતા સાહેદ. | ૭૬ |
| ૧૯ | અર્જુનભાઇ નાનજીભાઇ રાઠવા (પી.ડબલ્યુ–૧૯) | એફ.એસ.એલ. મોબાઇલ ઇન્વેસ્ટીગેશન વાન દ્વારા ગુનાવાળી જગ્યાની સ્થળ વીઝીટ કરી સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરનાર એટલે કે સ્થળ ઉપર જે હકીકત જોઇ તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા | ૮૨ |

| | | | |
|---|---|---|---|
| | | સાહેદ | |
| ૨૦ | મનીષભાઇ મંગળભાઇ પટેલ<br>(પી.ડબલ્યુ–૨૦) | રીલાયન્સ જીઓ કંપનીના નોડલ ઓફીસર અને મોબાઇલ નં.૮૮૪૯૩૦૭૬૬૫ ના એસ.ડી.આર. અને સી.ડી.આર અંગેના સાહેદ. | ૮૫ |
| ૨૧ | ટમુબેન ગાગાંભાઇ મોકરીયા<br>(પી.ડબલ્યુ–૨૧) | પધ્ધર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. એટલે કે આરોપી સવિતાબેનને અટક કરવામાં મદદ કરનાર પોલીસ કર્મચારી. | ૯૭ |

**૫.૨ ફરિયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અનુ. નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| ૧ | લાશનું પી.એમ. કરવા અંગેની યાદી | ૦૯ |
| ૨ | પી.એમ. નોટ | ૧૦ |
| ૩ | બિનવારસી મળી આવેલ બાળકનું નામ પી.એમ. રીપોર્ટમાં લખાવી આપવા અંગેની યાદી | ૧૧ |
| ૪ | ફરીયાદ | ૧૩ |
| ૫ | મરણોત્તર પંચનામું | ૨૦ |
| ૬ | લાશ ઉપરના કપડાં કબ્જે કર્યાનું પંચનામું | ૨૩ |
| ૭ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૭ |
| ૮ | આરોપી સવિતાબેનનું ઓળખ પરેડનું પંચનામું | ૨૮ |
| ૯ | આરોપી સવિતાબેનના કપડાં કબ્જે કર્યાનું પંચનામું | ૩૨ |
| ૧૦ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૩૬ |
| ૧૧ | સુચિપત્ર | ૩૭ |
| ૧૨ | ફેકસ મેસેજ | ૪૪ |
| ૧૩ | પોલીસ મદદ મળવા ખાવડા પોલીસ સ્ટેશનને કરેલ યાદી | ૪૫ |
| ૧૪ | આરોપીનો કબ્જો સોંપવા ખાવડા પોલીસ સ્ટેશનને કરેલી યાદી | ૪૬ |
| ૧૫ | પોલીસ મદદ મળવા પધ્ધર પોલીસ સ્ટેશનને કરેલ યાદી | ૪૮ |

| | | |
|---|---|---|
| ૧૬ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પદ્ધર પોલીસ સ્ટેશનને કરેલ યાદી | ૪૯ |
| ૧૭ | લાશ ઉપર ઈન્કવેષ્ટ ભરવા પધારવા અંગે કરેલ યાદી | ૫૩ |
| ૧૮ | ફોર્મ–બી (પી.એમ. માટે મોકલાતી લાશની સાથે મેડીકલ ઓફીસરને મોકલવાનો પોલીસ રીપોર્ટ) | ૫૪ |
| ૧૯ | બિનવારશી મળી આવેલ બાળકનું નામ સરનામું પી.એમ. રીપોર્ટમાં લખવા અંગેની યાદી | ૫૫ |
| ૨૦ | લાશનું ઓળખ પંચનામું | ૫૬ |
| ૨૧ | આરોપી સવિતાબેનની ઓળખ પરેડ કરવા અંગે કરેલ યાદી | ૫૭ |
| ૨૨ | ઓળખ પરેડ કરવા અંગે તારીખ અને સમય ફાળવ્યા અંગેની યાદી | ૫૮ |
| ૨૩ | ઓળખ પરેડનું પંચનામું કર્યા અંગેની યાદી | ૫૯ |
| ૨૪ | રીકન્સટ્રકશન પંચનામું | ૬૦ |
| ૨૫ | રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૬૧ |
| ૨૬ | એફ.એસ.એલ. વડોદરાની પહોંચ | ૬૨ |
| ૨૭ | એફ.એસ.એલ.ની મુદ્દામાલ પૃથ્થકરણની યાદી | ૬૩ |
| ૨૮ | CDR/SDR/IMEI ની માહિતી માંગવાની યાદી | ૬૪ |
| ૨૯ | CDR/SDR/IMEI ની માહિતી માંગવાની યાદી | ૬૫ |
| ૩૦ | CDR/SDR/IMEI ની માહિતી માંગવાની યાદી | ૬૬ |
| ૩૧ | CDR/SDR/IMEI ની માહિતી તેમ પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ માંગવાની યાદી | ૬૭ |
| ૩૨ | આરોપી સવિતાબેનનું ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેળવવાની યાદી | ૬૮ |
| ૩૩ | ફેકસ મેસેજ | ૬૯ |
| ૩૪ | આરોપી સવિતાબેનની કોલ ડીટેઈલ | ૭૪ |
| ૩૫ | એફ.એસ.એલ વડોદરાનો બાયોલોજી તથા સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૭૭ |
| ૩૬ | મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાન મહીસાગરનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૮૩ |

| | | |
|---|---|---|
| ૩૭ | કોલ ડીટેઈલની સર્ટીફાઇડ | ૮૬ |
| ૩૮ | તડવી અનિલભાઈ સોમાભાઈની કોલ ડીટેઈલ | ૮૭ |
| ૩૯ | આરોપી જાકબ આમદ સમાની કોલ ડીટેઈલ | ૮૮ |
| ૪૦ | ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ– ૬૫ બી (૪) (સી) મુજબનું પ્રમાણપત્ર | ૮૯ |
| ૪૧ | તડવી અનિલભાઈ સોમાભાઈનું પોસ્ટપેઇડ એપ્લીકેશન ફોર્મ | ૯૦ |
| ૪૨ | જાકબ આમદ સમાનું પ્રિપેઇડ એપ્લીકેશન ફોર્મ | ૯૧ |
| ૪૩ | ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ– ૬૫ બી (૪) (સી) મુજબનું પ્રમાણપત્ર તથા આરોપી નં.૧ અને ૨ જે મોબાઇલ ફોન વાપરતા હતા તે કયા લોકેશનમાં હતા તેનો રીપોર્ટ | ૯૨ |
| ૪૪ | પધ્ધર પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૯૮ |
| ૪૫ | ખાવડા પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૧૦૨ |
| ૪૬ | આરોપી સવિતાબેનનું ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૦૪ |

**ફરિયાદપક્ષે આંક–૧૦૩ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.**

**<u>પક્ષકારોની દલીલો :–</u>**

## (૬) વિ.પી.પી.શ્રીની દલીલ :–

**૬.૧** વિ.પી.પી.શ્રીએ આંક–૧૦૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે અને તેમાં મોટા ભાગે એવી દલીલ કરેલ છે કે, ફરીયાદી તથા સાહેદ કલ્પેશભાઇ, સાહેદ અંબાલાલભાઇ, સાહેદ સરદારભાઇ, સાહેદ ચંપાબેનના પુરાવાથી એ હકીકત પુરવાર થાય છે કે, બનાવ સ્થળે બાળકની લાશ મળેલ છે અને ત્યાં ગામમાં આરોપી નં.૧ ને બાળક સાથે અને બાળક વગર લાશ મળી તે દિવસે જોવામાં આવેલ છે.

**૬.૨** વધુમાં દલીલ કરેલ છે કે, પંચનામાઓથી એ હકીકત પુરવાર થાય છે કે, ગુજરનારના અને આરોપી નં.૧ ના કપડાં યોગ્ય રીતે કબ્જે કરવામાં આવેલ છે અને

બનાવ સ્થળેથી નમૂનાઓ યોગ્ય રીતે લેવામાં આવેલ છે અને તેનું યોગ્ય રીતે પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

**૬.3** વધુમાં દલીલ કરેલ છે કે, લોકેશન અંગે જે પુરાવો મનીષભાઇ પટેલે આંક–૮૫ થી આપેલ છે અને તેની સાથે જે દસ્તાવેજ આંક–૮૭, ૮૮ અને ૯૨ રજુ થયેલ છે તેનાથી આરોપી નં.૧ બનાવ સ્થળે હતા અને ત્યાંથી ધાનેટી મુકામે ગયેલા છે અને ધાનેટી મુકામે આરોપી નં.ર નું પણ લોકેશન મળેલ છે અને તેની સાથે ધાનેટી વાળા કાનાભાઇ તથા રાજેશભાઇના પુરાવાથી તથા પોલીસ સાહેદ લલીતાબેન તથા અન્ય પોલીસ સાહેદ ટમુબેનના પુરાવાથી એ હકીકત સાબિત થાય છે કે, આરોપી નં.ર નાએ આરોપી નં.(૧) માટે કાનાભાઇનું મકાન રાખેલુ અને ત્યાં બંને આરોપીઓ એક સાથે રહેલ છે અને જે રીતે બંને આરોપીઓ મોબાઇલ ફોન દ્વારા સતત સંપર્કમાં હતા તેથી અને આરોપી નં.૧ ના પતિના પુરાવાથી તેઓ બંને વચ્ચે આડા સંબંધ હતા તે હકીકત પણ પુરવાર થાય છે અને તેજ કારણે બાળકની હત્યા પથ્થર વડે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજી શકે તે રીતે માથામાં કરી આરોપી નં.૧ નાએ આરોપી નં.ર ની ચઢવણીથી કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

**૬.૪** વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, '' સદર કેસમાં બચાવપક્ષે અસંખ્ય બચાવ લીધેલ છે તે પૈકી કોઈ પણ બચાવ પક્ષે પોતાનો બચાવ પુરવાર કરી શકેલ નથી કે ફરીયાદ પક્ષના સાહેદોની જુબાનીમાં જરા સરખી પણ શંકા ઉપસ્થિત કરી શકેલ નથી.

આમ ફરીયાદ પક્ષે નિ:શંક પણે કેસ સાબિત કરેલ છે તે હીકકત ના.કોર્ટના રેકર્ડ પર આવેલ પુરાવાથી સ્પષ્ટ થાય છે.

આમ, ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ ફરમાવેલ ચાર્જ, મોખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી નિ:શંક પણે પુરવાર કરેલ છે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લઈ આરોપીને ઈ.પી.કો.કલમ ૩૦૨,૧૧૪ મુજબ તકસીરવાન ઠરાવવા ન્યાયના હિતમાં હુકમ કરશોજી.''

**(૭) આરોપી નં.૧ નાઓ તરફે દલીલો :-**

**૭.૧** આરોપી નં.૧ તરફે વિદ્વાન ચીફ લીગલ એઇડ ડીફેન્સ કાઉન્સીલ શ્રીએ આંક-૧૦૯ થી લેખીતી દલીલો કરેલ છે અને તેનો જવાબ યોગ્ય જગ્યાએ આપેલ છે અને યોગ્ય જગ્યાએ દલીલો રજુ કરેલ છે.

**(૮) આરોપી નં.ર તરફે દલીલો:-**

**૮.૧** આરોપી નં. ર તરફે મુખ્યત્વે દલીલ કરેલ છે કે, આરોપી નં.ર ની હાજરી સ્થળ ઉપર મળેલ નથી. આરોપી નં.ર પાસેથી કોઇ મોબાઇલ કબ્જે કરેલ નથી અને આરોપી નં.ર ખાવડા પોલીસ સ્ટેશનની હદમાં રહે છે તેથી નિર્દોષ ઠરાવવા દલીલ કરેલ છે અને બાકીની દલીલો યોગ્ય જગ્યાએ મુકેલ છે.

**(૯) પોઇન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી.ની કલમ-૩૫૪(ડી) મુજબ**

**૯.૧** શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, આરોપીઓને એક બીજા સાથે પ્રેમ સંબંધમાં મરણજનાર આરોપી નં.૧ સવિતાબેનનો

દિકરો પ્રિન્સ આડખીલી રૂપ બનતો હોઈ જે આરોપી નં.(૨) ના અવારનવાર ફોન કરી કહેવાથી આરોપી નં.(૧) નાએ પોતાના દિકરાને લઈ તેના પિતાના ઘરેથી કોઈને કહયા વગર નીકળી જઈ અને તા.૧૫.૦૯.૨૦૨૨ના કલાક ૧૪/૦૦ થી ૧૪/૩૦ ના સમયગાળા દરમ્યાન મોજે નાની ભુગેડી ગામે સાગળ ફળિયામાં આવેલ ફરીયાદીના ખેતરમાં આરોપી નં.(૨)ના કહયા પ્રમાણે પોતાના બાળક પ્રિન્સને પથ્થર વડે માથામાં પાછળના ભાગે ઈજાઓ કરી મોત નિપજાવી પોતાના પ્રેમી આરોપી નં.(૨) સાથે રહેવા માટે જતા રહી આરોપીઓએ એક બીજાની મદદગારી ઈ.પી.કોડ કલમ–૩૦૨, ૧૦૯ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ છે?

**૯.૨** શુ આખરી હુકમ ?

**(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**(૧)** મુદા નં. ૯.૧ ચર્ચા કર્યા મુજબ '' **હકારમાં** ''

**(૨)** મુદા નં. ૯.૨ ચર્ચા કર્યા મુજબ '' આખરી હુકમ મુજબ''

## : : કારણો : :

**(૧૧) સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૧.૧** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને ' Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઇએ નહીં.

**૧૧.૨** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે કલમ–૬ આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :–** આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દ્દષ્ટાંત 'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દ્દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૧૧.3** એટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.– પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શીત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે

કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નક્કિ કરવાનું હોય છે.

Beyond reasonanle doubt એટલે શું ?

**૧૧.૪** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt – અંગે વિધ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–** " Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich " જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીને ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**૧૧.૫ આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યુ છે કે,** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful

possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice" વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરૂધ્ધ– ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાના નં. ૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ. State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents [@page537] Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. commensurate Reasonableness with the nature of the of the doubt offence must be to be investigated. ..."

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઇએ અને તે કાલ્પનીક ન હોવો જોઇએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા

આરોપીઓની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઇએ.

**૧૧.૬** ભારતીય પુરાવા ધારાની કલમ–૫૯ મુજબ કોઈપણ હકીકત, **દસ્તાવેજની અને ઈલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની** મૌખિક પુરાવાથી સાબિત થઈ શકશે એટલે કે, જો દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીકસ રેકર્ડ સિવાયની કોઈ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઈ શકશે.

મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં નીચે મુજબ આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે, EVIDENCE :-Evidence means and EVIDENCE :-Evidence means and includes -

1. all statemens which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry such statements are called oral evidence,

આમ, એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધો પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**"60. Oral Evidence must be direct :**

Oral Evidence must, in all cases whatever, be direct; that is to sayIt it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refres to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be percevied by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly ofered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

આમ, કલમ–૬૦ માં લક્ષમાં લેતા, એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઇન્દ્રીય પૈકી કોઇ એક ઇન્દ્રીયથી કે એક કરતા વધારે ઇન્દ્રીયથી કોઇ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવાને પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

**૧૧.૭** તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં આવતા પુરાવાનો ભારતીય પુરાવા ધારાની કલમ–૧૭ થી કલમ–૩૦ માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી સાબિત કરવાની હોય છે.

અથવા તો સાંયોગીક પુરાવાની કડી મેળવીને સાબિત કરવાની હોય છે જો કે સાંયોગીક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરૂરીયાત રહે છે.

**(૧૨) તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર :–**

**૧૨.૧** આ કામમાં પેરા નં.પ.૧ માં તપાસ એજન્સીની થીયરી મુજબ કયો સાક્ષી ભારતીય પુરાવા ધારાની કલમમાં પડે છે એટલે કે, તે સાક્ષીનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં સીધા પુરાવામાં પડે છે કે કથોપથીત પુરાવાના અપવાદોમાં પડે છે તેની વિગત આપેલી છે.

**(૧૩) કામચલાઉ ધોરણે લીધેલ પુરાવાની આખરી ગ્રાહયતા અંગે.**

**૧૩.૧)** આ કામમાં કેટલોક પુરાવો કામચલાઉ ધોરણે રેકર્ડ પર લેવામાં આવેલ છે તેથી તે પુરાવાની પ્રથમ આખરી ગ્રાહયતા ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૬ મુજબ અદાલતે નકકી કરવાની છે.

**(એ) દસ્તાવેજી પુરાવાની આખરી ગ્રાહયતા અંગે.**

જયારે દસ્તાવેજી પુરાવો હોય ત્યારે તે પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૧ થી ૧૦૦ માં પડતી જોગવાઈઓ મુજબ સાબીત થઈ શકે છે જો કે આવો દસ્તાવેજ વાદગ્રસ્ત તકરારને લગતો છે કે નહી કે તેને પ્રસ્તૃત છે કે કેમ અને જો આવો દસ્તાવેજ રીલેવન્ટ હોય તો તે એડમીશીબલ છે કે કેમ તે તમામ બાબત જોયા બાદ અદાલતે આખરી ગ્રાહયતા નકકી કરવાની હોય છે કારણ કે ઘણા દસ્તાવેજ પ્રસ્તૃત હોય અને ભારતીય પુરાવા ધારાની ઉપરોકત જોગવાઈઓ મુજબ પુરવાર પણ થાય તેમછતાં તે અગ્રાહય પણ હોઈ શકે જેમ કે કોઈ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર થયેલ ન હોય તો વેચાણ માટે આવો દસ્તાવેજ રજીસ્ટ્રેશન એકટની કલમ–૪૯ મુજબ અગ્રાહય બનતો હોય છે અને આમ ઉપરોકત પરીપ્રેક્ષમાં જે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે અન્ય કાયદાની જોગવાઈ મુજબ પણ એડમીશીબલ છે કે કેમ વિગેરે લક્ષમાં રાખી તેની આખરી ગ્રાહયતા નકકી કરવાની રહે છે.

**<u>ઈલેકટ્રોનીક રેકર્ડસ અંગે:–</u>**

વધુમાં ઈલેકટ્રોનીક રેકર્ડસને પણ દસ્તાવેજી પુરાવા તરીકે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫(બી) માં આવરી લેવામાં આવેલ છે અને તે મુજબની શરતોનુ પાલન રજુ કરનાર પક્ષકારે કરવાનો હોય છે.

આ કામમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫(બી) રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

"65B. Admissibility of electronic records.—

(1) Notwithstanding anything contained in this Act, any information contained in an electronic record which is printed on a paper, stored, recorded or copied in optical or magnetic media produced by a computer (hereinafter referred to as the computer output) shall be deemed to be also a document, if the conditions mentioned in this section are satisfed in relation to the information and computer in question and shall be admissible in any proceedings, without further proof or production of the original, as evidence of any contents of the original or of any fact stated therein of which direct evidence would be admissible.

(2) The conditions referred to in sub-section (1) in respect of a computer output shall be the following, namely:—

(a) the computer output containing the information was produced by the computer during the period over which the computer was used regularly to store or process information for the purposes of any activities regularly carried on over that period by the person having lawful control over the use of the computer;

(b) during the said period, information of the kind contained in the electronic record or of the kind from which the information so contained is derived was regularly fed into the computer in the ordinary course of the said activities;

(c) throughout the material part of the said period, the computer was operating properly or, if not, then in respect of any period in which it was not operating properly or was out of operation during that part of the period, was not such as to afect the electronic record or the accuracy of its contents; and

(d) the information contained in the electronic record reproduces or is derived from such information fed into the computer in the ordinary course of the said activities.

(3) Where over any period, the function of storing or processing information for the purposes of any activities regularly carried on over that period as mentioned in clause (a) of sub-section (2) was regularly performed by computers, whether—

(a) by a combination of computers operating over that period; or

(b) by diferent computers operating in succession over that period; or

(c) by diferent combinations of computers operating in succession over that period; or

(d) in any other manner involving the successive operation over that period, in whatever order, of one or more computers and one or more combinations of computers, all the computers used for that purpose during that period shall be treated for the purposes of this section as constituting a single computer; and references in this section to a computer shall be construed accordingly.

(4) In any proceedings where it is desired to give a statement in evidence by virtue of this section, a certifcate doing any of the following things, that is to say—

(a) identifying the electronic record containing the statement and describing the manner in which it was produced;

(b) giving such particulars of any device involved in the production of that electronic record as may be appropriate for the purpose of showing that the electronic record was produced by a computer;

(c) dealing with any of the matters to which the conditions mentioned in sub-section (2) relate, and purporting to be signed by a person occupying a responsible ofcial position in relation to the operation of the relevant device or the management of the relevant activities (whichever is appropriate) shall be evidence of any matter stated in the certifcate; and for the purposes of this sub-section it shall be sufcient for a matter to be stated to the best of the knowledge and belief of the person stating it.

(5) For the purposes of this section,—

(a) information shall be taken to be supplied to a computer if it is supplied thereto in any appropriate form and whether it is so supplied directly or (with or without human intervention) by means of any appropriate equipment;

(b) whether in the course of activities carried on by any ofcial information is supplied with a view to its being stored or processed for the purposes of those activities by a computer operated otherwise than in the course of those activities, that information, if duly supplied to that computer, shall be taken to be supplied to it in the course of those activities;

(c) a computer output shall be taken to have been produced by a computer whether it was produced by it directly or (with or without human intervention) by means of any appropriate equipment.

Explanation.—For the purposes of this section any reference to information being derived from other information shall be a reference to its being derived therefrom by calculation, comparison or any other process.]"

આમ ઈલેકટ્રોનીક રેકર્ડ રજુ કરનારે ઉપરોકત કલમ –૬૫(બી) (૪) મુજબનુ સ ર્ટીફીકેટ અદાલતમાં રજુ કરવુ પડે છે અને આ સર્ટીફીકેટ રજુ થયેથી આવો ઈલકેટ્રોનીક રેકર્ડ એડમીશીબલ બને છે.

**૧૩.૨)** આ કામમાં કામચલાઉ આંક–૭૪ તડવી અનિલભાઇ સોમાભાઇના સી.ડી.આર. જે તપાસ કરનાર અમલદારે મેળવેલ તે તપાસ કરનાર અમલદારની જુબાનીમાં રીફર થતાં તેને કામચલાઉ આંક–૭૪ આપવામાં આવેલ છે. આ કામચલાઉ આંક–૭૪ એ ઇલેકટ્રોનીકસ રેકર્ડસ અંગે છે. આ કામમાં આજ સી.ડી.આર. અંગે મનીષભાઇ મંગળભાઇ પટેલને આંક–૮૫ થી ફરીયાદપક્ષે સાહેદ નં.૨૦ તરીકે તપાસેલા છે અને તેમના પુરાવાના પેરા–૪ માં નીચે મુજબની હકીકત આવે છે.

''આ રીતે ટોટલ ૧૦૨૧ નુ રેકર્ડસ અમે આપેલ છે અને આ રેકર્ડ અમારા સર્વરમાંથી અમદાવાદ ઓફીસમાં પ્રિન્ટઆઉટ લીધેલ છે અને તે જ રીતે નીશાની ૪/૩૦ થી સીમ નંબર ૮૮૪૯૩૦૭૬૬૫ નો ડેટા અમે આપેલ છે ડેટા અને ઉપરોકત નંબર માટે ટોટલ રેકર્ડસ ૨૮૧૦ છે અને આ અંગે અમોએ નીશાની ૪/૩૨ થી ભારતીય પુરાવાધારાની

કલમ ૬૫ (બી) મુજબનુ સર્ટી આપેલ છે તેમા કે.એસ.એન.સીંગે મારી હાજરીમાં સહી કરેલ હોવાથી તે ઓળખુ છુ નીશાની ૪/૨૮ અને નીશાની ૪/૩૦ ને અનુક્રમે પાકો **આંક ૮૭** અને **આંક ૮૮** આપવામાં આવે છે. ''

આમ, ઉપરોકત પેરા–૪ ની હકીકત અને તેની સાથે આંક–૮૭ ની હકીકત જોતાં અક–૮૭ માં જે હકીકત છે તેજ હકીકત કામચલાઉ આંક–૭૪ માં છે અને તે સંજોગોમાં કામચલાઉ આંક–૭૪ ને પાકો આંક ગણવામાં આવે છે.

**(૧૪) ગુન્હાવાળી જગ્યા અને તે જગ્યાએથી કબ્જે કરવામાં આવેલ પથ્થર તથા લોહીવાળી માટીનો નમુનો તથા કંટ્રોલ માટીના કબ્જે કર્યાના પંચનામા અંગે.**

**૧૪.૧)** કોઈપણ બનાવ બન્યો છે કે કેમ તે માટે કઈ જગ્યાએ બનાવ બન્યો છે તે ખુબજ મહત્વની હકીકત કોઈપણ કેસના સંદર્ભમાં રેકર્ડ ઉપર લાવવી જરુરી થઈ જાય છે કારણ કે આવા સ્થળથી બનાવ બનેલ છે કે કેમ તે એક બાબતે અદાલત સમક્ષ પુરાવો આવે છે અને જે તે જગ્યાની સ્થિતી ઉપરથી અદાલત તારણ કાઢી શકે છે કે જે જગ્યાનુ પંચનામુ કરવામાં આવ્યુ છે તે જગ્યા બનાવવાળી છે કે કેમ.

**૧૪.૨)** વધુમાં ગુનાવાળી જગ્યા જે કોઈપણ વ્યકિત જુવે અને જે હકીકત આ માણસ તેની ઈન્દ્રીયોથી આ સ્થળ ઉપરથી ગ્રાહય કરે તે તમામ વ્યકિત અદાલત સમક્ષ અનુભવેલી હકીકત સોગંદ ઉપર રજુ કરવા માટે સક્ષમ સાહેદ છે અને તેથી જ આવી હકીકત પંચો દવારા , પોલીસ અધિકારી દવારા કે સાહેદ દવારા કે બનાવ બાદ તરતજ સ્થળ ઉપર જનાર સાહેદો દવારા અને રેવન્યુ અધિકારી દવારા રેકર્ડ ઉપર

લાવવામાં આવતી હોય છે અને આ પરીપ્રેક્ષમાં અદાલતે આ જગ્યા બાબતે પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ હોય છે.

**૧૪.૩)** આ કામમાં તપાસ એજન્સીની થીયરી મુજબ પંચ મયંકકુમાર રાકેશભાઇ વાઘેલા અને પંચ ધર્મેન્દ્રભાઇ પ્રવીણભાઇ ભુરીયાની હાજરીમાં તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ કલાક ૧૩/૧૫ થી ૧૪/૧૫ સુધીના સમયમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે. ધર્મેન્દ્રભાઇ પ્રવિણભાઇ ભુરીયાને આંક-૧૯ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ પેરા નં.(૩) માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''ત્યારબાદ તા.૧૬/૯/૨૨ ના રોજ પોલીસે મને સ્થળ પર પંચમાં રહેવા માટે બોલાવેલ ત્યારે મારી સાથે બીજા પંચ મયંકભાઈ હતા ત્યાં પોલીસ તથા ગામના ઘણા બધા માણસો હાજર હતા ત્યાં ઘણા બધા માણસો હાજર હોય ચોકકસ કોણ કોણ હાજર હતુ તે કહી શકુ નહી.તે મકાઈના ખેતરમાં આવેલ હતી તે મકાઈ મોટી હતી ત્યાં આજુબાજુમાં ઘાસ હતુ તથા લોહી વાળો પથ્થર પડેલ હતો અને તે પથ્થર પોલીસે કબજે લીધેલ મને મુ.મા. પથ્થર બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ મને મુ.મા.આર્ટી નં. ૩ વાળો પથ્થર બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ તે જ પથ્થર છે જે ત્યાં પડેલ હતો અને પોલીસે અમારી હાજરીમાં કબજે લીધેલ . તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે તેમાં પંચ ૨ તરીકે મારી સહી છે અને પંચ ૧ તરીકે મયંકભાઈની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૪** આપવામાં આવે છે.ત્યાં આજુબાજુમાં લોહી વાળી માટી હતી તે તથા બીજી માટી પોલીસે અમારી રુબરુ કબજે કરેલ મને મુ.મા.આર્ટી નં ૧ જે સીલબંધ હાલતમાં

છે તે ખોલીને જોતા તેમાંથી લોહીવાળી માટી નીકળેલ છે તે મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ માટી છે જે પોલીસે બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલ તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે તેમાં પંચ ૨ તરીકે મારી સહી છે અને પંચ ૧ તરીકે મચંકભાઈની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૫** આપવામાં આવે છે.મને મુ.મા.આર્ટી નં ૨ જે સીલબંધ હાલતમાં છે તે ખોલીને જોતા તેમાંથી કંટ્રોલ માટી નીકળેલ છે તે મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ માટી છે જે પોલીસે બનાવવાળી જગ્યાએથી કબજે લીધેલ તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે તેમાં પંચ ૨ તરીકે મારી સહી છે અને પંચ ૧ તરીકે મચંકભાઈની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૬** આપવામાં આવે છે.તે જગ્યાની બાજુમાં નાનો રસ્તો(સેઢો/ પગદંડી રસ્તો) આવેલ છે અને બાજુમાં ખેતર આવેલ હતુ આ ઉપરાંત થોડેક દુર ગઢર અને રસ્તો આવેલ હતો. જે અંગેનુ પોલીસે વીગતવારનુ પંચનામુ તૈયાર કરેલ.મને નીશાની ૪/૧૧ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ ૨ તરીકે મારી તથા પંચ ૧ તરીકે મચંકભાઈની સહી હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૭** આપવામાં આવે છે.''

**૧૪.૪)** આ કામમાં આંક–૧૨ થી સાહેદ નિપમકુમાર બળદેવભાઈ પંચાલને ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે તપાસેલા છે અને તપાસ એજન્સીની થીયરી મુજબ જે જગ્યાએથી ગુજરનાર બાળકની લાશ મળી તે જગ્યા આ સાહેદના ખેતરમાં આવેલ

હતી એટલે કે તે ખેતરના માલિક આ નિપમકુમાર હતા અને તેઓએ પેરા–ર માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''સપ્ટેમ્બર ૨૦૨૨ માં મે મારી ઉપરોકત જમીનામાં મકાઈનુ વાવેતર કરેલ હતુ.તા.૧ ૫/૯/૨૨ ના રોજ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં મારા ઘરે હતો ત્યારે મને ગામના લોકો દ્વારા જાણવા મળેલ કે મારા ખેતરમાં કોઈ લાશ પડેલ છે.આથી હુ મારા ખેતરમાં ગયેલ અને મે મારા ગામના સરપંચ વીનોદભાઈ બામણીયાને ફોન કરેલ અને હુ લાશ પાસે ગયેલ તે લાશ નાના બાળકની હતી અને તે લાશ પાસે એક પથ્થર બે એક ફૂટના અંતરે પડેલ હતો તેના પર લોહીના સાધારણ ટપકા પણ હતા.તે લાશ કપડા પહેરેલ બાળકની હતી,તેના પર આશરે કેસરી કલરનુ ટીશર્ટ જેના પર વીવો લખેલ હતુ અને ચડ્ડી પહેરેલ હતી,ત્યારબાદ સરપંચે પોલીસને ફોન કરેલ અને અંબાલાલભાઈ અને બીજા બે ચાર જણા એવી વાતો કરતા હતા કે એક બાઈ કેડમાં નાનુ બાળક લઈને જતી હતી અને અડધો કલાક પછી એકલી પાછી નીકળેલ ત્યારબાદ પોલીસ ઘટના સ્થળે આવી ગયેલ.તે લોકોએ એવી પણ વાત કરેલ કે આ બાઈઓ ચણીયો અને ઓઢણી ઢાંકેલ હતી. ''

**૧૪.૫)** આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૧૬ થી સરલાબેન મુકેશભાઇ બામણીયાને તપાસેલા છે અને તપાસ એજન્સીની થીયરી મુજબ આ સાહેદે બનાવ સ્થળે આ લાશ જોયેલી છે આ સાહેદે પેરા (૨) માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

'' બનાવ આશરે ત્રણેક મહીના પહેલા બનેલ બનાવ દીવસે હુ અને મારા કાકી કમળાબેન ખેતરમાં ઘાસ (ખોળ) લેવા જતા હતા તે વખતે કલાલના ખેતરના શેઢે એક છોકરુ આશરે ૪ વર્ષનુ પડેલ જોયેલ આ ખેતરમાં મકાઈ અને તુવેર વાવેલ હતી.આથી અમે બંને ઘરે આવેલ અને ઘરે આવીને મારા દીયર કલ્પેશભાઈને આ છોકરુ પડેલાની હકીકત જણાવેલ પાછળથી જાણવા મળેલ કે આ છોકરુ મરી ગયેલ હતુ.ત્યારબાદ કલ્પેશભાઈને ગામવાળાને આ છોકરુ પડેલાનુ કહેલ.પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલ. ''

**૧૪.૬)** આ કામમાં આંક-૫૨ થી આ પંચનામું જે તપાસ અધિકારી રૂબરૂ થયેલ છે તે સાહેદને ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૭) તરીકે તપાસેલા છે અને તેઓએ પેરા-૭ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''ગુનાવાળી જગ્યા એટલે કે જે જગ્યાએ લાશ પડેલ તે જગ્યા નાની ભુગેડી ગામે ફરીયાદીના ખેતરમાં હતી તે જગ્યાનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલ આંક ૨૭ વાળુ પંચનામુ મને બતાવવામાં આવે છે તે મે પંચોની હાજરીમાં કરેલ તે જ છે તે જગ્યાએથી પથ્થર અને માટી કબજે કરેલ અને આ પથ્થર અને માટી મને બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. સ્થળ પર એફ.એસ.એલ. અધીકારી ને બોલાવેલ. મને આંક ૨૪ વાળી પંચસ્લીપ બતાવવામાં આવે છે તે મુ.મા.આર્ટી નં. ૩ પથ્થર કબજે કરેલ તે વખતે મુકવામાં આવેલ તે જ છે. મને આંક ૨૫ વાળી પંચસ્લીપ બતાવવામાં આવે છે તે મુ.મા.આર્ટી નં.૧ લોહીવાળી માટી કબજે કરેલ તે વખતે મુકવામાં આવેલ તે જ છે. મને આંક ૨૬ વાળી પંચસ્લીપ બતાવવામાં

આવે છે તે મુ.મા.આર્ટી નં. ૨ કંટ્રોલ માટી કબજે કરેલ તે વખતે મુકવામાં આવેલ તે જ છે.''

**૧૪.૭)** વધુમાં આ કામમાં આંક–૮૨ થી અર્જુનભાઈ નાનજીભાઈ રાઠવા સાયન્ટીફીક ઓફીસરને સાહેદ નં.(૧૯) તરીકે આંક–૮૨ થી તપાસેલા છે અને તેઓએ પેરા–૨, ૩ અને ૪ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''૨. હુ મોબા.ઈન્વે.વાન મારફતે સંતરામપુર પો.સ્ટે.ના ગુ.ર.નં.કામે બનાવ સ્થળની મુલાકાત માટે નાની ભુગેડી ગામે ગયેલ.આ ખેતર નીપમકુમાર બળદેવભાઈ પંચાલનાઓનુ ખેતર હતુ અને આ ખેતરે મને ત.ક.અમ.લઈ ગયેલ.

૩. અમોને આણંદ કંટ્રોલથી તા.૧૫/૯/૨૨ ના કલાક ૨૧:૧૫ વાગે મેસેજ મળેલ અને હુ તા.૧૬/૦૯/૨૨ ના રોજ કલાક ૧૩:૧૫ થી ૧૪:૧૫ ના સમયે ત્યાં ગયેલ અને ત્યાં જઈને જોયુ તો તે મકાઈનુ ખેતર હતુ ત્યાં એક પથ્થર હતો જેના પર રતાશ પડતા ડાઘા હતા તેમજ પથ્થરથી થોડે દુર માટી ઘાસમાં રતાશ પડતુ ઘબ્બો હતુ અને આ ખેતરમાં તુવેરનો પાક પણ હતો અને ત્યાં છૂટુ છવાયુ નાનુ ઘાસ પણ હતુ અને પથ્થર અને જમીન પર જે રતાશ પડતા ડાઘા હતા તેની બ્લડ અંગેની પ્રાથમીક કસોટી કરતા પરીણામ સકારાત્મક એટલે કે લોહી હોવાનુ માલુમ પડેલ.

૪. ત્યારબાદ આ કસોટીમાં રતાશ પડતા ઘબ્બા તથા પથ્થર પરના રતાશ પડતા ડાઘાના ટેસ્ટ માટે તેના પરથી ટેસ્ટ પેપર પર થોડો નમુનો લઈ જેના પર પ્રથમ બેન્જીડીનના બે ટીપા ઉપર નાખેલ અને ત્યારબાદ હાઈડ્રોજન પેરોકસાઈડના બે ટીપા નાખતા બ્લ્યુ કલર મળેલ હતો જે રુધીરની હાજરી જણાઈ હતી. આ બંને પથ્થર

અને રતાશ વાળી જમીન પરની માટીના નમુના તેમજ કંટ્રોલ માટી લેવા માટે ત.ક.અમ.ને જણાવેલ. ''

ઉપરોકત તમામ સાહેદોએ જે હકીકત ગુનાવાળી જગ્યા અંગે સરતપાસમાં જણાવી છે તેનું કોઇ ખંડન ઉલટતપાસમાં થઇ શકેલ નથી.

**૧૪.૮)** સરલાબેને આંક-૧૬ ના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, જે દિવસે લાશ જોયેલ તે દિવસે તેઓ કલાલના ખેતરના શેઢે એક છોકરો ચાર વર્ષનો પડે જોયેલ અને ત્યાં મકાઇ અને તુવેર વાવેલી હતી.

**૧૪.૯)** સાહેદ નં. (૨) નાએ આંક-૧૨ થી સ્પષ્ટ જણાવેલ છે કે, તેમના ખેતરમાં મકાઇનું વાવેતર હતુ અને તેમના ખેતરમાં તેઓએ બાળકની લાશ જોયેલી.

**૧૪.૧૦)** તેજ રીતે તપાસ કરનાર અમલદારે સાહેદ નં.૧૭ તરીકે આંક-૫૨ માં એ હકીકત જણાવેલ છે કે, લાશ વાળી જગ્યા નાની ભુગેડી ગામે ફરીયાદીના ખેતરમાં હતી અને તે જગ્યાનું પંચનામું આંક-૨૭ મુજબનું પંચોની હાજરીમાં કરેલ છે અને જેમની હાજરીમાં આ ગુનાવાળી જગ્યાનું પંચનામું થયેલ છે તે ધર્મેન્દ્રભાઇએ ફરીયાદપક્ષના સાહેદ નં.(૮) તરીકે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ગુનાવાળી જગ્યા મકાઇના ખેતરમાં આવેલ હતી.

**૧૪.૧૧)** આંક-૨૭ થી જે પંચનામું રજુ થયેલ છે તેમાં આ જગ્યા ફરીયાદી નિપમભાઇએ એટલે કે સાહેદ નં.(૨) નાએ બતાવેલી અને તે જગ્યા મકાઇ અને તુવેર વાવેલુ હતુ તે ખેતરવાળી હતી.

**૧૪.૧૨)** વધુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચો રૂબરૂ થતું હોય છે અને તે સ્થળે જે વ્યકિત હાજર હોય અને જે વ્યકિતએ આ જગ્યા જાતે જોઇ હોય તે તમામ સાહેદોનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડે છે અને તે સંજોગોમાં ફરીયાદી, સરલાબેન અને પંચ ધર્મેન્દ્રભાઇ અને તેની સાથે તપાસ કરનાર અમલદારનો આંક–પ૨ નો પુરાવો લક્ષમાં લેતાં આ બનાવવાળી જગ્યા ફરીયાદી એટલે કે સાહેદ નં.(૨) ના ખેતરની જગ્યા હતી અને ત્યાં બનાવ સ્થળે તુવેર અને મકાઇનો પાક હતો અને ઉપરોકત સાહેદોના પુરાવાથી એ હકીકત પણ પુરવાર થાય છે કે, ત્યાંથી મુદ્દામાલ આર્ટીકલ પથ્થર અને લોહીવાળી માટી અને કંટ્રોલ માટી કબ્જે કરવામાં આવેલ છે.

**(૧૫) ઇન્કવેષ્ટ પંચનામા અંગે.**

**૧૫.૧)** આ કામમાં બાળકનું મૃત્યુ થયેલ છે અને તે અંગે મરણોત્તર પંચનામું તપાસ એજન્સી દ્વારા કરાવવામાં આવેલ છે અને આ પંચનામાના પણ પંચ ધર્મેન્દ્રભાઇ પ્રવિણભાઇ અને મયંકભાઇ રાકેશભાઇ વાઘેલા છે અને આ પંચનામું તપાસ કરનાર અમલદાર એમ.બી.મછાર રૂબરૂ કરવામાં આવેલ છે.

**૧૫.૨)** સાહેદ ધર્મેન્દ્રભાઇએ સાહેદ નં.(૮) તરીકે આંક–૧૯ ના પેરા–૦૧ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''તા.૧૬/૯/૨૨ ના રોજ મને પંચમાં રહેવા માટે સ્ટેટ હોસ્પીટલ સંતરામપુર ખાતે પોલીસે બોલાવેલ ત્યાં એક નાનો છોકરો મરણ પામેલ હાલતમાં હતો અને તેને માથાના ભાગમા વાગેલ હતુ.તેના પગ થોડા વાંકા અને સીધી

હાલતમાં સુવડાવેલ હતુ. જે અંગેનુ પોલીસે વીગતવારનુ પંચનામુ તૈયાર કરેલ અને ત્યારબાદ મારી સહી લીધેલ તે વખતે મારી સાથે બીજા પંચ મયંકભાઈ હાજર હતા અને તેમણે પણ મારી સાથે સહી કરેલ મને નીશાની ૪/૪ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ ૧ તરીકે મારી તથા પંચ ૨ તરીકે મયંકભાઈની સહી હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૦** આપવામાં આવે છે.''

**૧૫.૩)** તેજ રીતે આંક–પર થી તપાસ કરનાર અમલદાર એમ.બી.મછારે પેરા–૦૪ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''ફરીયાદ મુજબ ત્રણ થી ચાર વર્ષના છોકરાની લાશ મળેલ હતી અને તે લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોના માણસો બોલાવી પંચોના લખાવ્યા મુજબ મારી રુબરુ કરેલ મને આંક ૨૦ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ મને બતાવવામાં આવે છે તેમાં રુબરુ તરીકે મારી તથા પંચોએ મારી હાજરીમાં સહીઓ કરેલ હોવાથી તમામ સહીઓ ઓળખુ છુ.મને નીશાની ૪/૩ વાળી યાદી બતાવવામાં આવે છે તે ઈન્કવેસ્ટ પંચનામા બાબતે એકઝી.મેજી.ને કરેલ યાદી છે તેમાં મારી સહી છે જેને રજુ દાખલ **આંક ૫૩** આપવામાં આવે છે. મને નીશાની ૪/૫ વાળો પોલીસ રીપોર્ટ બતાવવામાં આવે છે તે મે કરેલ છે તે જ જેમાં મારી સહી છે જેને રજુ દાખલ **આંક ૫૪** આપવામાં આવે છે. ''

આરોપીઓ તરફે ઉપરોકત બંને સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉપરોકત સાહેદોએ જે હકીકત સરતપાસમાં જણાવેલી છે તેનું કોઇ ખંડન ઉલટતપાસમાં થઇ શકેલ નથી.

**૧૫.૪)** વધુમાં ફરીયાદી નિપમભાઈએ પણ સાહેદ નં.(૨) તરીકે આંક–૧૨ના પુરાવાથી એ હકીકત જણાવેલ છે કે, તેઓએ તેમના ખેતરમાં નાના બાળકની લાશ તેઓએ જોયેલ છે. આમ, એ હકીકત પુરવાર થાય છે કે, ત્રણ થી ચાર વર્ષના અજાણ્યા બાળક એટલે કે જેની ઓળખ થયેલ ન હતી તે બાળકનું મરણોત્તર પંચનામું આંક–૨૦ માં જણાવ્યા મુજબ પંચ ધર્મેન્દ્રભાઈ પ્રવિણભાઈ અને પંચ મયંકભાઈ રાકેશભઈા વાઘેલાની હાજરીમાં કરવામાં આવેલ છે.

**(૧૬) બાળકની લાશ ઉપરના કપડાં કબ્જે કર્યાના પંચનામા અંગે.**

**૧૬.૧)** તપાસ એજન્સીની થીયરી મુજબ બાળકની લાશ ઉપરથી જે કપડાં કબ્જે કરેલ તે કપડા પંચ ધર્મેન્દ્રભાઈ પ્રવિણભાઈ ભુરીયા અને મયંકભાઈ રાકેશભાઈ વાઘેલાની હાજરીમાં કબ્જે કરેલ જેમાં હળદરીયા કલરનો શર્ટ અને સફેદ કાળા કલરનો ચડ્ડો કબ્જે કરવામાં આવેલ છે. આ અંગે પંચ ધર્મેન્દ્રભાઈએ પેરા–૨ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''તા.૧૬/૯/૨૨ ના રોજ મને સંતરામપુર પોલીસ સ્ટે.માં બોલાવેલ તે વખતે મારી સાથે બીજા પંચ મયંકભાઈ હતા ત્યાં એક ટીશર્ટ અને ચડ્ડી અમને બતાવેલ અને ત્યારબાદ તેને પેકીંગ કરી કબજે લીધેલ મને મુ.મા ટીશર્ટ અને ચડ્ડી બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ મને મુ.મા.આર્ટી નં.૪ વાળી ટીશર્ટ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ તે જ ટીશર્ટ છે જે પોલીસે અમને બતાવીને કબજે લીધેલ તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે તેમાં પંચ ૨ તરીકે મારી તથા પંચ ૧

તરીકે મચંકભાઈની  સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૧** આપવામાં આવે છે.  મને મુ.મા.આર્ટી નં.૫ વાળી ચડ્ડી બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ તે જ ચડ્ડી છે જે પોલીસે અમને બતાવીને કબજે લીધેલ તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે તેમાં પંચ ૨ તરીકે મારી તથા પંચ ૧ તરીકે મચંકભાઈની  સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૨** આપવામાં આવે છે.જે અંગેનુ  પોલીસે વીગતવારનુ પંચનામુ તૈયાર કરેલ.મને નીશાની ૪/૧૦ વાળુ કપડા કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ ૧ તરીકે મારી તથા પંચ ૨ તરીકે મચંકભાઈની સહી હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૩** આપવામાં આવે છે.''

**૧૬.૨)** આ કામમાં પી.એમ. કરનાર તબીબ ડો.ગીતાબેન તાવિયાડને સાહેદ નં.(૧) તરીકે આંક–૦૮ થી તપાસેલા છે અને તેઓએ તેમની સરતપાસના પેરા–૩ માં એવી હકીકત જણાવેલ છે કે, શબનું બાહય પરીક્ષણ કરતા આ શબ ત્રણ થી ચાર વર્ષના હિન્દુ બાળકનું હતુ, તેના શરીરે પીળા કલરની ડીઝાઇન વાળો શર્ટ અને વાદળી કલરની ચડ્ડી પહેરેલ હતી, આ શબના કપડા પર લોહીના ડાઘા જોવા મળેલ.

**૧૬.૩)** આરોપીઓ તરફે થયેલ આ તબીબની ઉલટતપાસ જોવામાં આવે તો આ બાળકે પીળા કલરનું શર્ટ કે ચડ્ડી બ્લયુ અને વાદળી કલરની પહેરેલ ન હતી તે અંગે એક પણ સવાલ આરોપીઓ તરફે પુછવામાં આવેલ નથી.

**૧૬.૪)** આ કામમાં પંચ ધર્મેન્દ્રભાઈએ આંક–૧૯ ના પુરાવાના પેરા–ર માં નીચે મુજબનો પુરાવો આપેલ છે.

''તા.૧૬/૯/૨૨ ના રોજ મને સંતરામપુર પોલીસ સ્ટે.માં બોલાવેલ તે વખતે મારી સાથે બીજા પંચ મયંકભાઈ હતા ત્યાં એક ટીશર્ટ અને ચડ્ડી અમને બતાવેલ અને ત્યારબાદ તેને પેકીંગ કરી કબજે લીધેલ મને મુ.મા ટીશર્ટ અને ચડ્ડી બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ મને મુ.મા.આર્ટી નં.૪ વાળી ટીશર્ટ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ તે જ ટીશર્ટ છે જે પોલીસે અમને બતાવીને કબજે લીધેલ તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે તેમાં પંચ ૨ તરીકે મારી તથા પંચ ૧ તરીકે મયંકભાઈની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૧** આપવામાં આવે છે. મને મુ.મા.આર્ટી નં.૫ વાળી ચડ્ડી બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ તે જ ચડ્ડી છે જે પોલીસે અમને બતાવીને કબજે લીધેલ તેમાંથી એક પંચ સ્લીપ નીકળેલ છે તેમાં પંચ ૨ તરીકે મારી તથા પંચ ૧ તરીકે મયંકભાઈની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૨** આપવામાં આવે છે.જે અંગેનુ પોલીસે વીગતવારનુ પંચનામુ તૈયાર કરેલ.મને નીશાની ૪/૧૦ વાળુ કપડા કબજે કર્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ ૧ તરીકે મારી તથા પંચ ૨ તરીકે મયંકભાઈની સહી હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૨૩** આપવામાં આવે છે.''

**૧૬.૫)** વધુમાં, આંક–૭૬ ના પુરાવાનું એફ.એસ.એલ. અધિકારી જલ્પાબેને પેરા–૧૬ ના સબ પેરામાં એવી હકીકત જણાવેલ છે કે, '' મુ.મા આર્ટી.નં.૩ પથ્થર

મેં પરીક્ષણ કરેલ તે નમુના વાળો જ છે. મુ.મા. આર્ટી.નં.૪ બતાવવામાં આવે છે તેમાંથી નીકળેલ સ્લીપમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક ૮૦ આપવામાં આવે છે અને આ શર્ટ અંગે મેં પરીક્ષણ કરેલ તેજ છે. મુ.મા.આર્ટી નં.પ બતાવવામાં આવે છે તેમાંથી નીકળેલ સ્લીપમાં મારી સહી છે જેને રજુ દાખલ આંક ૮૧ આપવામાં આવે છે અને આ ચડ્ડા અંગે મેં પરીક્ષણ કરેલ તે જ છે મુ.મા. આર્ટી નં.૬ બતાવવામાં આવે છે અને આ ગાઉન અંગે મે પરીક્ષણ કરેલ તે જ છે. '' વધુમાં રવાનગી પત્રક જે આંક–૬૧ થી રજુ છે તેમાં મુદ્દામાલ આર્ટીકલ નં.૪ અંગે એવો ઉલ્લેખ છે કે, મિલ્કતનું નામ: એક શર્ટ, મિલ્કતનું વર્ણન એ શર્ટ હળદરીયા કલરનો જેની અંદર કાળા કલરની ફુલભાત ડીઝાઇન છે જે શર્ટ પર લોહી ખરડાઇ જઇ શુકાઇ ગયેલ છે. તેમાં મુદ્દામાલ આર્ટીકલ નં.પ અંગે એવો ઉલ્લેખ છે કે, મિલ્કતનું નામ: એક ચડ્ડો, મિલ્કતું વર્ણન : એક ચડ્ડો સફેદ કાળા કલરનો જેની ઉપર લોહી ખરડાઇ જઇ શુકાઇ ગયેલ છે.

**૧૬.૬)** આ કામમાં પંચ ધર્મેન્દ્રભાઇએ આંક–૧૯ ના પુરાવામાં મુદ્દામાલ આર્ટીકલ નં.૪ તરીકે ટીશર્ટ કબ્જે કરેલું તેવુ સોગંદ પર જણાવેલ છે અને ત્યારબાદ મુદ્દામાલ આર્ટીકલ નં.૪ આ સાહેદ એટલે કે પંચને બતાવ્યા બાદ પણ સાહેદે તેને ટીશર્ટ તરીકે ઓળખી બતાવેલ છે અને તે સંજોગોમાં સાહેદના કહેવાથી શર્ટ ટીશર્ટમાં ફેરવાઇ જતો નથી પરંતુ મહત્વની હકીકત એ છે કે, કે જે મટીરીયલ આર્ટીકલ એટલે કે શર્ટ જે લાશ ઉપરથી કબ્જે કરેલ તેજ છે કે કેમ? તે બાબતે આ પંચે સ્પષ્ટપણે જણાવેલ છે કે,

મુદ્દામાલ આર્ટીકલ નં.૪ વાળો જ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલો છે અને તે કબ્જે કર્યા અંગે પંચસ્લીપો ઉપર પણ પંચની સહી છે તે ઓળખી બતાવેલ છે.

**૧૬.૭)** આ કામમાં તબીબે પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે, પીળા કલરની ડીઝાઇન વાળી ટીશર્ટ અને વાદળી અને કાળા કલરની ચડ્ડી પહેરેલ હતી. જોકે તબીબને આ કપડાં બતાવવામાં આવેલ નથી પરંતુ પી.એમ. રીપોર્ટમાં તબીબે સ્પષ્ટપણે Yellow; printed shirt, Chadi: Blue and Black colour. આમ, સ્લીપ ઓફ ટંગથી જુબાનીમાં ટી શર્ટ લખાઇ ગયાની હકીકત માનવાનું કારણ રહે છે અને યોગ્ય મુલ્યાંકન થઇ શકે તે માટે મુદ્દામાલ આર્ટીકલ નં.૫ જોતાં તેના ઉપર વાદળી કલર પણ આવે છે તે સંજોગોમાં આ આંક–૨૩ માં જણાવેલ કપડાં જ એટલે કે મુદ્દામાલ આર્ટીકલ નં.૪ વાળો શર્ટ અને મુદ્દામાલ આર્ટીકલ નં.૫ વાળી ચડ્ડી તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે અને તેજ શર્ટ અને ચડ્ડી એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે અને આજ મુદ્દામાલ આર્ટીકલ નં.૪ અને ૫ નું પૃથ્થકરણ થયેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર પુરવાર થાય છે.

**(૧૭) ગુજરનાર બાળક કે જેની ઓળખ અજાણ્યા બાળક તરીકે થયેલી તે કોણ હતુ?**

**૧૭.૧)** આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં.(૧૭) એટલે કે, તપાસ કરનાર અમલદારે આંક–૫૨ ના પુરાવાના પેરા–૬ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

'' લાશની ઓળખ અંગેનુ પંચનામુ બે પંચો રુબરુ કરેલ અને આ લાશ રામસીંગભાઈ મનસુખભાઈએ ઓળખી બતાવેલ તે પંચનામુ નીશાની ૪/૯ વાળુ મને બતાવવામાં આવે છે તેમાં રુબરુ તરીકે મારી સહી છે અને પંચોએ મારી રુબરુ સહી કરેલ હોવાથી તેની સહી હુ ઓળખુ છુ જેને રજુ દાખલ **આંક ૫૬** આપવામાં આવે છે. ''

**૧૭.૨)** આ કામમાં આંક–૫૬ થી પંચનામું રજુ થયેલ છે અને તેમાં રામસીંગભાઇ મનસુખભાઇએ તથા બીજા ઇસમ ગીરીશભાઇ રામસીંગભાઇએ આ ગુજરનાર બાળક આરોપી સવિતાબેનનો પુત્ર પ્રિન્સ હતો તે રીતની ઓળખાણ આપેલી તે અંગેનું પંચનામું છે.

**૧૭.૩)** આ કામમાં આ આરોપી સવિતાબેનના પતિ અને બાળકના પિતા અનિલભાઈ સોમાભાઇ તડવીને આંક–૧૪ થી તપાસેલા છે અને તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં એવું જણાવેલ છે કે, સવિતાબેનના લગ્નજીવનથી બે બાળકોનો જન્મ થયેલ જેમાં મોટું બાળક પીયુષ અને બીજું બાળક પ્રિન્સ કે જેની હત્યા થયેલ છે તે છે. વધુમાં આ સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, '' બનાવ તા.૧ ૫ ના રોજ બનેલ તેનો મહીનો મને યાદ નથી બનાવ આશરે ત્રણ ચાર મહીના પહેલા બનેલ.બનાવના બીજા દીવસે તા.૧૬ મી એ સંતરામપુરથી પી.આઈ.સાહેબનો ફોન આવેલ અને કહેલ કે છોકરાનુ મર્ડર થઈ ગયેલ છે આથી સંતરામપુર તમને બોલાવેલ છે અને બનાવ ભુગેડી ગામમાં બનેલ છે. મને મારા દીકરાની લાશનો ફોટો ડ્રાયવર રમેશભાઈએ બતાવેલ તે ફોટો જોઈને મે કહેલ કે આ મારો દીકરો છે આથી અમે

સંતરામપુર પો.સ્ટે.માં આવેલ મારા દીકરાની લાશ મે સંતરામપુર દવાખાનામાં જોયેલ ત્યારબાદ મારા દીકરાની લાશને હુ મારા ઘરે લઈ ગયેલ અને તેની દફનવીધી કરેલ.''

**૧૭.૪)** આ કામમાં આંક–૧૮ થી આરોપી સવિતાબેનના પતિના કુટુંબી દિલીપભાઇ બચુભાઇ તડવીને ફરીયાદપક્ષે સાહેદ નં.(૭) તરીકે તપાસેલા છે અને તેઓએ પણ આ અનિલભાઇ અને આરોપી સવિતાબેનના બાળક પ્રિન્સના મૃત્યુના સમાચાર સંતરામપુર પોલીસ સ્ટેશન દ્ધારા જાણેલા તેવી હકીકત જણાવેલી છે. વધુમાં પુરાવામાં એવી હકીકત આવે છે કે, '' એ વાત ખરી છે કે, તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ અમારા ગામ નજીકના એક ભાઇ રમેશભાઈ નાઓએ અમને મોબાઈલમાં ફોટો બતાવી પુછતાં હતા કે, આ તમારા ઘરના છોકરાનો ફોટો છે તો મેં કહેલ કે 'હા' આ તો અનિલનો નાનો છોકરો પ્રિન્સ છે. એ વાત ખરી છે કે, ત્યારબાદ અમો સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ગયેલા. એ વાત ખરી છે કે, ત્યાં ગયા પછી અમને ખબર પડેલ કે, ભુગેડી ગામના નિપમભાઇ નામના વ્યકિતના મકાઇ તુવેરની વાવણીવાળા ખેતરમાં નાની ભુગેડી ગામના સરલાબેન અને કમલાબેન ઘાસ લેવા માટે જતા તે દરમ્યાન મરણજનાર બાળકને જોયેલ હતુ. પ્રિન્સને પથ્થર મારીને મારી નાખેલ હોવાની જાણ થયેલ પરંતુ કોણે અને શા માટે મારી નાંખ્યુ તેની જાણ નથી. ''

**૧૭.૫)** વધુમાં તપાસ કરનાર અમલદારને આરોપી તરફે ઉલટતપાસમાં પેરા–૪૩ માં જે સવાલો કરેલા છે તેનાથી જે હકીકત બહાર આવે છે જેમાં આરોપી નં.૧ તરફે

એવો કેસ મુકવામાં આવેલ છે કે, આરોપી નં.૧ ખેતરે ગયેલા ત્યારે આરોપી નં.૧ ના પિતાના ઘરેથી આ બાળકને કોઇ અજાણી વ્યકિત ઉપાડી ગયેલ.

**૧૭.૬)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો લક્ષમાં લેતાં એ હકીકત સાબિત થાય છે કે, શરૂઆતમાં જે બાળકની લાશ મળેલ અને જે શરૂઆતમાં અજાણ્યા બાળક તરીકે ઓળખાયેલ તે બાળક અનિલભાઈ અને આરોપી નં.૧ સવિતાબેનનો પુત્ર પ્રિન્સ હતો તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

**(૧૮) ગુજરનાર(એટલે કે બાળક પ્રિન્સ)નુ મૃતયુ કુદરતી કે આત્મહત્યાથી નથી?**

**૧૮.૧)** આ કામમાં ગુજરનારનુ શબ એટલે કે, CORPUSDILICTI મળી આવેલ છે, અને જયારે શબ મળી આવે ત્યારે પી.એમ. થતુ હોય છે અને તબીબી વિજ્ઞાનનો વિકાસ થયો છે તેના આધારે શબની સ્થિતી, પી.એમ.લીવીડીટી, રાઈગર મોર્ટીસ, ટાઈમ સીન્સ ડેથ વિગેરેથી કયારે મૃત્યુ થયુ છે તે તથા શરીર ઉપરની ઈજાઓથી તે ઈજાઓ મૃત્યુ પહેલાની હતી કે પછીની હતી તથા ઈજાનો પ્રકાર કેવો હતો તથા ઈજા કયા હથિયારથી થઈ શકે તેવી હતી વિગેરે બાબતો સાબીત કરવામાં આવો તબીબી પુરાવો મહત્વનો બની જાય છે અને મૃત્યુ અનેક પ્રકારે થાય જેમાં કુદરતી રીતે પણ થાય છે, વધ એટલે કે માનવી દવારા માનવીની હત્યા કરવી. નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે સુખદેવ વિ. રાજયના કેસમાં હોમીસાઈડ માનવ વધ માટે એવુ ઠરાવ્યુ છે કે, જયારે માનવી માનવીનુ મૃત્યુ નીપજાવે તેને મનુષ્યવધ કહેવાય.

**૧૮.૨)** વૈજ્ઞાનીક ભાષામાં મૃત્યુનો અર્થ એટલે કાયમી રીતે હદય, મગજ અને શ્વાસોશ્વાસની પ્રક્રિયાનુ કાયમીરીતે બંધ પડવુ.

**૧૮.૩)** આ કામમાં આ બાળકનું મૃત્યુ કયા કારણે થયેલુ તે માટે તે અંગેના નિષ્ણાંત એટલે કે તબીબ કે જેઓઓ આ બાળકનું પી.એમ. કરેલ છે તે તબીબ કે જે ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબ નિષ્ણાંત છે અને તેમનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ મુજબ સીધો પુરાવો બને છે તેઓને આંક–૦૮ થી સાહેદ નં.૧ તરીકે તપાસેલા છે અને તેઓએ તેમના પુરાવાના પેરા–૩ થી ૯ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''૩.શબનુ બાહ્ય પરીક્ષણ કરતા આ શબ ત્રણ થી ચાર વર્ષના હીન્દુ બાળકનુ હતુ, તેના શરીરે પીળા કલરની ડીઝાઈન વાળી ટીશર્ટ અને વાદળી અને કાળા કલરની ચડ્ડી પહેરેલ હતી,આ શબના કપડા પર લોહીના ડાઘા જોવા મળેલ,શબનો બાંધો મધ્યમ અને શરીર ઠંડુ હતુ,શરીર અકડાઈ જવાની પ્રક્રિયા પૂર્ણ થવાના આરે હતી, પી.એમ. લીવીડીટી શરીરનો જે ભાગ જમીનને અડકેલ હતો ત્યાં જોવા મળેલ,શબનો દેખાવ જોતા આંખ અર્ધ ખુલ્લી,નાક અને મોંમા કીડા જોવા મળેલ,કાનમાંથી કોઈ પ્ર વાહી નીકળતુ ન હતુ,જીભ મોંના અંદરના ભાગે તથા દાંત સંપૂર્ણ હતા,મોંઢા પર નાક પર અને કપડા પર લોહીના ડાઘા હતા, બાહ્ય જનેન્દ્રીય સામાન્ય હતી.

૪.શબ પર નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ.

૧.એક કપાયેલ છુંદાયેલ ૫×૧.૫ સે.મી.ના માપનો ઘા કપાળની ડાબી બાજુથી મધ્ય ભાગ તરફ જતો અને હાડકા સુધીનો ઉંડો હતો.

૨.એક કપાયેલ છુંદાયેલ ૪×૦.૫ સે.મીના માપનો ઘા માથાના મધ્યભાગમાં ખોપરીના ભાગે હાકડા સુધી ઉંડો હતો.

૫.બાહય તપાસથી માથાના ઓકસીપીટલ ભાગે ડાબેથી મધ્ય ભાગ તરફ જતુ ફ્રેકચર જોવા મળેલ આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી.

૬.શબની આંતરીક તપાસ કરતા માથા પર કોલમ નં.૧૭ માં જણાવ્યા પ્રમાણેની ઈજાઓ ને સુસંગત ખોપરીના ઉપરના તથા નીચેના ભાગે જોવા મળેલ,ઓકસીપીટલ હાડકામાં ડાબી બાજુ દબાયેલ ફ્રેકચર જોવા મળેલ,મગજની તપાસ કરતા મગજ કંજેસ્ટેડ હતુ અને ઉપર મુજબની ઈજા મગજના અંદર સુધી થયેલ હતી અને ખોપરીના હાડકા મગજના અંદરના ભાગ સુધી દબાઈ ગયેલ હતા.

૭.છાતીની રચના જોતા દીવાલ,પાંસળીઓ મૃદુ હાડકા,ફેફસાના પડદા,કંઠેન્દ્રીય ,શ્વાસનળી અને કલોમ,જમણુ ફેફસુ અને ડાબુ ફેફસુ,હદયનુ આવરણ,હદય,મોટી રકત વાહીનીઓ,પેટ ની દીવાલ,અન્નળી,ચકૃત અને પિત્તાશય,અન્નાશય અને અધીવૃકો,બરોળ,મૂત્રપીંડો અને જનેન્દ્રીયો તેમજ કરોડ અને કરોડરજજુ સામાન્ય હતા.પેટની અંદરના તમામ અવયવો સંપૂર્ણ હતા,હોજરી ખોલીને જોતા અર્ધપાચ્ય ખોરાકની હાજરી જોવા મળેલ,નાનુ આંતરડુ ખોલીને જોતા તેમાં પચેલા ખોરાકની હાજરી તેમજ ગેસ જોવા મળેલ,મોટુ આંતરડુ ખોલીને જોતા મળ અને ગેસ ની હાજરી જોવા મળેલ,પેશાબની કોથળી ખાલી હતી.

૮.મરણજનારે ત્રણ થી ચાર કલાક પહેલા ખોરાક લીધેલ હશે તેવુ અમારુ માનવુ છે.

૯.અમારા મતે મૃત્યુનુ કારણ માથામા થયેલ ઈજાના કારણે કાર્ડીયોરેસ્પીરેટરી એરેસ્ટના કારણે ન્યુરોજેનીક શોકના કારણે થયેલ હતુ.''

**૧૮.૪)** ઉપરોકત પુરાવા અંગે બંને આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ આ મૃત્યુ માથામાં થયેલ ઈજાના કારણે થયેલ નથી તે રીતનુ કોઈ ખંડન બંને આરોપીઓ તરફે થઈ શકેલ નથી. પી.એમ. નોટ જે આંક–૧૦ થી રજુ છે તેમાં પણ જે આંતરિક તપાસની કોલમ ૧૯ માથા અંગે છે તેમાં સ્પષ્ટપણે ખોપરીના ઉપરનો ભાગ અને નીચેના ભાગમાં અસ્થિભંગ દર્શાવેલ છે અને આ માથા અને ખોપરી અંગે નીચે મુજબની હકીકતી પી.એમ.નોટની કોલમ નં.૧૯ માં દર્શાવેલી છે.

''As per colomn NO 17

Fracture depress fracture seen on occipital Bones (left side)

Brain matter congested And Blood found in Crainal Cavity.

આમ, તબીબી પુરાવો લક્ષમાં લેતાં ખોપરીના પાછળના ભાગે ડીપ્રેસ્ડ ફ્રેકચરની ઈજા જોવા મળેલ છે તથા ક્રેનીચલ કેવીટી લોહી જોવા મળેલ છે તથા બ્રેઈન મેટર કંજસ્ટેડ જોવા મળેલ છે અને મૃત્યુના કારણમાં તબીબે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''Cause of death is Cardio–Respiratory arrest due to Neurogenic shock due to Head Injury.''

**૧૮.૫)** આ કામમાં આંક–૨૦ થી મરણોત્તર પંચનામું છે તેમાં પણ માથાના પાછળના ભાગે ઈજા જણાઈ આવેલ છે તેવી હકીકત જણાવેલ છે.

આમ, સમગ્ર પુરાવો જોતાં અને ખાસ કરીને તબીબી પુરાવો જોતાં એ હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે કે, બાળક પ્રિન્સનો વધ કરવામાં આવેલ છે અને બાળક પ્રિન્સનું મૃત્યુ આત્મહત્યાથી કે કુદરતી કારણથી થયેલ નથી.

**(૧૯) આરોપી નં.૧ ની સંડોવણી અંગે.**

**૧૯.૧)** આ કામમાં આરોપી નં.૧ ની સંડોવણી અંગે ફરીયાદપક્ષે સાંયોગિક પુરાવા ઉપર આધાર રાખેલ છે અને તેમાં ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ આ બાળકનો વધ થયો ત્યારે તે બાળકનો કબ્જો તેની માતા એટલે કે, આરોપી નં.૧ પાસે હતો અને આ બાળકને લઈ બનાવ સ્થળે જતાં સાહેદોએ આ આરોપી નં.૧ ને જોયેલાં છે અને વળતાં આરોપી નં.૧ પરત આવ્યા ત્યારે આ બાળક તેમની પાસે ન હતું ત્યારબાદ ગુનાવાળી જગ્યાએથી બાળકની લાશ મળેલ છે અને બાળકના શરીર ઉપર અને કપડાં ઉપર લોહી મળેલ છે અને આ બાળકનું લોહી આરોપી નં.૧ ના કપડાં ઉપર મળેલ છે. વધુમાં ફરીયાદપક્ષના કેસની થીયરી મુજબ આ આરોપી નં.૧ તેમના પતિનો મોબાઈલ વાપરતાં હતા અને તેથી આ આરોપી નં.૧ ના સી.ડી.આર પર આધાર રાખવામાં આવેલ છે અને તેની સાથે આરોપી નં.૧ નાએ ભારતીય પુરાવા ધારાની કલમ–૨૪ માં જણાવ્યા મુજબનુ કન્ફેશન મેજીસ્ટ્રેટ રૂબરૂ સી.આર.પી.સી. ની કલમ–૧૬૪ મુજબ કરેલ છે તેના પર આધાર રાખવામાં આવેલ છે.

**૧૯.૨)** વધુમાં આરોપી નં.૧ અને ૨ ની સંડોવણી અંગે સી.ડી.આર. તથા બનાવ બાદ આરોપી નં.૧ ભુજ જીલ્લા તાલુકાના ધાણેટી ગામે આરોપી નં.૧ ને ભાડાથી

મકાન આરોપી નં.ર નાએ અપાવેલ અને ત્યાં આરોપી નં.૧ અને ર રહેલ તેના પર પણ આધાર રાખેલ છે.

**૧૯.૩)** અત્રે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ જેમાં સાબીતીની વ્યાખ્યા આપેલી છે તે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

ભારતીય પુરાવા ધારાની કલમ ૩ મુજબ સાબીતીની વ્યાખ્યા નીચે મુજબ આપેલી છે.

"proved" .A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

સાબીત:– '' એવી હકીકત સાબીત થઈ કહેવાય જયારે તેની સમક્ષ પડેલ બાબતો વિચારતા અદાલતને તેનુ અસ્તિત્વ છે તેમ માને અથવા તેવુ અસ્તિત્વ એટલી હદે સંભવીત માને કે એક સમજદાર વ્યકિત જે તે કેસના સંજોગો હેઠળ આવી ધારણાથી વર્તે કે તેવુ અસ્તિત્વ છે. ઉપર ચર્ચા કરી તેમ ફરીયાદપક્ષે તેનો કેસ વ્યાજબી શકથી સાબીત કરવાનો હોય છે. જયારે આરોપીપક્ષ`તેવી હકિકત પ્રિ કોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે શકયતાની બાહુલ્યતાના ધોરણે કરવાની હોય છે. ફરીયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી, સાંયોગીક પુરાવાથી કે, આરોપીની કબુલાતથી પણ પુરવાર કરી શકે છે. ભારતીય પુરાવા ધારા કલમ પ૯ મુજબ દસ્તાવેજની વિગત સિવાય તમામ હકીકતો મૌખીક પુરાવાથી સાબીત કરવાની હોય

છે. મૌખીક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારા કલમ ૩ માં નીચે મુજબ આપેલી છે.

"Evidence" ."

Evidence" means and includes(1) all statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matter of fact under inquiry: such statements are called oral evidence;

એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરુરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવો કહેવાય છે. આ કેસમાં જયાં સુધી કંચનબેનનુ મૃત્યુ હાલના આરોપીએ કરેલ છે તેને લાગે વળગે છે ત્યાં સુધી મૌખીક પુરાવો રજુ થયેલો છે. ભારતીય પુરાવા ધારા કલમ ૬૦ મુજબ મૌખીક પુરાવો પ્રત્યક્ષ હોવો જોઈએ. એટલે કે જયારે કોઈ વ્યકિત તેની પાંચ ઈન્દ્રીયોમાંથી કોઈપણ એક ઈન્દ્રીયથી કે વધારે ઈન્દ્રીયથી કોઈ હકીકત અનુભવે તેને પ્રત્યક્ષ પુરાવો કહે છે.

ભારતીય પુરાવા ધારાની જોગવાઈમા આ પ્રત્યક્ષ પુરાવાના કેટલાક અપવાદો આપવામા આવેલા છે અને આવા અપવાદો એટલે કે, રેસ ગેસ્ટેના સિધ્ધાંતમા પડતી કલમ ૬,૭,૮,૯,૧૪ તેમજ કલમ ૧૭ થી ૩૧ની જોગવાઈમા પડતો પુરાવો એટલ ે કે સ્વીકૃતી કે કબુલાત તેમજ કલમ ૩૨માં પડતો પુરાવો તે પ્રત્યક્ષ પુરાવાના અપવાદો છે અને જો તે પ્રત્યક્ષ પુરાવાના અપવાદથી કોઈ હકીકત સાબીત થાય તો તે પણ સબસ્ટેન્શીયલએવીડન્સ ગણાય છે. સબસ્ટેન્શીયલ એવીડન્સ એટલે કે જેના

આધારે અદાલત કોઈ હકીકત સાબીત થાય છે તેમ માની શકે અને આવા સબસ્ટેન્શીયલ પુરાવાને કોઈના સમર્થનની જરૂરીયાત રહેતી નથી. કેટલીકવાર સમગ્ર મુદા માંહેની તકરાર માટે સીધો પુરાવો હોય છે અને જયારે આવો સીધો પુરાવો ન હોય ત્યારે તેમા કડીઓ મેળવી સાંયોગીક પુરાવાથી

કોઈ હકીકત સાબીત થઈ શકે છે. સાંયોગીક પુરાવો એક એવો પુરાવો છે કે જેમા કોઈ સાહેદોએ પત્યક્ષપણે આખા બનાવ માટે કશુ અનુભવ્યુ હોતુ નથી પરંતુ સંજોગો એવા હોય છે કે જે કારણે મુદદા માહેની  હકીકત સાબીત થાય છે અને આ સંજોગ એટલે બધા સબળ હોય છે કે તે સંજોગો ઉપર આધાર રાખવા એટલે કે હકીકત ન માનવા માટે અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી અને અન્ય પ્રકારની હકીકતના અસ્તિત્વ અંગે શંકા રહેતી નથી. સાંયોગીક પુરાવામાં બે ચાર કડી મહત્વની છે પરંતુ તમામ હકીકતની કડીબધ્ધતા અગત્યની બની જાય છે.

**૧૯.૪)** હાલનો કેસ સાંયોગીક પુરાવા પર આધારીત છે. અદાલતે કોઈપણ હકીકત અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે હકીકત રજુ થયેલ પુરાવા ઉપરથી નકકી કરવાનુ હોય છે અને અદાલત સમક્ષ ઉપર ચર્ચા કરી તે મુજબ સીધો પુરાવો પણ આવે છે અને સાંયોગીક  પુરાવો પણ આવે છે. હાલના કેસમાં એ હકીકત બીનતકરારી છે કે, બનાવનો નજરે જોનાર સાહેદ નથી અને કોઈ હકીકતનુ અસિત્તવ સાબીત માંનવુ કે કોઈ હકીકતનુ બીનઅસ્તિત્વ સાબીત માંનવુ તે વિષય પુરાવાના મુલ્યાંકનનો વિષય છે અને કોઈ હકીકત અસ્તિત્વમાં છે કે કેમ તેના આધારે અદાલત પક્ષકારોનો અધિકાર, જવાબદારી, ફરજ વિગેરે નકકી કરતી હોય છે. પુરાવો પ્રત્યક્ષ હોય કે

સાંયોગીક હોય કે અન્ય રીતે હોય પરંતુ તે પુરાવો કોઈ હકીકતનુ અસિત્તવ અથવા બીનઅસ્તિત્વ માંનવા માટે વિશ્વસનીય છે કે કેમ તે સૌથી અગત્યની બાબત છે અને પુરાવાની વિશ્વસનીયતા રેકર્ડ ઉપર આવેલ સંજોગો અને મૌખીક પુરાવો હોય તો આરોપી અને ભોગબનનાર સાથેના આ સાહેદના સબંધ અને કઈ રીતે પુરાવો આપે છે અને આ સાહેદનો લીટીગેશનમાં કોઈ અંગત રસ છે કે કેમ વિગેરે ઘણી બાબતો જેવી કે માનવસ્વભાવ, માનવ વ્યવહાર, માનવ વર્તન વિગેરે લક્ષમાં રાખી અદાલત કોઈપણ પુરાવાની વિશ્વસનીયતા નકકી કરે છે.

**૧૯.૫)** સાંયોગીક પુરાવાની કોઈ વ્યાખ્યા ભારતીય પુરાવા ધારામાં નથી પરંતુ પુરાવો રજુ થાય અને જે ઘટના બને તેના ઉપરથી નકકી થાય છે કે પુરાવો સાંયોગીક છે કે કેમ અને વિશ્વમાં દરેક ઘટના ભુતકાળની ઘટના સાથે જોડાયેલી હોય છે અને ભુતકાળની ઘટના હોય તોજ ભુતકાળની ઘટનાને આધારીત વર્તમાનની કે ભવિષ્યની ઘટના ઘટતી હોય છે અને એક ઘટના ઘટે અને પછી બીજી ઘટના ઘટે અને પછી ત્રીજી ઘટના ઘટે અને આ દરેક ઘટના માટે જે પુરાવો આવે તેને સાંયોગીક પુરાવો કહેવામાં આવે છે અને દરેક ઘટના/સંજોગો પક્ષકારે ભારતીય પુરાવા ધારામાં જણાવેલ એડમીશીબલ એવીડન્સથી જ પુરવાર કરવાની રહે છે એટલે કે એક ઘટના અને તે પછીની ઘટનાઓ પુરવાર કરવા માટે અદાલત સમક્ષ સબસ્ટેન્શીયલ પુરાવો એટલે કે તે પુરાવાથી કોઈ હકીકતનુ અસિત્તવ કે બીનઅસ્તિત્વ અદાલત ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ આધીન નકકી કરી શકે તેવો સબસ્ટેન્શીયલ અને એડમીશીબલ પુરાવો હોવો જોઈએ.

૧૯.૬) સાંયોગીક પુરાવા અંગેના સિધ્ધાંતો જોવામાં આવે તો,

"(1) the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned must or should and not may be established.

(2) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

(3) the circumstances should be of a conclusive nature and tendency;

(4) they should exclude every possible hypothesis except the one to be proved; and

(5) there must be chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused. The Supreme Court also cited a passage in para 13 from Sir Alfred Wills' book "Wills' Circumstantial Evidence" (Chapter VI) containing rules as to evaluation of Circumstantial Evidence as under :

(1) the facts alleged as the basis of any legal inference must be clearly proved and beyond reasonable doubt connected with the factum probandum;

(2) the burden of proof is always on the part who asserts the existence of any fact, which infers legal accountability;

(3) in all cases, whether of direct or circumstantial evidence the best evidence must be adduced which the nature of the case admits;

(4) in order to justify the inference of guilt, the inculpatory facts must be incompatible with the innocence of the accused and incapable of explanation, upon any other reasonable hypothesis than that of his guilt;

(5) if there be any reasonable doubt of the guilt of the accused, he is entitled as of right to be acquitted."

Each and every incriminating circumstance must be clearly established by reliable and clinching evidence and the circumstances so proved must from a chain of events from which the only irresistible conclusion about the guilt of the accused can be safely drawn and no other hypothesis against the guilt is possible. In a case depending largely upon circumstantial evidence, there is always a danger that conjecture or suspicion may take the place of legal proof. The Court must satisfy itself that various circumstances in the chain of events must be such as to rule out a reasonable likelihood of the innocence of the accused. When the important link goes, the chain of circumstances gets snapped and the other circumstances cannot in any manner, establish the guilt of the accused beyond all reasonable doubts. The Court has to be watchful and avoid the danger of allowing the suspicion to take the place of legal proof, for sometimes unconsciously it may happen to be a short step between moral certainty and legal proof. There is a long mental distance between "may be true" and

"must be true" and the same divides conjectures from sure conclusions."

**૧૯.૭)** આમ જુદા જુદા સંજોગો અથવા જુદી જુદી ઘટનાઓ મળી એક મોટી ઘટના બને છે જેમ કે ઝાડ માટે બીજ મેળવવુ તે ઘટના છે, ત્યારબાદ તે બીજને વાવવુ તે બીજી ઘટના છે ,ત્યારબાદ તે બીજને પાણી ખાતર આપવા તે ત્રીજી ઘટના છે , અને ત્યારબાદ તેમાંથી મોટુ વટવૃક્ષ થવુ તે પણ એક ઘટના છે. પરંતુ મુખ્ય ઘટના બી માંથી મોટુ ઝાડ થાય છે તે સૌથી મોટી ઘટના છે પરંતુ સ્વતંત્ર રીતે ઝાડ મોટુ વટવૃક્ષ થતુ નથી પરંતુ નાની નાની ઘટનાઓ મળી મોટુ વટવૃક્ષ બનાવે છે અને આમ વટવૃક્ષ બની જવુ તે કોઈ સ્વતંત્ર ઘટના નથી પરંતુ બી મેળવવાથી મોટા વટવૃક્ષ સુધીનુ ઘટનાઓ બને ત્યારે વટવૃક્ષ બને છે એટલે કે કોઈ ઘટના સ્વતંત્ર રીતે બનતી નથી પરંતુ દરેક ઘટના ભુતકાળની ઘટના ઉપર આધારીત હોય છે અને આ સિધ્ધાંતથી જયારે કોઈ સીધો પુરાવો અદાલતમાં ન આવે ત્યારે આવી ઘટનાઓ / સંજોગો મળી જે પરીણામ સુધી પહોચાય અને જે આખી ચેઈન જળવાય તેને ભારતીય પુરાવા ધારામાં સાંયોગીક પુરાવો કહે છે અને દરેક ચેઈન એકબીજા સાથે મળતી હોવી જોઈએ તેમાં એક પણ ચેઈન મીસીંગ ન હોવી જોઈએ અને તમામ ઘટનાઓ અથવા તો સંજોગો અથવા તો આ ચેઈન છેલ્લે એક જ અનુમાન ઉપર વ્યાજબી શકથી પર અદાલતને દોરી જાય કે આ કૃત્ય આરોપીએ જ કરેલ છે તોજ સાંયોગીક પુરાવો હોય તો પણ આરોપીને કસુરવાન ઠેરવી શકાય પરંતુ કોઈ પણ જુદી જુદી ચેઈન પૈકી અથવા તો ઘટના પૈકી અથવા તો સંજોગો પૈકી કોઈ પણ એક ઘટના ,સંજોગ કે ચેઈનમાં

આરોપીની સંડોવણી અંગે વ્યાજબી શક ઉત્પન્ન થાય તો સાંયોગીક પુરાવાઓના આધારે આરોપીને કસુરવાન ઠેરવી ન શકાય.

**૧૯.૮)** આ કામમાં અનિલભાઇ સોમાભાઇ તડવી કે જે આરોપી નં.૧ ના પતિ છે તેઓને સાહેદ નં.૩ તરીકે ફરીયાદપક્ષે આંક–૧૪ થી તપાસેલા છે અને તેઓએ તેમના પુરાવાના પેરા–ર માં એ હકીકત જણાવેલ છે કે, આરોપી નં.૧ જે મોબાઇલ વાપરતાં હતા તે મોબાઇલ આ સાહેદનો હતો.

**૧૯.૯)** આ કામમાં તપાસ કરનાર અમલદારને ફરીયાદપક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક–પર થી તપાસેલા છે અને તેઓએ તેમના પુરાવાના પેરા–૮ માં એવી હકીકત જણાવેલ છે કે, ''કોલ ડીટેઇલસમાં તેમનું લોકેશન બનાવના અરસામાં લાશના સ્થળે મળતું હતુ અને તપાસમાં બાળકના પિતાએ એવું જણાવેલ કે, બાળક તેની માં એટલે કે આરોપી સવિતાબેન પાસે હતુ અને ત્યારબાદ આ સવિતાબેનની પિયરમાં તપાસ કરતાં ત્યાં મળી આવેલ નહી અને ત્યારબાદ તેમનું લોકેશન અંજારમાં મળેલ અને આ બધાં લોકેશન ૯૩૧૩૩૧૦૬૫૮ ના નંબર આધારે શોધેલ. ત્યારબાદ આરોપીની શોધમાં પી.એસ.આઇ. બગડાને અંજાર, કચ્છ, ભુજ મોકલેલ ત્યારબાદ આરોપી સવિતાબેન પકડાતાં તેઓને લઇને આવેલ. '' વધુમાં આ અંગે આરોપી નં.૧ ની ઉલટતપાસમાં પણ પેરા–૨૭ માં એવી હકીકત આવે છે કે, '' એ વાત ખરી છે કે, આરોપી નં.૧ ની સંડોવણી તેમના સી.ડી.આર.ના લોકેશન ઉપરથી અમે નકકી કરેલ.'' વધુમાં આજ ઉલટતપાસના પેરા–૩૦ માં એવી હકીકત આવે છે કે, ''આ

મોબાઇલ આરોપી નં.૧ વાપરે છે તેની માહિતી આરોપી નં.૧ ના પતિ પાસેથી તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ લીધેલ. ''

**૧૯.૧૦)** આ કામમાં રીલાયન્સ જીઓ કંપનીના ઓલ્ટરનેટ નોડલ ઓફીસર મનીષભાઇ મંગળભાઇ પટેલને આંક–૮૫ થી સાહેદ નં.૨૦ તરીકે તપાસેલા છે અને આ સાહેદના પુરાવામાં ઇલેકટ્રોનીક રેકર્ડસ અંગે આંક–૮૭ થી મોબાઇલ નં.૯૩૧૩૩૧૦૬૫૮ તથા આંક–૮૮ થી મોબાઇલ નં.૮૮૪૯૩૦૭૬૬૫ ના સીડી.આર. રજુ થયેલ છે તેમજ આંક–૯૦ થી અનિલભાઇના મોબાઇલ નં.–૯૩૧૩૩૧૦૬૫૮ નું અરજી ફોર્મ તથા આંક–૯૧ થી જાકબભાઇના મોબાઇલ નં. ૮૮૪૯૩૦૭૬૬૫નું એપ્લીકેશન ફોર્મ રજુ થયેલ છે તથા આંક–૯૨ થી લોકેશન ફસ્ટ સેલ આઇ.ડી.થી મળેલ છે તેની સાથે પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું સર્ટીફીકેટ પણ રજુ છે તે સંજોગોમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૬ સાથે ભારતીય પુરાવા ધારાની કલમ–૦૫ થી ૫૫ ની જોગવાઇઓ તેની સાથે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫ (બી)૪ ની જોગવાઇઓ વંચાણે લેતાં આંક–૮૭, આંક–૮૮, આંક–૯૦, આંક–૯૧ અને આંક–૯૨ ના દસ્તાવેજો એડમીશીબલ દસ્તાવેજો છે.

ઉપરોકત સાહેદે પેરા–૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''મને નીશાની ૪/૨૭ વાળી યાદી બતાવવામાં આવે છે તે પોલીસ અધીકક્ષ મહીસાગર દ્વારા અમારી કંપનીને મો.નં.૮૮૪૯૩૦૭૬૬૫ તથા મો.નં.૯૩૧૩૩૧૦૬૫૮ ના

મોબાળલ નંબરની તા.૨૦/૭/૨૨ થી તા.૨૧/૯/૨૨ સુધીની સી.ડી.આર અને એસ.ડી.આર ની પ્રમાણીત નલક માંગતો પત્ર અમોને મળેલ જે અસલ આ સાથે રજુ કરુ છુ જે ઓફીસ વ્યવહારનો ભાગ હોય નીશાની ૪/૨૭ સાથે આ અસલને સંયુકત **આંક ૮૬** આપવામાં આવે છે. ''

આમ, ઉપરોકત પેરા–ર સાથે આંક–૮૬ ની હકીકત જોવામાં આવે તો સર્ટીફાઇડ કોપી સી.ડી.આર., એસ.ડી.આર., અને સી.એ.એફ.ની મોબાઇલ નંબર ૮૮૪૯૩૦૭૬૬૫ તથા ૯૩૧૩૩૧૦૬૫૮ ની માટે માંગવામાં આવેલ છે.

આ કામમાં ઉપરોકત સાહેદે ઉપરોકત પુરાવાના પેરા–૩ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''આ આંક ૮૬ મુજબ માંગેલ માહીતી અમારા સ્ટેટ નોડલ ઓફીસર કે.એસ.એન.સીંગ દ્વારા એસ.પી.મહીસાગરને માહીતી પૂરી પાડેલ મને નીશાની ૪/૨૮ વાળા સી.ડી.આર.નો ડેટા બતાવવામાં આવે છે જે તા.૨૦/૭/૨૨ થી તા.૨૧ /૯/૨૨ સુધીનો ડેટા આપવામાં આવેલ છે તે પૈકીનુ પ્રથમ પાના પર જે ટીકીટ નંબર છે તે ટીકીટ નંબર યુનીક નંબર છે અને તે આ નંબરથી આ માગેલ મોબાઈલની સી.ડી.આર. જનરેટ કરેલ છે તે બાબતે છે અને ઈનપુટ વેલ્યુમાં મોબાઈલ નંબર એટલ ે કે જેના પરથી કોલ આવ જા થયા હોય તે નંબર છે અને તેમાં ડેટા રેન્જમાં કઈ તારીખથી કઈ તારીખ સુધીનો ડેટા જનરેટ કરેલ છે તેની વીગત છે અને તેમાં ટોટલ રેકોર્ડ માં જે ફોન થયા હોય આવ્યા હોય અને મેસેજ થયા હોય આવ્યા હોય તેની ટોટલ કેટલા થયેલ છે તેની વીગત છે અને રીપોર્ટ જનરેટેડ કોલમાં આ રીપોર્ટ કઈ

તારીખે કેટલા વાગે જનરેટ થયેલ છે તેની વીગત છે અને **MSISDN/IMSI** માં જે વીગત છે તે સીમ નંબરની વીગત છે અને જેના નામે આ સીમ કાર્ડ ઈસ્યુ થયેલ છે તેનુ નામ સ્બસ્ક્રાઈબરના નામમાં લખેલ છે અને તેમાં નામ તડવી અનીલભાઈ સોમાભાઈનુ છે.સર્કલના કોલમમાં ગુજરાત લખેલ છે એટલે કે આ જે સીમ નંબર આપેલ છે તે ગુજરાત રાજયમાં રજીસ્ટર થયેલ છે.સીમ એકટીવેશન ડેટમાં આ સીમ જે દીવસથી એકટીવ થયુ તેની વીગત છે.''

વધુમાં ઉપરોકત સાહેદે પેરા–૪ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''આ રીતે ટોટલ ૧૦૨૧ નુ રેકર્ડસ અમે આપેલ છે અને આ રેકર્ડ અમારા સર્વરમાંથી અમદાવાદ ઓફીસમાં પ્રિન્ટઆઉટ લીધેલ છે અને તે જ રીતે નીશાની ૪/૩૦ થી સીમ નંબર ૮૮૪૯૩૦૭૬૬૫ નો ડેટા અમે આપેલ છે ડેટા અને ઉપરોકત નંબર માટે ટોટલ રેકર્ડસ ૨૮૧૦ છે અને આ અંગે અમોએ નીશાની ૪/૩૨ થી ભારતીય પુરાવાધારાની કલમ ૬૫ (બી) મુજબનુ સર્ટી આપેલ છે તેમા કે.એસ.એન.સીંગે મારી હાજરીમાં સહી કરેલ હોવાથી તે ઓળખુ છુ નીશાની ૪/૨૮ અને નીશાની ૪/૩૦ ને અનુક્રમે પાકો **આંક ૮૭** અને **આંક ૮૮** આપવામાં આવે છે. ''

આમ, પેરા નં.૩ અને ૪ ની હકીકત જોતાં સીમકાર્ડ નં. ૮૮૪૯૩૦૭૬૬૫ તથા ૯૩૧૩૩૧૦૬૫૮ ના સી.ડી.આર., એસ.ડી.આર. અને સી.એ.એફ. વિગેરે વિગત તા. ૨૦.૦૭.૨૦૨૨ થી તા.૨૧.૦૯.૨૦૨૨ ના સમય માટે આપવામાં આવેલ છે તે હકીકત સાબિત થાય છે.

વધુમાં ઉપરોકત સાહેદે પેરા–૭ માં નીચે મુજબની હકીકત સોગંદ ઉપર જણાવેલ છે.

''મને નીશાની ૪/૨૯ બતાવવામાં આવે છે આ તડવી અનીલભાઈ સોમાભાઈએ રીલાયન્સ જીઓ ઈન્ફો કોમ લી.માંથી સીમકાર્ડ માંગેલ છે તેનુ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ છે અને તે જ રીતે નીશાની ૪/૩૧ થી જાકબ અહેમદ સમાનુ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ છે અને આ અંગે પણ નીશાની ૪/૩૨ થી ૬૫ (બી)નુ સર્ટી આપેલ છે જેને રજુ દાખલ **આંક ૮૯** આપવામાં આવે છે. નીશાની ૪/૨૯ અને નીશાની ૪/૩૧ માં જે મોબાઈલ નંબર આપેલ છે તેની વીગત લાલ પેનથી ટીક કરેલ છે તેમાં આપેલ છે આ નીશાની ૪/૨૯ તથા ૪/૩૧ ને અનુક્રમે પાકો **આંક ૯૦** અને **આંક ૯૧** આપવામાં આવે છે. ''

ઉપરોકત હકીકતની સાથે આંક–૯૦ અને આંક–૯૧ જોતાં એ હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે સીમ નં.૮૮૪૯૩૦૭૬૬૫ તથા ૯૩૧૩૩૧૦૬૫૮ અનુક્રમે તેના ધારકો અનિલભાઈ સોમાભાઈ તડવી તથા જાકબ આમદ સમા હતા.

આંક–૮૭ જોતાં ઉપરોકત બંને નંબરો વચ્ચે તા.૨૧.૦૭.૨૦૨૨ ના રોજ પણ ઘણી વાર વાતચીત થયેલી છે તેમજ તા.૨૨.૦૭.૨૦૨૨, ૨૩.૦૭.૦૨૦૨૨ , ૨૪.૦૭.૨૦૨૨, ૨૫.૦૭.૨૦૨૨, ૨૬.૦૭.૨૦૨૨, ૨૭.૦૭.૨૦૨૨, ૨૮.૦૭.૨૦૨૨, ૨૯.૦૭.૨૦૨૨, ૩૦.૦૭.૨૦૨૨ થી લગભગ સતત વાતચીતો થયેલી છે તેમજ તા.૧૨.૦૯.૨૦૨૨, ૧૩.૦૯.૨૦૨૨ ના રોજ પણ વાતો થયેલ છે

તેમજ તા.૧૪.૦૯.૨૦૨૨ ના રોજ દશ કરતાં પણ વધારે વખત આ બંને ફોન વચ્ચે વાતચીત થયેલી છે તેમજ આ સાહેદના પુરાવા મુજબ તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ પણ એક કરતાં વધારે વખત વાતચીત થયેલ છે.

**૧૯.૧૧)** આ કામમાં આંક–૮૭ થી સેલ આઇ.ડી. ૯૩૧૩૩૧૦૬૫૮ ની કોલ ડીટેઇલ તથા આંક–૮૮ થી સેલ આઇ.ડી. ૮૮૪૯૩૦૭૬૬૫ ની રજુ થયેલ છે. આ કામમાં અનુક્રમે આંક–૯૦ અને આંક–૯૧ થી અનિલભાઇ સોમાભાઇ અને આંક–૯૧ થી આરોપી નં.૨ નાએ રીલાયન્સ જીઓ ઇન્ફો કોમ લીમીટેડમાં સીમકાર્ડ મેળવવા માટે અને તેઓને ફાળવી આપવામાં આવેલ નંબર અંગેના દસ્તાવેજ છે અને તેનાથી એ હકીકત પુરવાર થાય છે કે**,** સીમકાર્ડ નં. ૮૮૪૯૩૦૭૬૬૫**,** ૯૩૧૩૩૧૦૬૫૮ અનુક્રમે આરોપી નં.૨ અને આરોપી નં.૧ ના પતિ અનિલભાઇ સોમાભાઇને ઇસ્યુ કરેલ છે. આ કામમાં ઉપરોકત સાહેદે પેરા–૨૯ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

'' હુ આ સાથે તા.૧૫/૯/૨૨ થી તા. ૧૭/૯/૨૨ સુધીના જે પણ કોલ આ બે નંબર સાથે કે બીજા કોઈ નંબર સાથે થયેલ છે અથવા તો એસ.એમ.એસ. થયેલ તે વખતે આ બે નંબર કયા લોકેશનમાં આવે છે તેની વીગતની હાર્ડકોપી રજુ કરુ છુ અને તેની સાથે ૬૫(બી) નુ સર્ટી પણ રજુ કરુ છુ. આ દસ્તાવેજને ૬૫(બી)ના સર્ટી સાથે સંયુકત **આંક ૯૨** આપવામાં આવે છે. ''

**૧૯.૧૨)** આ કામમાં ઉપરોકત સાહેદે પેરા–૦૬ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''ફર્સ્ટ સેલ આઈ.ડી.માં કોલ જયાંથી કોલ જનરેટ થયો હોય તેની વીગત છે અને લાસ્ટ સેલ આઈ.ડી.માં જયાં આ જનરેટ થયેલ ફોન પુરો થયો તેની વીગત આવે છે અને કોલ ટાઈપમાં આઉટ લખેલ છે તે આઉટ ગોઈંગ છે અને ઈન છે તે ઈનકમીંગ માટે છે અને આઈ.એમ.ઈ.આઈ નંબર જે કંપનીનુ ઈસ્ટ્રુમેન્ટ હોય તે આ જે કોલ જનરેટ થાય અને જે ઈન્સ્ટ્રુમેન્ટ ઉપરથી જનરેટ થાય તે તેમાં આવે છે અને આઈ.એમ.એસ.આઈ.માં સીમકાર્ડ નંબર આવે છે અને રોમીંગ સર્કલમાં જે રાજયમાંથી ફોન થયેલ હોય તે રાજયની વીગત આવે છે.''

આમ, ઉપરોકત સાહેદનો આંક–૮૫ નો પુરાવો, આંક–૮૭ અને આંક–૮૮ ના સી.ડી.આર. તથા આંક–૯૨ ના દસ્તાવેજો લક્ષમાં લેતાં નીચે મુજબના ટેબલ મુજબી હકીકત બહાર આવે છે.

| સીમકાર્ડ નં.૯૩૧૩૩૧૦૬૫૮ માંથી તા.૧૫.૦૯.૨૦૨૨ થી તા.૧૭.૦૯.૨૦૨૨ સુધી આ નંબર કયા લોકેશનમાં હતો તેની વિગત | | | |
|---|---|---|---|
| **તા.૧૫.૦૯.૨૦૨૨** | | | |
| કોલ ટાઈમ | સામેના કયા નબર ઉપર ફોન/એસ.એમ.એસ. થયેલ છે. | ફસ્ટ સેલ આઇ.ડી. એટલે કે, જે સ્થળેથી કોલ જનરેટ થયો હોય તેની વિગત | લોકેશનની વિગત |
| 04:43:04 | 8849307665 | 4058570D7D25 | સાગડા પાડા પારસીંગભાઈ નાથાભાઈ ગરાસીયાના રેવન્યુ સર્વે નં.૧૮૪ નો ખુલ્લો પ્લોટ |

| | | | |
|---|---|---|---|
| 06:33:43 | 9313310658 | 40585702E710 | રાઠોડના ડુંગરપુર તા.લીમખેડા ભુરસીંગભાઇ લાલાભાઇ રાઠોડનો ખુલ્લો પ્લોટ |
| 13:03:00 | 50000 | 40585701C5010 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13:03:01 | 8849307665 | 40585701C5010 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13:03:02 | 9016838235 | 40585701C5010 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13.03.04 | 9722679374 | 40585701C5010 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13.08.22 | 9313310658 | 40585701C5010 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13.08.59 | 9313310658 | 40585701C5010 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13.33.18 | 50000 | 40585701C5030 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13.33.19 | 9726679374 | 40585701C5030 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13.33.20 | 8849307665 | 40585701C5030 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 13.33.47 | 9313310658 | 40585701C5030 | ગામ અનિકા તા.ઝાલોદ |
| 17.16.07 | 50000 | 40585704D412 | વાંઝીયાખુંટ, તા.સંતરામપુર, જી.મહીસાગર. |
| 17.16.08 | 9726679374 | 40585704D412 | વાંઝીયાખુંટ, તા.સંતરામપુર, જી.મહીસાગર. |
| 17.16.09 | 8849307665 | 40585704D412 | વાંઝીયાખુંટ, તા.સંતરામપુર, જી.મહીસાગર. |
| 17.16.11 | 9016838235 | 40585704D412 | વાંઝીયાખુંટ, તા.સંતરામપુર, જી.મહીસાગર. |
| 17.16.12 | 9727542234 | 40585704D412 | વાંઝીયાખુંટ, તા.સંતરામપુર, જી.મહીસાગર. |
| 18.26.09 | JD−BSESYP | 40585700AA614 | મોરા |
| 18.26.11 | JD−BSESYP | 40585700AA614 | મોરા |
| **તા.૧૬.૦૯.૨૦૨૨** | | | |
| 04.49.26 | 50000 | 4058570118731 | જયકંથાનાથજી ટેમ્પલ કંપાઉન્ડ ગામ ભચાઉ, ડીસ્ટ્રીકટ કચ્છ. |
| 04.49.27 | 9726679374 | 4058570118731 | જયકંથાનાથજી ટેમ્પલ કંપાઉન્ડ ગામ ભચાઉ, |

| | | | |
|---|---|---|---|
| | | | ડીસ્ટ્રીકટ કચ્છ. |
| 08.42.41 | JD−BSESYP | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 08.42.42 | 50000 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 08.42.43 | 8849307665 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 08.42.44 | 9722679374 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 08.44.43 | 9722679374 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 18.04.51 | 50000 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 18.04.52 | 9426340490 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 18.04.54 | 9727542234 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 18.04.55 | 9327379411 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 18.04.56 | 7990714276 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |
| 18.06.03 | 9313310658 | 405857031AE32 | ધાનેટી, તા.ભુજ |

| સીમકાર્ડ નં.૮૮૪૯૩૦૭૬૬૫ માંથી તા.૧૫.૦૯.૨૦૨૨ થી તા.૧૭.૦૯.૨૦૨૨ સુધી આ નંબર કયા લોકેશનમાં હતો તેની વિગત | | | |
|---|---|---|---|
| **તા.૧૫.૦૯.૨૦૨૨** | | | |
| કોલ ટાઇમ | સામેના કયા નબર ઉપર ફોન/એસ.એમ.એસ. થયેલ છે. | ફસ્ટ સેલ આઇ.ડી. એટલે કે, જે સ્થળેથી કોલ જનરેટ થયો હોય તેની વિગત | લોકેશનની વિગત |
| 04.43.02 | 50000 | 405857039C711 | નાડાપા, તા.ભુજ, જી.કચ્છ |
| 04.43.04 | 9313310658 | 405857039C711 | નાડાપા, તા.ભુજ, જી.કચ્છ |
| 06.33.42 | 9313310658 | 405857039C714 | નાડાપા, તા.ભુજ, જી.કચ્છ |
| 07.13.29 | 8849307665 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 08.57.36 | 8849307665 | 405857031AE15 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 09.06.34 | 9313011838 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 09.24.55 | 9313011838 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 09.55.30 | 9313560729 | 405857031AE15 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 11.08.55 | 8849307665 | 405857031AE15 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |

| | | | |
|---|---|---|---|
| 11.10.24 | 8849307665 | 405857031AE25 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 11.33.36 | 9106367729 | 405857031AE10 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 11.36.10 | 8849307665 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 12.03.13 | 9723401667 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 12.42.46 | 8849307665 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 12.50.08 | 8849307665 | 405857031AE15 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 13.03.01 | 9313310658 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 13.03.22 | 9313310658 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 13.08.59 | 9313310658 | 405857031AE15 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 13.28.07 | 9313782970 | 405857031AE15 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 13.33.19 | 9313310658 | 40585700BD512 | ગામ કનૈયાબે, તા.ભુજ |
| 13.33.47 | 9313310658 | 40585700BD512 | ગામ કનૈયાબે, તા.ભુજ |
| 14.24.28 | 8849307665 | 405857031AE30 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 14.26.39 | 8849307665 | 405857031AE13 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 14.37.45 | 8849307665 | 405857031AE30 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 15.06.09 | 8849307665 | 405857031AE12 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 15.07.58 | 8849307665 | 405857031AE15 | ટેલીફોન એક્ષ્ચેન્જ, ધાનેટી |
| 15.19.57 | 9879917603 | 405857039C714 | નાડાપા, તા.ભુજ, જી.કચ્છ |
| 16.32.39 | 9574580681 | 405857039C714 | નાડાપા, તા.ભુજ, જી.કચ્છ |

**૧૯.૧૩)** આમ, તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ ૦૮–૪૨–૪૩ ના સમયે ૯૩૧૩૩૧૦૬૫૮ આ ફોન ધાનેટી એક્ષ્ચેન્જના લોકેશનમાં બતાવે છે અને તે પહેલા ૦૪–૪૯–૨૬ તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ કાંથડનાથજી મંદિર ભચાઉ ગામે બતાવે છે અને ત્યારબાદ ઉપરોકત નંબર ધાનેટી એક્ષ્ચેન્જના લોકેશનમાં જ બતાવે છે.

તેની સામે આરોપી નં.ર ના સેલ આઇ.ડી. વાળો નંબર ૧૬.૦૯.૨૦૨૨ ના રોજ ૦૮–૪૨–૪૩ ના સમયે ધાનેટી એક્ષ્ચેન્જમાં બતાવે છે. ત્યારબાદ ૧૮–૦૫–૫૧ ના સમયે પણ ધાનેટી એક્ષ્ચેન્જના લોકેશનમાં બતાવે છે અને તેજ સમયે અનિલભાઇ તડવી વાળો ફોન પણ ધાનેટી એક્ષ્ચેન્જના લોકેશનમાં બતાવે છે.

**૧૯.૧૪)** આ કામમાં કાનજીભાઇ જખુભાઇ ઢીલા સાહેદ નં.૧૨ ને આંક–૩૮ થી ફરીયાદપક્ષે તપાસેલા છે અને તેઓએ એ હકીકત જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે, તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ રાત્રીના આઠ વાગ્યે મારા મોબાઇલ પર મોબાઇલ **નં. ૮૮૪૯૩૦૭૬૬૫ પરથી ફોન આવેલ અને કહેલ કે હું જાકબ આમદ સમા જુના ઢેડીયા ટકરવાડનો રહેવાસી બોલું છું**'' અને આંક–૮૮ જોતાં તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ ૧૮/૫૧/૨૫ ના સમયે ૮૮૪૯૩૦૭૬૬૫ એટલે કે આરોપી નં.ર ના મોબાઇલ ઉપરથી આ સાહેદના ઉપરોકત મોબાઇલ નં.૯૯૧૩૮૩૮૪૫૭ ઉપર ફોન થયેલ છે અને તે વખતે આરોપી નં.ર ના મોબાઇલનું લોકેશન ધાનેટી એક્ષ્ચેન્જ આવે છે. આમ, આ સાહેદ અને આરોપી નં.રના મોબાઇલ ઉપરથી વાત થયાની હકીકત સાબિત થાય છે. વધુમાં આ સાહેદે એ હકીકત જણાવેલ છે કે, આરોપી નં.ર નાએ રૂા.૨,૦૦૦/– માં ભાડે મકાન આ સાહેદ પાસેથી રાખેલ છે અને જે મકાન ભાડે રાખેલું તેમાંથી એક બહેનને પોલીસે પકડેલ છે. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે, તે પોતે આરોપી નં.ર ને પહેલાથી જ ઓળખે છે અને આ

સાહેદની વાડીમાં આરોપી નં.૨ મજુર લાવીને આપે છે અને જાકબ એટલે કે આરોપી નં.૨ અને એક બહેન આ સાહેદના ભાડાના મકાનમાં એક દિવસ સાથે રહેલ.

ઉપરોકત સાહેદની ઉલટતપાસ આરોપી નં.૧ તરફે થયેલ છે તેમાં આ સાહેદે એવુ જણાવેલ છે કે, તેઓએ આરોપી નં.૧ ને તેમના મકાનમાં જોયેલ નથી કે પોલીસ સ્ટેશનમાં જોયેલ નથી પરંતુ ઉલટતપાસમાં તેમના મકાનમાંથી આરોપી નં.૨ નાએ ભાડે રાખેલ તે મકાનમાંથી કોઇ બહેન પકડાયેલ નથી તે હકીકતનો ઇન્કાર ઉલટતપાસમાં કરેલ નથી.

**૧૯.૧૫)** આ કામમાં આ સાહેદ કાનજીભાઇ જખુભાઇ ઢીલાના મકાનની બાજુમાં રહેતા સાહેદ રાજેશભાઇ ગુલાબભાઇ પરમારને આંક-૩૯ થી સાહેદ નં.૧૩ તરીકે તપાસેલા છે અને તે સાહેદે એ હકીકત જણાવેલ છે કે, તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ તે જે મકાનમાં ભાડે રહેતાં હતા તેની બાજુ વાળું મકાન કાનાભાઇએ કોઇકને ભાડે આપેલ. વધુમાં આ સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, આ સાહેદ જયાં રહેતાં હતા તેની જમણી બાજુના મકાનમાંથી એક બહેન પકડાયેલ. વધુમાં આ સાહેદે એવી હકીકત પણ જણાવેલ છે કે, **જાકબને આ મકાનમાં એક વખત આવતાં જોયેલ છે.**

આ સાહેદની પણ ઉલટતપાસમાં પણ આ સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, તેમની બાજુમાં રહેવા આવેલ બહેન અને ભાઇને ઓળખતાં નથી અને તેમનું પોલીસે ફકત નામઠામ પુછેલુ પરંતુ આ મકાનમાંથી એક બહેન પકડાયેલા તે હકીકતનો કોઇ ઇન્કાર કે ખંડન આ સાહેદની જુબાનીમાં થયેલ નથી.

**૧૯.૧૬)** આ કામમાં સાહેદ નં.૧૬ લલીતાબેન ભોજાભાઈ બગડાને ફરીયાદપક્ષે આંક–૪૭ થી તપાસેલા છે અને તેઓએ સરતપાસના પેરા–૧ થી ૭ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''**૧.**અમો તા.૧૬/૯/૨૨ ના રોજ સંતરામપુર પો.સ્ટે.પો.સ.ઈ.તરીકે ફરજ પર હાજર હતા ત્યારે સાંજના ૪ થી ૪:૩૦ ના અરસામાં પો.ઈ.એમ.બી.મછારનાઓએ અમોને મૌખીક હુકમ કરેલ કે અમોએ કચ્છ ખાતે આ કામના આરોપી બેન ગયેલ હોય તેઓને તપાસ અર્થે જવા સારુ જરુરી સ્ટાફ સાથે જવા માટે હુકમ કરેલ અમો તા.૧૬/૯/૨૨ ના રોજ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ કચ્છ ખાતે જવા રવાના થયેલ.

૨.અમો તા.૧૭/૯/૨૨ ના રોજ જીલ્લા પશ્ચિમ કચ્છ પધ્ધર પો.સ્ટે. પહોંચેલ અને અમોએ પોલીસ મદદ મેળવવા સારુ અમારા હસ્તાક્ષરમાં યાદી તૈયાર કરેલ અને પધ્ધર પો.સ્ટે.ખાતે આપેલ જે યાદી આ કામે નીશાની ૪૧/૨ થી રજુ છે તે જોઈને કહુ છુ કે આ તે જ છે જે યાદીના અંતે મારો હોદ્દો બાંધેલ છે તથા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૪૮** આપવામાં આવે છે.

૩.પધ્ધર પો.સ્ટે.થી અમોને પોલીસ મદદ મળતા અમો આરોપી બેનની તપાસ માં નીકળેલ અને **આરોપી બેન જુની ધાણેટી ગામેથી મળી આવેલ અને પધ્ધર પોલીસ સાથે આરોપી બેનને લઈને પધ્ધર પો.સ્ટે. આવેલ.** જુની ધાણેટી ગામે આરોપી સવીતાબેન ઉર્ફે વીમળાબેન અનીલભાઈ તડવી જે મકાનમાં રહેતા હતા

તે મકાન માલીક કાનાજીભાઈ જખુભાઈ ઢીલા(આહીર) તથા પડોશમાં રહેતા રાજેશભાઈ ગુલાબભાઈ પરમારના નીવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ.

૪.પધ્ધર પો.સ્ટે. આવ્યા બાદ અમોએ આરોપી સવીતાબેનને તપાસ અર્થે સંતરામપુર પો.સ્ટે.લાવવાના હોય આરોપીને હસ્તગત કરવામાં આવેલ છે તે બાબતની નોંધ પધ્ધર પો.સ્ટે.ની સ્ટેશન ડાયરીમાં કરવા સારુ અમોએ અમારા હસ્તાક્ષરમાં યાદી તૈયાર કરી પધ્ધર પો.સ્ટે.ને આપેલ જે યાદી આ કામે નીશાની ૪૧/૩ થી રજુ છે જેના અંતે મારો હોદ્દો બાંધેલ છે તથા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **આંક ૪૯** આપવામાં આવે છે. આંક ૪૯ના અનુસંધાને પધ્ધર પો.સ્ટે.એ સ્ટેશન ડાયરીમા નોંધ કરી તેનો ઉતારો અમોને આપેલ જે ઉતારો આ કામે નીશાની ૪૧/૪ થી રજુ છે તે જોઈને કહુ છુ કે આ તે જ છે.

૫.**આરોપી બેનને જોયેથી ઓળખી શકુ આરોપી બેન આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.**

૬.સાહેદ કાનાજીભાઈ જખુભાઈ ઢીલાનાઓએ મારી રુબરુ એવી હકીકત લખાવેલ છે કે, મે આપેલ ભાડાવાળા મકાનમાં તે અને જાકબ સાથે રહેતા હતા.

૭.સાહેદ રાજેશભાઈ ગુલાબભાઈ પરમારનાઓએ મારી રુબરુ એવી હકીકત જણાવેલ છે કે,તે બેને તેનુ નામ સવીતાબેન ઉર્ફે વીમળાબેન તે અનીલભાઈ સોમાભાઈની પત્ની રહે. છાપરી તા.સીંગવડ જી.દાહોદનુ હોવાને જણાવેલ અને તે બેને એવુ કહેલ કે આ મકાન મને જાકબે ભાડે લઈ આપેલ છે.''

વધુમાં ઉલટતપાસમાં ઉપરોકત સાહેદના પુરાવામાં એવી હકીકત આવે છે કે, લોકેશનના આધારે તેઓ આરોપી નં.૧ સુધી પહોંચેલા અને આરોપી નં.૧ નું આધારકાર્ડ પણ જોયેલું.

આ સાહેદની ઉલટતપાસમાં આ સાહેદ આરોપી નં.૧ ને ધાનેટી ગામથી કાનભાઇના મકાનમાંથી લાવેલા નથી કે તેઓએ પધ્ધર પોલીસ સ્ટેશનમાં તે અંગે થાણા ડાયરીમાં નોંધ કરાવેલ નથી તે બાબતનું કોઇ ખંડન થયેલ નથી.

વધુમાં આ સાહેદની ઉલટતપાસ આરોપીઓ તરફે થયેલ છે તેમાં જીલ્લા બહાર જવા માટેની કોઇ પરવાનગી એસ.પી.એ આપેલ નથી તેવી હકીકત આવે છે. વધુમાં જે યાદી પધ્ધર પોલીસ સ્ટેશનમાં આપેલી અને જે આંક–૪૮ થી રજુ છે તેમાં આવક જાવક નંબર નથી તે હકીકત પણ કબુલ રાખે છે. તેજ રીતે આંક–૪૯ કે જે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેની યાદી છે તેમાં પણ આવક જાવક નંબર નથી તે હકીકતનો પણ સ્વીકાર કરે છે. વધુમાં એ હકીકત પણ ઉલટતપાસમાં આવે છે કે, શકમંદના આધારે આરોપી નં.૧ સુધી પહોંચેલા અને આરોપી નં.૧ ની પુછપરછથી આરોપી હોવાનું નકકી કર્યાની હકીકત જણાવે છે. વધુમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, જે મકાનમાંથી આરોપી નં.૧ મળી આવેલ તેનું કોઇ પંચનામું કરેલ નથી અને આરોપીની અંગઝડતીમાંથી કોઇ વસ્તુ મળી આવેલ નહી પરંતુ એ હકીકત આવે છે કે, આરોપી પાસે મોબાઇલ હતો.

**૧૯.૧૭)** આ કામે આંક–૯૭ થી સાહેદ ટમુબેનને સાહેદ નં.૨૧ તરીકે તપાસેલા છે તેઓએ સોગંદ ઉપર નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''**૧.**અમો તા.૧૭.૯.૨૨ ના રોજ પધ્ધર પો.સ્ટે.પી.એસ.ઓ.તરીકે ફરજ પર હાજર હતા ત્યારે સંતરામપુર પો.સ્ટે.ના પો.સ.ઈ. **એલ.બી.બગડા નાઓએ અમોને આરોપી સવીતાબેન અનીલભાઈ તડવીને પકડવા પોલીસ મદદ મેળવવા માટે ચાદી આપેલ.**જે ચાદી અમોએ સ્વીકારેલ. મને આંક ૪૮ વાળી ચાદી બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ છે અને સ્વીકારનાર તરીકે મારી સહી તથા મારુ નામ લખેલ છે.

૨.**પો.સ.ઈ.બગડાનાઓએ મદદ મેળવ્યા બાદ આરોપી સવીતાબેનની અટક કરી પધ્ધર પો.સ્ટે.માં લાવેલ** અને આરોપીને હસ્તગત કરવા સારુ તે અંગેની સ્ટેશન ડાયરીમાં નોધ કરવા સારુ અમોને ચાદી આપેલ. જે ચાદી અમોએ સ્વીકારેલ જે ચાદીમાં સ્વીકારનાર તરીકે મારી સહી તથા પો.સ્ટે.નો હોદ્દો બાંધેલ છે મને આંક ૪૯ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ છે તેમાં મારી સહી હુ ઓળખી બતાવુ છુ.

૩.આંક ૪૯ ના અનુસંધાને સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૩૨ થી બગડાનાઓએ આપેલ રીપોર્ટ અનુસંધાને નોંધ કરેલ જે સ્ટેશન ડાયરીના ઉતારાની પ્રમાણીત નકલ હુ રજુ કરુ છુ જે મારા હસ્તાક્ષરમાં છે તથા નોંધના અંતે મારો હોદ્દો બાંધી મે સહી કરેલ છે.જેને રજુ દાખલ **આંક ૯૭** આપવામાં આવે છે. જે આરોપીને મારા પો.સ્ટે.માં લાવેલ

તે આરોપીને હુ ઓળખી ના શકુ કારણ કે આવા ઘણા આરોપીઓ રોજના આવતા હોય છે. ''

આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો આંક–૪૮ અને આંક–૪૯ ની યાદીમાં કોઇ આવક જાવક નંબર લખેલ નથી તે હકીકત સ્વીકારેલ છે. વધુમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આરોપી નં.૧ ને કઇ જગ્યાએથી પકડી લાવી તેની જાત માહિતી નથી.

**૧૯.૧૮)** આ કામમાં આંક–૯૮ થી થાણા ડાયરીની નકલ રજુ કરેલ છે. જેમાં તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજ નોંધ નં. ૩૨ સમય ૨૦/૧૦ ઉપર નીચેની નોંધ થયેલ છે.

'' **અત્રે વખતે પો.સબ.ઇન્સ એલ.બી.બગડાનાઓએ એક લેખીત રીપોર્ટ સ્ટે.ડા.માં નોંધ થવા આપતા જેમાં સંતરામપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૭૬૭/૨૦૨૨ ઇ.પી.કોડ કલમ–૩૦૨ મુજબના ગુન્હાના કામે તપાસ અર્થે સવિતાબેન ઉર્ફે વિમળાબેન વા/ઓ અનિલભાઇ તડવી રહે, છાપરી, તાલુકો સીંગવડ, જી.દાહોદનાઓને ઉપરોકત ગુનાના કામે તપાસ અર્થે હસ્તગત કરવામાં આવેલ છે જેથી સ્ટે.ડા.માં નોંધ કરાવતા નોંધ કરી.**''

**૧૯.૧૯)** આમ, આરોપી નં.૧ ના પતિના મોબાઇલનું લોકેશન તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ કલાક ૦૪.૪૩.૦૪ ના સમયે સાગડાપાડા, તા.ફતેપુર, જી.દાહોદ, ગુજરાતમાં બોલે છે. ત્યારબાદ કલાક ૦૬.૩૩.૪૩ના સમયે રાઠોડના ડુંગરપુર,

તા.લીમખેડામાં બોલે છે. ત્યારબાદ કલાક ૧૩.૦૩.૦૦, ૧૩.૦૩.૦૨, ૧૩.૦૩.૦૪, ૧૩.૦૩.૨૨, ૧૩.૦૮.૫૯, ૧૩.૩૩.૧૮, ૧૩.૩૩.૧૯, ૧૩.૩૩.૨૦, ૧૩.૩૩.૪૭ ના સમયે કે ગામ અનિકા, તા.ઝાલોદમાં બોલે છે. ત્યારબાદ કલાક ૧૭.૧૬.૦૭, ૧૭.૧૬.૦૮, ૧૭.૧૬.૦૯, ૧૭.૧૬.૧૧, ૧૭.૧૬.૧૨ ના સમયે વાંઝીયાખુટ, તા.સંતરામપુરમાં બોલે છે. ત્યારબાદ કલાક ૧૮.૨૬.૦૯, ૧૮.૨૬.૧૧ ના સમયે મોરા ગામે બોલે છે જે મોરા ગામ ગુગલમેપ પ્રમાણે વાંઝીયાખુટથી ૨૧(એકવીસ) કિલોમીટરના અંતરે આવેલ છે.

આમ, ઉપરોકત લોકેશનના આધારે જોવામાં આવે તો આ મોબાઈલ નંબર ૯૩૧૩૩૧૦૬૫૮ નંબરનું મુવમેન્ટ સાગડાપાડા તા.ફતેપુરાથી રાઠોડના ડુંગરપુર તા.લીમખેડા એટલે કે સાગડાપાડાથી રાઠોડના ડુંગરપુર ગુગલમેપ પ્રમાણે ૧૭ કિલોમીટર દુર આવેલ છે ત્યાં બોલે છે. ત્યારબાદ રાઠોડના ડુંગરપુરથી અનિકા જે રાઠોડના ડુંગરપુરથી દશ કિલોમીટરના અંતરે આવેલ છે ત્યાં બોલે છે અને ત્યારબાદ વાંઝીયાખુટ જે સોળ કિલોમીટર દુર અનિકાથી આવેલ છે ત્યાં બોલે છે અને ત્યારબાદ મોરા જે વાંઝીયાખુટથી એકવીસ કિલોમીટર દુર આવેલ છે ત્યાં બોલે છે અને ત્યારબાદ સીધુ ભચાઉ બોલે છે.

**અનિકાનું જે લોકેશન છે ત્યાંથી નાની ભુગેડી માત્ર ૧.૯ કિલોમીટર દુર આવેલ છે તે હકીકત ગુગલમેપ ઉપરથી જાણી શકાય છે.**

**૧૯.૨૦)** તા.૧૬.૦૯.૨૦૨૨ ના કલાક ૦૪.૩૯.૨૬, ૦૪.૪૯.૨૭ ના સમયે જુના દરબાર ગઢ જય કંથડનાથજી મંદિર ભચાઉમાં બોલે છે. ત્યારબાદ કલાક ૦૮.૪૨.૪૧, ૦૮.૪૨.૪૨, ૦૮.૪૨.૪૩, ૦૮.૪૨.૪૪, ૦૮.૪૪.૦૬, ૧૮.૦૪.૫૧, ૧૮.૦૪.૫૨, ૧૮.૦૪.૫૪, ૧૮.૦૪.૫૫, ૧૮.૦૪.૫૬ ના સમય સુધી ટેલીફોન એક્ષ્ચેન્જ ધાનેટીમાં બોલે છે.

તેજ રીતે તા.૧૬.૦૯.૨૦૨૨ કલાક ૦૫.૦૮.૦૩ ના સમયે આરોપી નં.૨ ના મોબાઇલનું લોકેશન ભચાઉ હાઇવે હચ ટાવર નજીક કનૈયાબે ગામે તા.ભુજ, જી. કચ્છમાં બોલે છે. ત્યારબાદ કલાક ૦૫.૧૩.૫૧, ૦૮.૪૨.૪૩, ૧૧.૫૧.૨૦, ૧૧.૫૧.૩૭, ૧૪.૨૫.૩૮, ૧૫.૨૩.૦૩, ૧૫.૩૯.૪૮, ૧૬.૧૮.૧૩ ના સમયે લોકેશન ટેલીફોન એક્ષ્ચેન્જ ધાનેટીમાં બોલે છે. ત્યારબાદ, કલાક ૧૭.૪૪.૧૯ ના સમયે નાડાપા તા.ભુજમાં બોલે છે. ત્યારબાદ કલાક ૧૮.૦૫.૫૧, ૧૮.૫૧.૨૫ ના સમયે ટેલીફોન એક્ષ્ચેન્જ ધાનેટીમાં આ લોકેશન બોલે છે.

**૧૯.૨૧)** સાહેદ નં.૧૭ જેઓએ આંક–૫૨ થી પુરાવો આપેલ છે તેઓની ઉલટતપાસ આરોપી તરફે થયેલ છે તેમાં પેરા–૨૯ અને ૩૦ માં એ હકીકત જણાવેલ છે કે,

''૨૯.એ વાત ખરી છે કે ઉપરોકત સીમકાર્ડ વાળો મોબાઈલ નંબર મે કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે આ મોબાઈલ આરોપીના પતિનો હતો અને આરોપી વાપરતા હતા તે હકીકત ખોટી જણાવુ છુ. મે એલ.સી.બી.ને ઉપરોકત નંબર આપેલ

અને એલ.સી.બી.એ જણાવેલ કે જે તે વખતે ઉપરોકત નંબરનુ લોકેશન સંતરામપુર,અંજાર મળેલ.આ માહીતી તા.૧૬/૯/૨૨ ના રોજ એલ.સી.બી.એ મૌખીક રીતે આપેલ.

૩૦. આ મોબાઈલ આરોપી નં. ૧ વાપરે છે તેની માહીતી આરોપી નં.૧ ના પતિ પાસેથી તા.૧૬/૯/૨૨ ના રોજ લીધેલ. એ વાત ખરી નથી કે આ માહીતી આરોપી નં. ૧ ના પતિએ આપેલ તે હકીકત ખોટી જણાવુ છુ. ''

**૧૯.૨૨)** વધુમાં ધાનેટીમાંથી પી.એસ.આઇ. બગડા સાહેદ નં.૧૬ આરોપી નં.૧ ને આજ ફોનના લોકેશનના આધારે પકડી લાવેલ છે અને તેની નોંધ આંક-૯૮ ની સ્ટેશન ડાયરી જે પધ્ધર પશ્ચિમ કચ્છનું પોલીસ સ્ટેશન છે ત્યાં પડાવે છે અને આ બગડાને મદદ કરવા ટમુબેન હેડકોન્સટેબલ ગયેલા તેઓએ પણ બગડાના પુરાવાને સમર્થન આપેલ છે કે, આરોપી સવિતાબેનને પકડીને પધ્ધર પોલીસ સ્ટેશનમાં લાવેલા. આમ, જે અનિલભાઇએ આંક-૧૪ સાહેદ નં.૩ તરીકે જે પુરાવો આપેલ છે તેનાથી એ હકીકત સાબિત થાય છે કે, અનિલભાઇનો આ મોબાઇલ નંબર જે ૯૩૧૩૩૧૦૬૫૮ વાળો હતો તે મોબાઇલ આરોપી નં.૧ જ વાપરતાં હતા કારણકે, આ લોકેશન સાગડાપાડાથી શરૂ થયેલુ જે ધાનેટી ટેલીફોન એક્ષ્ચેન્જમાં બતાવે છે તેના આધારે તપાસ એજન્સી આરોપી નં.૧ સુધી પહોંચેલ છે અને ત્યાંથી આરોપી નં.૧ ને જ આરોપી નં.૧ નું આધાર કાર્ડ જોયા બાદ પી.એસ.આઇ. બગડા પકડીને લાવેલ.

વધુમાં જે રીતના હાલના આરોપી નં.ર આરોપી નં.૧ ના સતત સંપર્કમાં એટલે કે તા.૧૦.૦૯.૨૦૨૨ પહેલાં છે તથા આંક–૮૭ જોતાં તા.૧૦.૦૯.૨૦૨૨ ના રોજ ૧૨ (બાર) વાર તથા તા.૧૧.૦૯.૨૦૨૨ ના રોજ ૧૩ (તેર) વાર તથા તા.૧૨.૦૯.૨૦૨૨ ના રોજ ૧૮ (અઢાર) વાર તથા તા.૧૩.૦૯.૨૦૨૨ ના રોજ ૨૨ (બાવીસ) વાર તથા તા.૧૪.૦૯.૨૦૨૨ ના રોજ ૧૮ (અઢાર) વાર તથા તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ ૦૮ (આઠ) વાર. આમ, તા.૧૦.૦૯.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ એકાણુ વાર (૯૧) વાર સંપર્કમાં રહેલા છે અને આરોપી નં.ર કાનાજીભાઇ ઉપર તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ ફોન કરી ભાડે મકાન રખાવે છે અને ત્યાં કાનાજીભાઇ અને સાહેદ રાજેશભાઇના પુરાવા મુજબ પોલીસ એક બહેનને આરોપી નં.ર નાએ રાખેલ મકાનમાંથી પકડે છે અને આ પકડનાર પી.એસ.આઇ. લલીતાબેન બગડાએ પુરાવો આપેલ છે કે, લોકેશનના આધારે કાનાજીના મકાનમાંથી આ આરોપી સવિતાબેનને પકડેલ છે અને તે સંજોગોમાં આરોપી નં.ર નું આ આરોપી નં.૧ પાસે જે મોબાઇલ હતો તેના સતત સંપર્કમાં રહેવુ તથા આરોપી નં.૧ પાસે જે મોબાઇલ હતો તે મોબાઇલ ધારકનું લીમખેડા તાલુકા, સંતરામપુર તાલુકા થી તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ ભચાઉ પહોંચવું અને ધાનેટી ગામે પહોંચવું અને જે રૂમ જાકબે એટલે કે આરોપી નં.(ર) નાએ ભાડે રાખેલ ત્યાંથી જ મળી આવવું આ તમામ સંજોગ એ હકીકત સાબિત કરે છે કે, આ ફોન જે આરોપી નં.(૧) ના પતિના નામે હતો અને જે ફોનનું લોકેશન સાગડાપાડા, અનિકા, વાંઝીયાખુટ, મોરા, કંથનાથજી

મંદિર અને ધાનેટી ટેલીફોન એક્ષ્ચેન્જમાં આવે છે તે મોબાઈલ હાલના આરોપી નં.૧ જ વાપરતાં હતા અને જેના નામનો સીમકાર્ડ છે તે અનિલભાઈનો જવાબ સંતરામપુર પોલીસે સંતરામપુર તાલુકામાં તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ લીધેલ છે જયારે આ મોબાઈલનું લોકેશન તે દિવસે ભચાઉ અને ધાનેટી બોલે છે અને તેથી આરોપી નં.૧ ના પતિનો પુરાવો છે કે, આ મોબાઈલ જેનો સીમકાર્ડ નં.૯૩૧૩૩૩૧૦૬૫૮ હતો તે આરોપી નં.૧ વાપરતાં હતા તે હકીકત ઉપરોકત સંજોગોમાં વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

**(૨૦) બનાવ સ્થળની નજીક આરોપી નં.૧ ને સાહેદોએ જોયેલ તે અંગે.**

**૨૦.૧)** આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ નં.૪ કલ્પેશભાઈ સીંગાભાઈ બામણીયાને આંક–૧૫ થી તપાસેલા છે અને તેઓએ તેમની પુરાવામાં જણાવેલ છે કે , તેઓઓ બનાવ સ્થળે આ બાળકની લાશ જોયેલ અને વધુમાં પેરા–૪ અને ૫ માં આ સાહેદ જણાવે છે કે,

'' ૪. મે તે દીવસે બપોરના બાર થી સાડા બાર વાગ્યાના અરસામાં એક બહેન **આ બાળકને લઈને મારુ ઘર** કે જે ગોઠીબથી સંજેલી જવાના રસ્તા પર આવેલ છે ત્યાંથી જતા જોયેલ અને ત્યારબાદ કલાક દોઢ કલાક બાદ આ બહેનને બાળક વગર એકલા ગોઠીબ બાજુ જતા જોયેલ.તે બહેને ગાઉન પહેરેલ હતો અને ગુલાબી કલરનો ચણીયો અને માથે ઓઢણી પહેરેલ હતી.આ સ્ત્રી આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરના હતા. મે આ હકીકત જમાદાર સાહેબ તથા બીજા લોકોને પણ કરેલ. આ સ્ત્રી આજરોજ

નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.ખેતરના માલીક સાથે મારે કોઈ ચર્ચા થયેલ નહી. બનાવ બાબતે ખેતરના માલીકે ફરીયાદ આપેલ. પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલ.

૫. મને લાશની બાજુમાં પડેલ પથ્થર તથા બાળકે પહેરેલ કપડા બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ.મને મુ.મા. આર્ટી નં. ૩ પથ્થર બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ છે.મને મુ.મા. આર્ટી નં. ૪ એક ટીશર્ટ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ છે.મને મુ.મા. આર્ટી નં.૫ એક ચડ્ડી મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ ચડ્ડી છે. મને મુ.મા.આર્ટી નં. ૬ જે સીલબંધ છે તે ખોલીને જોતા તેમાંથી એક ગાઉન નીકળેલ છે તે મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ ગાઉન છે જે તે સ્ત્રીએ પહેરેલ. મને મુ.મા.આર્ટી નં. ૭ જે સીલબંધ છે તે ખોલીને જોતા તેમાથી એક બ્લાઉઝ નીકળેલ છે તે મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુકે આ તે જ બ્લાઉઝ છે જે તે સ્ત્રીએ પહેરેલ મને મુ.મા.આર્ટી નં. ૮જે સીલબંધ છે તે ખોલીને જોતા તેમાથી એક ચણીયો નીકળેલ છે તે મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તે જ ચણીયો છે જે તે સ્ત્રીએ પહેરેલ''

ઉલટતપાસમાં ઉપરોકત પેરા ૪ અને ૫ ની હકીકતનો ઈન્કાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે પરંતુ કોઇ ખંડન આરોપીપક્ષ ઉપરોકત પેરા–૪ અને ૫ બાબતે કરી શકેલ નથી. વધુમાં આ સાહેદે અદાલત રૂબરૂ આરોપી નં.૧ ને ઓળખી બતાવેલ છે.

**૨૦.૨)** આ કામમાં સાહેદ અંબાલાલભાઈ રૂઘાભાઈ ડામોરને સાહેદ નં.૬ તરીકે આંક–૧૭ થી તપાસેલા છે પરંતુ તેઓએ તેમના પુરાવામાં એક બેનને છોકરૂં લઈને જતાં જોયેલા અને અડધા કલાક પછી પાછા એકલા આવતાં જોયેલા તેથી છોકરૂં કયાં છે તેવુ આ બહેનને પુછેલુ તો આ બેને જણાવેલ કે તેમની બેનના ઘરે મુકીને આવેલ છે પરંતુ આ સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ બહેનને જોયેથી આ સાહેદ ઓળખી ન શકે.

**૨૦.૩)** આ કામમાં સાહેદ સરદારભાઈ ગલજીભાઈ ડામોર તથા તેમના પત્ની ચંપાબેન સરદારભાઈ ડામોરને અનુક્રમે સાહેદ નં.૯ અને ૧૦ તરીકે તપાસેલા છે અને સરતપાસમાં આરોપી નં.૧ ને તેઓએ છોકરા સાથે અને વળતાં છોકરા વગર આવતા તેમની પત્ની તથા અંબાલાલભાઈએ પુછેલુ કે છોકરૂં કયાં છે તો આ બહેને એટલે કે આરોપી નં.૧ નાએ અંબાલાલને એવું જણાવેલુ કે, તેમની બહેન કે ફોનના ત્યાં મુકીને આવેલ છે. ઉલટતપાસમાં ચંપાબેને સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપી નં.૧ ને પોલીસ સ્ટેશનમાં ઓળખવા માટે બોલાવેલા ત્યાં ઓળખેલા અને ત્યારબાદ મામલતદાર ઓફીસમાં ઓળખી બતાવેલા અને બંને વખતે તે અને તેના પતિ સરદારભાઈ સાથે હતા.

**૨૦.૪)** આ કામમાં ઉપરોકત સાહેદોના પુરાવાથી એ હકીકત બહાર નીકળે છે કે, તેમના ગામે બાળકની લાશ મળેલ છે અને જયારે ગામમાં આવો કયારેય ન બનતો બનાવ બને તો તે બનાવ પહેલાની ઘટના સાહેદોના મગજમાં ફરી યાદ રૂપે તાજી થાય

છે અને તે સંજોગોમાં બનાવના દિવસે આરોપી નં.૧ ને બાળક સાથે ત્યાં જોયેલા તે હકીકત આ સાહેદોના પુરાવાથી પણ સાબિત થાય છે. વધુમાં મહત્વની હકીકત એ છે કે, ફરીયાદ તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે અને ફરીયાદમાં જ એક સ્ત્રી આ ગુજરનાર બાળકને લઇને જતાં જોયેલ છે. વધુમાં આ હકીકત એટલા માટે માનવા લાયક છે કે, સાહેદ કલ્પેશભાઇ, સાહેદ નં.૧૦ ચંપાબેન આંક–૩૪ ના પુરાવામાં પણ જણાવે છે કે, આ બહેનને ગોઠીબ જવાના રસ્તા બાજુ જતાં જોયેલા અને આ ઉપરોકત પુરાવો એટલા માટે માનવા લાયક બને છે કે, આ બહેનનું લોકેશન ગોઠીબ જઇ શકાય તે બાજુ એટલે કે અનિકા ગામમાં ઉપર ચર્ચા કરી તે પ્રમાણે આવેલ છે. વધુમાં આ ઉપરોકત સાહેદે આરોપી નં.(૧)ના પિયર કે સાસરીના ગામના નથી અને તેઓ અને આરોપી નં.૧ વચ્ચે કોઇ વૈમનશ્ય હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી અને જો આરોપી નં.૧ ને ખોટી રીતે જ સંડોવવા હોત તો ફરીયાદમાં જ આરોપી નં.૧ નું નામ જણાવેલ હોત અને આ તમામ સંજોગોમાં આરોપી નં.૧ ને જ બાળક સાથે ગુનાવાળી જગ્યા તરફ જોયાની અને ત્યારબાદ એકલા પરત આવેલાની હકીકત ન માનવા માટે રેકર્ડ ઉપર કોઇ કારણ નથી.

**(૨૧) આરોપી નં.૧ના કપડાં કબ્જે કર્યા અંગે.**

**૨૧.૧)** આ કામમાં આરોપી નં.૧ પાસેથી વાદળી કલરનું ગાઉન, લાલ ગુલાબી કલરનો મેલા જેવો કબ્જો, લાલ કલરનો ચણીયો કબ્જે કર્યાનું પંચનામું તા.૨૧.૦૯.૨૦૨૨ ના રોજ કલાક ૧૫/૦૦ થી ૧૫/૩૦ વાગે કરવામાં આવેલ છે

અને તે પહેલાં ૦૧/૦૫ કલાકે ઓળખ પરેડનું પંચનામું થયેલ છે. સરદારભાઈ સાહેદ નં.૯ આંક–૩૩ માં એવુ જણાવે છે કે, જે કપડાં કબ્જે કરેલા છે તે જ કપડાં ઓળખ પરેડ વખતે આ બહેને પહેરેલ હતાં કારણકે તેઓએ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, '' તે વખતે આરોપી બહેને મને આજરોજ આરોપીના જે મુદ્દામાલ કપડાં બતાવેલ છે તેજ કપડાં તેણે પહેરેલ હતાં. '' તેજ રીતે ચંપાબેને ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, '' એ વાત ખરી છે કે, આરોપી બેનના કપડાં અલગ કલરના હતાં. તેણી ગુલાબી કલરનો ચણીયો અને ગાઉન પહેરેલ હતુ ગાઉન વાદળી કલરનો હતો.''

આમ, લલીતાબેન ભોજાભાઇ બગડા, પી.ડબલ્યુ–૧૬ આંક–૪૭ ના પુરાવા મુજબ તેઓએ તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી સવિતાબેનને કચ્છથી પકડેલા છે અને તેમનું ધરપકડનું ચહેરા નિશાન પત્રક તા.૧૮.૦૯.૨૦૨૨ ના ૧૮/૧૫ કલાકે અટક બતાવવામાં આવેલ છે અને ઓળખ પરેડનું પંચનામું તા.૨૧.૦૯.૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે અને સાહેદ સરદારભાઇ અને તેમની પત્નીનો પુરાવો જોતાં તા.૨૧.૦૯.૨૦૨૨ ના રોજ ઓળખ પરેડના પંચનામા પછી આરોપી નં.૧ પાસેથી જે કપડાં કબ્જે કરેલ છે તે જ કપડાં ઓળખપરેડના પંચનામા વખતે આરોપીએ પહેરેલ હતા અને તે સંજોગોમાં તા.૧૫.૦૯.૨૦૨૨ થી તા.૨૧.૦૯.૨૦૨૨ સુધી બનાવવાળા જ કપડાં આરોપી બહેને પહેરી રાખેલ હોય તેવું ના બને અને તે

સંજોગોમાં કપડાં કબ્જે કર્યાના પંચનામા બાબતે ફરીયાદપક્ષના કેસની સત્યતા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે.

**(૨૨) આરોપી નં.૧ ના કન્ફેશન બાબતે.**

**૨૨.૧)** આ કામમાં તપાસ કરનાર અમલદારે આંક–પર ના પુરાવામાં સાહેદ નં.૧૭ તરીકે એ હકીકત જણાવેલ છે કે, આંક–૬૮ વાળી યાદી આરોપી નં.૧ ની કબુલાત નોંધવા માટે કરેલી અને આ કબુલાત જે આ કામમાં આંક–૧૦૪ થી રજુ છે જે કબુલાત તા.૨૬.૦૯.૨૦૨૨ ના રોજ એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સંતરામપુર રૂબરૂ નોંધવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

'' સદર કામે આરોપીને હાલમાં જયુડીશીયલ કસ્ટડીમાંથી લાવવામાં અચાવેલ છે અને તેઓ તે જાતે નિવેદન લખાવવા માટે છે અને તેઓના તે નિવેદન આપવા માટે વિચારવા પુરતો સમય આપવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છાએ નિવેદન આપવા માંગે છે તેમ જણાઇ આવે છે તેથી તેઓના શબ્દોમાં તેઓના લખાવ્યા મુજબનું નિવેદન રેકર્ડ કરવામાં આવે છે.

અમે બહાર કચ્છ ગામે મજુરી કરવા માટે ગયેલ હતાં ત્યાં અમારી સાથે કામ કરતો અને અમારી સાથે રહેતો જાખમભાઇ સાથે અમારે સંબંઘ થયેલ હતો અને તે મે રાત્રે બોલાવવા આવતો અને હુ ન જતી તો તે મને જબરદસ્તી ઘમકી આપતો હતો અને તે મારા પતીને પણ ઘમકીઓ આપતો હતો અને મારા પતીને તે બાબતની ખબર પડી જતાં અમે અમારા ઘરે આવી ગયેલ હતાં અને મારા પતીને મારા અને જાખમના સંબંઘ

વિશે ખબર પડી જતાં મારા પતી મને તેમના ઘરે રહેવા દેતાં ન હતાં તેથી હુ રીસાઇને મારા પીયર આવી ગયેલ ત્યારે જાખમ મને વારંવાર ફોન કરીને મને કહેતો હતો કે તુ અહીયા મારી પાસે આવતી રહે હુ તને પત્ની તરીકે રાખીશ અને નહી આવે તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપતો હતો અને હુ ન ગયેલ તો તે મને વારંવાર ફોન કરતો હતો અને કહેતો હતો કે તુ તારા છોકરાને મારી નાખ અને અહીયા મારી પાસે આવતી રહે તેમ કહીને મને ધમકીઓ આપતો હતો અને મારી ઉપર દબાણ લાવીને મારી પાસે જબરદસ્તી છોકરો મરાવી નાખેલ. મે ભુગેડી ગામમાં ખેતરમાં મારા છોકરાને પથ્થર મારીને મારી નાખેલ. જાખમભાઈની ધમકીના કારણે મે મારા છોકરાને મારી નાખેલ છે. જાખમભાઈ મને હંમેશા કહેતો કે તુ તારા છોકરાને મારી નાખીને નહી આવે તો તને અને તારા પતીને અને તારા છોકરાને મારી નાખીશ તેથી તેની ધમકીના દબાણમાં આવીને મે મારા છોકરાને મારી નાખેલ છે. હુ મારા છોકરાને મારી નાખવા માટે માનતી ન હતી તો જાખમ મને વારંવાર ધમકી આપતો હતો અને તેથી ડરીને મે મારા છોકરાને મારી નાખેલ છે.''

આ કામમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૨૪ રજુ કરવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**Section 24. Confession caused by inducement, threat or promise, when irrelevant in criminal proceeding.**

A confession made by an accused person is irrelevant in a criminal proceeding, if the making of the confession appears to the Court to

have been caused by any inducement, threat or [1]promise having reference to the charge against the accused person, proceeding from a person in authority and sufficient, in the opinion of the Court, to give the accused person grounds which would appear to him reasonable for supposing that by making it he would gain any advantage or avoid any evil of a temporal nature in reference to the proceedings against him.

કલમ–૨૪ લક્ષમાં લેતાં એવું જણાઇ આવે છે કે , કોઇ પણ વ્યકિત ગુનો કરે ત્યારબાદ તેનો ઉશ્કેરાટ શમી જતો હોય છે અને ત્યારબાદ આવી વ્યકિત ગુનો કર્યો હોય તેની માનસિક સ્થિતીમાંથી બહાર આવતી હોય છે અને ત્યારબાદ કુદરતી માનવ સ્વભાવ જાગૃત થતો હોય છે એટલે કે વ્યકિત વાસ્તવિકતામાં આવતો જાય છે અને ત્યારબાદ વ્યકિતના મનમાં ભય કે પસ્તાવો જન્મ લેતો હોય છે અને ત્યારબાદ જો તે પસ્તાય તો ઘણાં સંજોગોમાં આવી વ્યકિત કોઇ ખોટુ થયાની ભાવના સાથે કરેલુ કૃત્ય કબુલતી હોય છે.

આમ, કલમ ૨૪ અને ૨૬ વંચાણે લેતાં જો કબુલાત સ્વેચ્છાપૂર્વકની હોય અને કબુલાત કરનાર પોલીસ કસ્ટડીમાં હોય અને આરોપી આવી કબુલાત પોલીસ કસ્ટડી દરમ્યાન મેજીસ્ટ્રેટ રૂબરૂ કરે તો જ તે પુરાવામાં ગ્રાહ્ય ગણી શકાય.

આ કામમાં ભારતીય પુરાવા ધારાની કલમ– ૮૦ રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**80. Presumption as to documents produced as record of evidence.**

Whenever any document is produced before any Court purporting to be a record or memorandum of the evidence, or of any part of the evidence, given by a witness in a judicial proceeding or before any officer authorized by law to take such evidence, or to be a statement or confession by any prisoner or accused person, taken in accordance with law, and purporting to be signed by any Judge or Magistrate, or by any such officer as aforesaid, the Court shall presume - that the document is genuine; that any statement as to the circumstances under which it was taken, purporting to be made by the person signing it, are true, and that such evidence, statement or confession was duly taken.

આમ, કલમ–૮૦ જોવામાં આવે તો જો મેજીસ્ટ્રેટ કબુલાત લેવા માટે અધિકૃત હોય અને તે મેજીસ્ટ્રેટ આવી કોઈ કબુલાત નોંધે અને તે કબુલાત કોઈ અદાલત સમક્ષ રજુ કરવામાં આવે તો તે કબુલાત વિધિવત લેવામાં આવેલ છે તેવું અનુમાન આદેશાત્મક રીતે અદાલતે કરવાનું હોય છે કારણકે, ધારાસભાએ જે શબ્દો વાપર્યા છે તેમાં એવું છે કે, ''**the Court shall presume** – that the document is genuine; that any statement as to the circumstances under which it was taken, purporting to be made by the person signing it, are true, and that such evidence, statement or **confession was duly taken**.''

જો કોઈ પક્ષકાર ઈચ્છે કે આવું અનુમાન થઈ શકે તેમ નથી તો તે પક્ષકારે આ અનુમાન ન થઈ શકે તેવુ મટીરીયલ અદાલતને બતાવવું પડે.

આમ, ઉપરોકત કલમ–૨૪, ૨૬ અને ૮૦ ની જોગવાઈઓ જોતાં અને આંક–૬૮ ની યાદી એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની તા.૨૦.૦૯.૨૦૨૨ ના રોજ મળેલ છે અને કન્ફેશન તા.૨૬.૦૯.૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે તે જોતાં તે યોગ્ય રીતે અને આરોપી નં.૧ ની મરજી મુજબ અને સ્વેચ્છાએ નોંધાયેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

**૨૨.૨)** આ કામમાં આંક–૫૨ ના સાહેદ નં.૧૭ ની ઉલટતપાસ ઉપરોકત બાબતે આરોપીઓ તરફે થયેલ છે અને તેમાં આ કબુલાત અંગે આરોપી તરફે ઉલટતપાસના પેરા ૪૮ અને ૪૯ માં એવો કેસ મુકવામાં આવેલ છે કે,

''૪૮ ................ એ વાત ખરી છે કે તા.૨૦/૦૯/૨૨ ના રોજ કબુલાત નોંધવા માટે જયુડી.મેજી.ફ.ક.માં મે અરજી કરેલ અને આરોપીને તે દીવસે કોર્ટમાં લઈ ગયેલ.એ વાત ખરી નથી કે મારી સામે આરોપીએ આવુ નીવેદન આપવાનો ઈન્કાર કરેલ અને તેથી તા.૨૦.૯.૨૨ ના રોજ મે આરોપીના રીમાન્ડની અરજી કરેલ. એ વાત ખરી છે કે આરોપીના રીમાન્ડ તા.૧૯/૯/૨૨ થી તા.૨૩/૯/૨૨ સુધીના આપેલ.

૪૯.એ વાત ખરી નથી કે આ રીમાન્ડ દરમ્યાન આરોપીને માર મારેલ,માનસીક ત્રાસ આપેલ અને આરોપીને હુ ઉંઘવા દેતો ન હતો. એ વાત ખરી નથી કે મે આરોપીને પ્રલોભન આપેલ કે જો તમે કબુલાત કરશો તો સાચા આરોપીને પકડી તમોને છોડી દઈશુ અને જો આરોપી તેમ ના કરે તો ખૂબ માર મારવાની ધમકી આપેલ.

એ વાત ખરી નથી કે આરોપીએ સ્વેચ્છાએ નામ.કોર્ટમાં નીવેદન આપેલ નથી.એ વાત ખરી નથી કે આ નીવેદન કોર્ટમાં મારી ધાક ધમકી અને પ્રલોભનના કારણે આપેલ છે.''

આમ, ધાક ધમકી, પ્રલોભન વિગેરે હકીકત આરોપી નં.૧ તરફે બચાવમાં મુકવામાં આવેલ છે પરંતુ તેનો ઈન્કાર આ સાહેદ નં.૧૭ નાએ આંક–પર માં કરેલ છે અને તે સિવાય રેકર્ડ ઉપર એવુ કોઇ પ્રથમદર્શનીય મટીરીયલ આરોપી નં.૧ બતાવી શકેલ નથી કે આ કબુલાત આરોપી નં.૧ નાએ ધમકી, પ્રલોભન, વચન કે કોઇ લાભ આ કેસમાં થશે તે કારણે કરવામાં આવેલી છે ઉલ્ટાનું આંક–૧૦૪ જોતાં મેજીસ્ટ્રેટશ્રીએ સ્પષ્ટપણે નોંધેલ છે કે, આરોપીને સવાલ જવાબમાં સમજાવવામાં આવેલ છે કે, કબુલાત તેમની વિરૂધ્ધ પુરવાર થઇ શકે છે અને દાબ દબાણ અંગે પણ પુછવામાં આવેલ છે અને જાતે નિવેદન નોંધાવવા માટે આવેલ છે તેમજ નિવેદન આપવા માટે વિચારવા માટે પુરતો સમય આપવામાં આવેલ છે અને સ્વેચ્છાએ નિવેદન આપવા માંગે છે તેવી સ્પષ્ટ નોંધ મેજીસ્ટ્રેટશ્રીએ કરેલ છે અને તે તમામ સંજોગોમાં આરોપી નં.૧ નાએ સ્વેચ્છાપૂર્વક આ કબુલાત કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

વધુમાં કોઇ દબાણ કે પ્રલોભન હોય તો મેજીસ્ટ્રેટે જયારે પુરતો સમય આપેલ છે અને આ બાબતે સ્પષ્ટ રીતે પુછેલ છે ત્યારે આરોપી નં.૧ તેવી વિગત હોય તો મેજીસ્ટ્રેટને જણાવેલી હોત.

**(૨૩) ઉપરોકત તમામ રેકર્ડ પરના સંજોગો બાબતે મુલ્યાંકન**

**૨૩.૧)** આમ, ઉપરોકત તમામ હકીકત લક્ષમાં લેતાં નીચે મુજબની હકીકત સાબિત થાય છે.

(એ) બનાવના અરસામાં આરોપી નં.૧ તેમના પિયરમાં હતા અને તે હકીકત આરોપી નં.૧ ના પતિ સાહેદ નં.૩ અને આંક–૧૪ ના પુરાવાથી સાબિત થાય છે. વધુમાં આરોપી નં.૧ તરફે જ સાહેદ નં.૧૭ જે આંક–પર થી તપાસેલા છે તેમાં ઉલટતપાસના પેરા–૨૭ માં એવો કેસ મુકેલ છે કે, '' એ વાત ખરી છે કે, આરોપી નં.૧ બનાવના અરસામાં તેના પિયરમાં રહેતાં હતા. '' અને આરોપી નં.૧ તરફે વિધ્વાન ચીફ લીગલ એઇડ ડીફેન્સ કાઉન્સીલ શ્રીએ આંક–૧૦૯ થી લેખીતી દલીલો કરેલ છે કે, ગુજરનાર પ્રિન્સ આરોપી સવિતાબેન પાસે હતો અને બનાવના બે દિવસ પહેલા આ સવિતાબેન ખેતરમાં ગયેલા અને પરત આવેલા ત્યારે આ ગુજરનાર પ્રિન્સને કોઇ અજાણી વ્યકિત લઇ ગયેલી અને તે બાબતે તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલા પરંતુ પોલીસે ફરીયાદ લીધેલી નહીં.

(બી) તે વખતે ગુજરનાર બાળક પ્રિન્સ આરોપી નં.૧ પાસે હતુ અને આ હકીકત આરોપી નં.૧ તરફે બિનતકરારી છે કારણકે આરોપી નં.૧ તરફે જ સાહેદ નં.૧૭ જે આંક–પર થી તપાસેલા છે તેમાં ઉલટતપાસના પેરા–૪૩ માં એવો કેસ મુકેલ છે કે,''એ વાત ખરી છે કે આરોપી નં. ૧ તેના માતા પિતા સાથે રહેતી હતી.એ વાતની મને ખબર નથી કે તે તેના માતા પિતાને ખેતીના કામમાં મદદ કરતી હતી. એ વાતની મને ખબર નથી કે **આરોપી નં.૧ ફરીયાદના બે દીવસ અગાઉ તેના માતા પિતા**

**સાથે ખેતરમાં ગયેલ અને બાળક તેના માતા પિતાના ઘરે હતુ.** એ વાતની મને ખબર નથી કે આરોપી નં. ૧ ના માતા પિતા ઘરે આવેલ ત્યારે આ છોકરુ ઘરે ન હતુ. એ વાતની મને ખબર નથી કે આરોપી નં. ૧ અને તેના માતા પિતાએ આ છોકરાની શોધખોળ ચાલુ કરેલ. એ વાત ખરી નથી કે આ બાબતે આરોપી નં.૧ મારી પાસે ફરીયાદ કરવા માટે આવેલ પરંતુ તેની ફરીયાદ અમોએ લીધેલ નહી. એ વાત ખરી નથી કે આરોપી નં. ૧ ની ગેરહાજરીમાં કોઈ અજાણી વ્યકિત છોકરાને ઉપાડી ગયેલ. એ વાત ખરી નથી કે બનાવ વખતે બાળકોને ઉઠાવવા વાળી ટોળકી ગુજરાતમાં ફરતી હતી અને પકડાવવાની બીકે બાળકને મારીને ફેંકી દેતા હતા. એ વાત ખરી નથી કે આવી ટોળકી સામે સંતરામપુર પો.સ્ટે.માં ગુનો રજી.થયો છે.''

(સી) બાળકની લાશ તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ નિપમકુમાર બળદેવભાઇ પંચાલના મકાઈ અને તુવેર વાવેલ હતી તે ખેતરમાંથી મળી આવેલ છે.

(ડી) આરોપી નં.૧ તેમના પતિના નામના સીમકાર્ડ વાળો સીમકાર્ડ નં.૯૩૧૩૩૧૦૬૫૮ વાપરતાં હતા.

(ઇ) તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી નં.૧ જે મોબાઇલ વાપરતા હતા તેનું લોકેશન નીચે મુજબ મળેલ છે.

આરોપી નં.૧ ના પતિના મોબાઇલનું લોકેશન તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ કલાક ૦૪.૪૩.૦૪ ના સમયે સાગડાપાડા, તા.ફતેપુર, જી.દાહોદ, ગુજરાતમાં બોલે છે. ત્યારબાદ કલાક ૦૬.૩૩.૪૩ના સમયે રાઠોડના ડુંગરપુર, તા.લીમખેડામાં બોલે છે.

ત્યારબાદ કલાક ૧૩.૦૩.૦૦, ૧૩.૦૩.૦૨, ૧૩.૦૩.૦૪, ૧૩.૦૩.૨૨, ૧૩.૦૮.૫૯, ૧૩.૩૩.૧૮, ૧૩.૩૩.૧૯, ૧૩.૩૩.૨૦, ૧૩.૩૩.૪૭ ના સમયે કે ગામ અનિકા, તા.ઝાલોદમાં બોલે છે. ત્યારબાદ કલાક ૧૭.૧૬.૦૭, ૧૭.૧૬.૦૮, ૧૭.૧૬.૦૯, ૧૭.૧૬.૧૧, ૧૭.૧૬.૧૨ ના સમયે વાંઝીયાખુટ, તા.સંતરામપુરમાં બોલે છે. ત્યારબાદ કલાક ૧૮.૨૬.૦૯, ૧૮.૨૬.૧૧ ના સમયે મોરા ગામે બોલે છે જે મોરા ગામ ગુગલમેપ પ્રમાણે વાંઝીયાખુટથી ૨૧(એકવીસ) કિલોમીટરના અંતરે આવેલ છે.

આમ, ઉપરોકત લોકેશનના આધારે જોવામાં આવે તો આ મોબાઈલ નંબર ૯૩૧૩૩૧૦૬૫૮ નંબરનું મુવમેન્ટ સાગડાપાડા તા.ફતેપુરાથી રાઠોડના ડુંગરપુર તા.લીમખેડા એટલે કે સાગડાપાડાથી રાઠોડના ડુંગરપુર ગુગલમેપ પ્રમાણે ૧૭ કિલોમીટર દુર આવેલ છે ત્યાં બોલે છે. ત્યારબાદ રાઠોડના ડુંગરપુરથી અનિકા જે રાઠોડના ડુંગરપુરથી દશ કિલોમીટરના અંતરે આવેલ છે ત્યાં બોલે છે અને ત્યારબાદ વાંઝીયાખુટ જે સોળ કિલોમીટર દુર અનિકાથી આવેલ છે ત્યાં બોલે છે અને ત્યારબાદ મોરા જે વાંઝીયાખુટથી એકવીસ કિલોમીટર દુર આવેલ છે ત્યાં બોલે છે અને ત્યારબાદ સીધુ ભચાઉ બોલે છે.

વધુમાં જે જગ્યાની સીમવાળા ખેતરમાં એટલે કે ફરીયાદીના ખેતરમાં આ મૃત હાલતમાં પ્રિન્સ મળી આવેલ છે ત્યાં પણ આ આરોપી નં.૧ ને સાહેદોએ જોયેલા છે તે

વો સ્પષ્ટ પુરાવો ચર્ચા કરી તે મુજબ રેકર્ડ ઉપર આવેલ છે અને તે પુરાવો અને લોકેશન બંને એક બીજાનો પુરક બને છે.

(એફ) નાની ભુગેડી અને આરોપી નં.૧ના પિયરવાળુ ગામ ભામણ વચ્ચે ગુગલમેપ પ્રમાણે માત્ર ૬.૪ કિલોમીટરનું અંતર છે અને તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી નં.૧ નું લોકેશન સાગડાપાડા જે ભામણગામ થી ૯.૮ કિલોમીટર છે ત્યાં ત્યારબાદ અનિકા જે નાની ભુગેડીથી માત્ર ૧.૯ કિલોમીટર દુર છે ત્યાં ત્યારબાદ વાંઝીયાખુટ અને ત્યારબાદ મોરા ગામે મળે છે અને ત્યારબાદ ભચાઉ અને ત્યારબાદ ધાનેટી ટેલીફોન એક્ષ્ચેન્જમાં મળે છે.

(જી) સાહેદ કાનાભાઇ કાનજીભાઇ ઢીલા સાહેદ નં.૧૨ ના પુરાવા મુજબ તેમના મકાનમાં તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી નં.૨ નાએ મકાન ભાડે રાખેલ અને તે મકાનમાંથી એક બહેનને પોલીસે પકડેલ.

(એચ) સાહેદ રાજેશભાઇ ગુલાબભાઇ પરમાર કે જેઓ જે બહેનને જે કાનજીભાઇ ઢીલાભાઇએ આપેલ ભાડાના મકાનમાંથી પકડેલ તેના પાડોશી છે તેઓએ પણ એ હકીકત સોગંદ ઉપર જણાવેલ છે કે, તેમના જમણી બાજુના મકાનમાંથી એક બહેન પકડાયેલા.

(આઇ) સાહેદ લલીતાબેન ભોજાભાઇ બગડા સાહેદ નં.૧૬ આંક–૪૭ થી સોગંદ ઉપર જણાવે છે કે, તેઓએ કાનાભાઇ ઢીલાના મકાનમાંથી આરોપી નં.૧ ને ધાનેટી ગામેથી પકડેલા અને તેમને લઇ પધ્ધર પોલીસ સ્ટેશનમાં ગયેલ અને તે અંગે સ્ટેશન

ડાયરીમાં નોંધ પણ કરાવેલ અને આ કામમાં આંક–૯૮ થી રજુ થયેલ થાણા ડાયરી જે તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજની છે તેમાં નોંધ નં.૩૨ થી એવી નોંધ છે કે, આરોપી નં.૧ ને તપાસના કામે હસ્તગત કરવામાં આવેલ છે અને તેને સમર્થન પધ્ધર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ટમુબેને પણ આંક–૯૭ થી સાહેદ નં.૨૧ તરીકે આપેલ છે.

(જે) જે બાળકની લાશ મળેલ અને તે બાળક વણઓળખાયેલ હતુ તે બાળકની ઓળખ તપાસ કરનાર અમલદારના આંક–૫૨ ના પુરાવા મુજબ અને આંક–૫૬ ના પંચનામા મુજબ આરોપી નં.૧ ના પિતાએ કરતા કરતા ખબર પડેલ છે કે, આ બાળક પ્રિન્સ છે જે આરોપી નં.૧ નું અને તેના પતિ અનિલભાઈનું સંતાન છે.

(કે) નાની ભુગેડી ગામના સાહેદો જેઓને તપાસેલા છે તેમાં કલ્પેશભાઈ સાહેદ નં.૪ , સરદારભાઈ સાહેદ નં.૯, રમણભાઈ સાહેદ નં.૧૧ના પુરાવાથી એ સમર્થન મળે છે કે, નાની ભુગેડી ગામે આરોપી નં.૧ તેમના બાળક સાથે જોવા મળેલા.

(એલ) રેકર્ડ ઉપર એ સંજોગ આવેલ છે કે, બાળકનુ મૃત્યુ થયું ત્યારે આરોપી નં.૧ ના કબ્જામાં હતુ તેમ છતાં આરોપી નં.૧ તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ નીકળી અને તા. ૧૬.૦૯.૨૦૨૨ ના રોજ કચ્છ મુકામે પહોંચી ગયેલ છે અને તે સંજોગો બતાવે છે કે, આ બાળકની હત્યા આરોપી નં.૧ નાએ જ કરેલી છે કારણકે બાળકનો કબ્જો આરોપી નં.૧ પાસે હતો અને આરોપી નં.૧ નું લોકેશન વૈજ્ઞાનિક પુરાવાથી એટલે કે સી.ડી.આર.થી નાની ભુગેડી નજીક હતુ તે હકીકત પુરવાર થાય છે જેને સમર્થન

નાની ભુગેડીના ગામના સરદારભાઈ, ચંપાભાઈ અને કલ્પેશભાઈના પુરાવાથી મળે છે.

તેમજ જે રીતના રેકર્ડ ઉપર સાબિત થયેલ છે કે, ગુજરનાર બાળકનો કબ્જો આરોપી નં.૧ પાસે હતો જો ખરેખર બીજા કોઈ વ્યકિતએ આ બાળકની હત્યા કરી હોત તો બાળકની ઓળખાણ જે રીતે આ આરોપી નં.૧ ના પિતા આંક–૫૬ મુજબના પંચનામા મુજબ કરે છે તે રીતે આરોપી નં.૧ ના પિતા સાથે આ આરોપીનં.૧ પણ હોત પરંતુ જે રીતનો પુરાવો ઘાનેટી ગામના કાનાભાઈ અને રાજેશભાઈનો આવેલ છે તે રીતે જે દિવસે બાળકની ઓળખાણ આરોપી નં.૧ ના પિતા કરે છે તે દિવસે આ આરોપી નં.૧ ઘાનેટી એટલે કે કચ્છ જીલ્લામાં પહોંચી જાય છે અને ત્યાંથી જ તે મળી આવે છે તે હકીકત સાહેદ લલીતાબેન બગડા અને ટમુબેન હેડકોન્સટેબલના પુરાવાથી તથા આંક–૯૨ પધ્ધર પોલીસ સ્ટેશનની થાણા ડાયરીના પુરાવાથી પુરવાર થાય છે.

(એમ) **મોટીવ અંગે:–**

આ કામમાં આરોપી નં.૧ ના પતિએ તથા કુટુંબી દીલીપભાઈએ સ્પષ્ટપણે પુરાવો આપેલ છે કે, આરોપી નં.૧ પરણિત હોવા છતાં આરોપી નં.ર સાથે સંબંધ ધરાવતા હતા અને તે સંજોગોમાં મોટીવ ચિત્રમાં આવે છે. આ અંગે ભારતીય પુરાવા ધારાની કલમ–૮ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

"8. Motive, preparation and previous or subsequent

conduct.—Any fact is relevant which shows or constitutes a motive or preparation for any fact in issue or relevant fact. The conduct of any party, or of any agent to any party, to any suit or proceeding, in reference to such suit or proceeding, or in reference to any fact in issue therein or relevant thereto, and the conduct of any person an ofence against whom is the subject of any proceeding, is relevant, if such conduct infuences or is infuenced by any fact in issue or relevant fact, and whether it was previous or subsequent thereto.

Explanation 1.—The word "conduct" in this section does not include statements, unless those statements accompany and explain acts other than statements; but this explanation is not to afect the relevancy of statements under any other section of this Act.

Explanation 2.—When the conduct of any person is relevant, any statement made to him or in his presence and hearing, which afects such conduct, is relevant."

આમ ઉપરોકત કલમ–૮ મુજબ કોઈ કૃત્ય માટે હેતુ દર્શાવતુ હોય , તૈયારી દર્શાવતી

હોય અથવા હેતુ અને તૈયારીનુ નિર્માણ કરતી હોય તેવી હકીકત આ કલમ–૮ મુજબ પ્રસ્તુત છે. હેતુ તે એક માનસીક અવસ્થા છે જયારે તૈયારી તે એક ઈન્દ્રીયગ્રાહય વસ્ત બને છે.

કૃત્ય કરતા પહેલા , કૃત્ય સમયે તથા કૃત્ય કર્યા બાદ વ્યકિત જે વર્તન કરે તે કૃત્ય સાથે સંકળાયેલુ હોય છે. હેતુ માટે પ્રત્યક્ષ પુરાવો ન હોય છતાં પણ કરવામા આવેલુ કૃત્ય, કૃત્ય કરવા માટે કરેલી તૈયારી, કૃત્ય કરવા માટેનો ઈરાદો, કૃત્ય કરનારના વર્તન તેમજ બનાવના એટેન્ડીંગ સર્કમ ટ્રાન્સીસ ઉપરથી નકકી થઈ શકે. કોઈ વ્યકિતમા કોઈ પરીણામ મેળવવા માટે એક ઈચ્છા જન્મે છે અને આ પરીણામ મેળવવા માટે જે ઈચ્છા જન્મે તેને હેતુ કહી શકાય અને ઈચ્છાનુ પરીણામ લાવવા માટે જે દ્રઢતા જન્મે તેને ઈરાદો કહી શકાય. કોઈ વ્યકિત અદાલતનુ વોરંટ હેઠળ ધરપકડ વહોરવા માંગતી નથી અને આ વોરંટ વખતે કોઈ હુમલો કરે તો ધરપકડ ટાળવી તે હેતુ કહી શકાય અને ધરપકડ વખતે હુમલો કરવો તે ઈરાદો કહી શકાય અને હુમલા માટે કોઈ હથીયાર સાથે રાખવુ તે તૈયારી કહી શકાય. કોઈપણ ગુનામાં હેતુ પુરવાર થાય તો ફરિયાદપક્ષનો કેસ વધુ મજબુત બને છે. અને નામદાર સર્વોચ્ચ અદાલત શીવાજીસાહેબરાવનો ચુકાદો જે એ.આઈ.આર. ૧૯૭૩ સર્વોચ્ચ અદાલત ૨૩૨૨ માં પ્રર્દશીત થયેલ છે તેમાં એવુ તારણ કાઢેલ છે કે '' Proof of motive satisfies the judicial mind about the likelihood of the authorship, but its absence only demands deeper forensic search and cannot undo the effect of evidence otherwise sufficient. Motives of men are often subjective ,

submerged and unamenable to easy proof that courts have to go without clear evidence thereon of other clinching evidence exists."

આમ ઉપરોકત કલમ–૮ મુજબ જે રીતના ઉપર ચર્ચા કરી તે મુજબ તા.૧૦.૦૯.૨૦૨૨ પહેલા અને તા.૧૦.૦૯.૨૦૨૨ થી તા.૧૬.૦૯.૨૦૨૨ સુધી જેટલા વખત આરોપી નં.૧ અને આરોપી નં.૨ વચ્ચે વાતચીત થયેલ છે એટલે કે જે સી.ડી.આર. છે તે જોતાં અને આરોપી નં.૨ કાનાજીભાઈનું મકાન ભાડેથી રાખે છે અને ત્યાં આરોપી નં.૧ મળી આવે છે અને ત્યાં આરોપી નં.૨ પણ રોકાયેલા છે અને તેથી આ તમામ સંજોગ અનિલભાઈ એટલે કે આરોપી નં.૧ ના પતિના પુરાવાને વ્યાજબી શકથી પર સમર્થન કરે છે કે, આરોપી નં.૧ અને આરોપી નં.૨ વચ્ચે સંબંધ હતા અને તે સંબંધ આ પ્રિન્સની હત્યા કરવા માટે મોટીવ બને છે.

(એન) જયારે માતા પોતાના જ બાળકની હત્યા કરે ત્યારે પોતે એક વેદના અનુંભવતી હોય છે અને તે કારણે જ આ આરોપી નં.૧ નાએ આંક–૧૦૪ મુજબની કબુલાત કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

આમ, ઉપરોકત તમામ સંજોગો જેવાંકે બાળકનો કબ્જો આરોપી નં.૧ પાસે હોવો, ત્યારબાદ આરોપી નં.૧ને બાળક સાથે નાની ભુગેડી ગામે જોવા, ત્યારબાદ એકલા ગોઠીબ બાજુ જતાં જોવાં તથા આરોપી નં.૧ તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજ ઘાનેટી ગામે મળી આવે છે તે તથા તેની સાથે વૈજ્ઞાનિક પુરાવો એટલે કે આરોપી નં.૧ પાસે જે મોબાઈલ હતો તેનું લોકેશન આ તમામ સંજોગો તથા તેની સાથે બાળકની લાશ

તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ મળી આવે અને તેજ દિવસે માતા તે સમયે ધાનેટી ભુજ મુકામે જવા નીકળી જાય અને તે સંજોગ તથા અન્ય તમામ ઉપરોકત સંજોગો અદાલતને માત્ર અને માત્ર એ માનવા પ્રેરે છે કે આ હત્યા આરોપી નં.૧ નાએ જ પોતાના બાળક પ્રિન્સની કરેલ છે.

ઉપરોકત સંજોગો સાથે આરોપી નં.૧ નાએ જે કબુલાત કરેલ છે તે કબુલાત સ્વેચ્છાપૂર્વકની કરેલ છે તે સંજોગોમાં ઉપરોકત સંજોગોને કબુલાતથી પણ બળ મળે છે અને કબુલાત રેકર્ડ પર ન હોત તો પણ ઉપરોકત સંજોગો આરોપી નં.૧ ને આ કેસમાં સંડોવવા માટે વ્યાજબી શકથી પર પુરતા છે.

**(૨૪) આરોપી નં.૧ તરફે રજુ થયેલ દલીલો અંગે.**

**૨૪.૧)** ગુજરનાર પ્રિન્સ આરોપી સવિતાબેન પાસે હતો અને બનાવના બે દિવસ પહેલા આ સવિતાબેન ખેતરમાં ગયેલા અને પરત આવેલા ત્યારે આ ગુજરનાર પ્રિન્સને કોઇ અજાણી વ્યકિત લઇ ગયેલી અને તે બાબતે તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલા પરંતુ પોલીસે ફરીયાદ લીધેલી નહીં.

પરંતુ ઉપરોકત બાબતથી એ હકીકત સાબિત થાય છે કે, બાળકની હત્યા થઇ ત્યારે બાળકનો કબ્જો આરોપી નં.૧ નો જ હતો અને બાકીની હકીકત રેકર્ડ ઉપર પુરવાર થયેલ નથી અને જો પોલીસ આરોપી નં.૧ ઉપર તેના પતિનો ત્રાસ વિગેરે બાબતે તેમના પતિની ધરપકડ કરતી હોય તો બાળક ગુમ થયું હોય અને ફરીયાદ ન લે તે માનવાનું કોઇ કારણ નથી તેથી તેટલા પુરતી દલીલ ટકવાપાત્ર નથી.

**૨૪.૨)** વધુમાં દલીલ કરેલ છે કે, આખો કેસ સાંયોગિક પુરાવા પર છે અને સાંયોગિક પુરાવાની યોગ્ય કડીઓ બેસતી નથી અને પુરવાર થતી નથી.

ચર્ચા કરી તે મુજબ આ કડીઓ પુરવાર થાય છે.

**૨૪.૩)** વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદીના પુરાવાથી આરોપીઓની સંડોવણી પુરવાર થતી નથી કારણકે તે નજરે જોનાર સાહેદ નથી અને આ ફરીયાદી આરોપીને સંડોવવા માટે વિનોદભાઇ સરપંચ, સરદારભાઇ અને આરોપી સવિતાબેનના પતિએ ખોટી ફરીયાદ ઉભી કરેલી છે.

આ કામમાં આવી કોઇ હકીકત રેકર્ડ ઉપર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબ્લીટીના ધોરણે આરોપીઓ તેમના બચાવ અંગે સાબિત કરી શકેલ નથી.

**૨૪.૪)** વધુમાં સરલાબેનના પુરાવા અંગે દલીલ કરેલ છે કે, આ સરલાબેનના પુરાવાથી આ લાશ મળેલી તે જગ્યા કોની માલિકીની હતી તે હકીકત પુરવાર થતી નથી.

ફરીયાદીના પુરાવાથી લાશ કયાંથી મળેલ છે અને તે જમીન તેમની માલિકીની હતી તે હકીકત પુરવાર થાય છે.

**૨૪.૫)** વધુમાં દીલીપભાઇના પુરાવા અંગે દલીલ કરેલી છે કે, આ દિલીપભાઇએ કબુલ રાખેલ છે કે, સવિતાબેન અને તેમના ભાઇ વચ્ચે ઘણી વાર ઝઘડાં થતાં હતા.

આ હકીકત સાબિત થયેલ છે.

**૨૪.૬)** જે જગ્યાએ લાશ પડેલ હતી તે લાશ સાથેનું પંચનામું કરવામાં આવેલ નથી કે તેની કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ નથી. જ્યારે કોઈ લાશ ઓળખાયેલ ન હોય તો તે લાશના ઈંકવેસ્ટ પંચનામાં વખતે તથા પોસ્ટમોર્ટમ કરતાં પહેલા તેની વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી લેવડાવવી જોઈએ. તે આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી કરવામાં આવેલ નથી.આ કામમાં એફ.એસ.એલ. અધિકારી શ્રી રાઠવા સાહેબે પણ તપાસ અધિકારીની બનાવવાળી જગ્યાનો વિડીયોગ્રાફ અને ફોટોગ્રાફ લેવાનું જણાવેલ હોવા છતાં આ કામના તપાસ અધિકારી બનાવવાળી જગ્યાનો વિડીયોગ્રાફ કે ફોટોગ્રાફ લેતા નથી અને એફ.એસ.એલ. અધિકારીએ બનાવવાળી જગ્યાનો નક્શો કરવાનું કહેલ હોવા છતાં તપાસ અધિકારી બનાવવાળી જગ્યાનો નક્શો તૈયાર કરતાં નથી.

તપાસ અધિકારી માનસિંગભાઈ મછાર તેમની આંક–૫૨ ની જુબાનીના પેરા–૩૪ માં જણાવે છે કે પંચનામાં વખતે કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ નથી એ વાત ખરી છે કે એફ.એસ.એલ. ના ઓએ અમોને સલાહ આપેલ કે વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવી તથા ઊલટતપાસના પેરા–૩૫ માં તેઓ વધુ જણાવે છે કે એ વાત ખરી છે કે એફ.એસ.એલ. રિપોર્ટમાં બનાવવાળી જગ્યાનો નક્શો તૈયાર કરવાની સૂચના પણ હતી પરંતુ મે તે નક્શો તૈયાર કર્યો નથી.

આમ સાચા આરોપીને બચાવવા માટે એફ.એસ.એલ. અધિકારીની સૂચનાનું અમલ કરેલ નથી.

આમ તપાસ કરનાર અધિકારીએ સાચા માણસને પકડવો ન પડે અને આરોપીને કોઈપણ રીતે ફસાવવા માટે તેની વિરુધ્ધ ખોટા પુરાવા ઊભા કરવા માટે બનાવવાળી જગ્યાનું પંચનામું કર્યું તે વખતે કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી લીધેલ નથી કે બનાવવાળી જગ્યાનો નક્શો તૈયાર કરાવેલ નથી. કારણ કે બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા બધા ખેતરો આવેલ છે અને આગળ રોડ પણ આવેલ છે.ખેતરોના અલગ અલગ માલિકો છે. રોડ ઉપર ઘણા માણસોની અવરજવર રહે છે. જેથી સત્ય હકીકતો બહાર ના આવે તે હેતુથી બનાવવાળી જગ્યાનો નક્શો તથા વિડીયોગ્રાફી કરેલ નથી અને બનાવવાળી જગ્યાએ ભેગા થયેલા માણસોમાથી કોઈના જવાબો લીધા નથી કે આજુબાજુના ખેતરોવાળાના પણ જવાબો લીધા નથી અને પોતાના મનગમતા સાહેદોના જવાબો લીધા છે. અને ખોટો કેસ ઊભો કરેલ છે.

**ઉપરોકત દલીલનો જવાબ**

વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી ન થવા માત્રથી બાકીની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે તે ન માનવા લાયક નથી અને કોઇ પણ કેસ હકીકત રજુ કરી પુરવાર કરવાનો હોય છે અને ફરીયાદપક્ષે જે હકીકત રજુ કરેલ છે તેનાથી ફરીયાદપક્ષનો કેસ રેકર્ડ ઉપર ચર્ચા કરી તે મુજબ પુરવાર થયેલ છે તે સંજોગોમાં તેમજ કોઇના જવાબ નથી લીધાં તેના કારણે રેકર્ડ ઉપર જે સંજોગો આધારિત કેસ સાબિત થયેલ છે તેના ઉપર કોઇ અસર પડતી નથી તેથી આ દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૪.૭)** તપાસ અધિકારી તેમની આંક–પર ની જુબાનીમાં જણાવે છે કે, મુદ્દામાલ પથ્થર જે આર્ટીકલ નં.૩ તરીકે છે. તે પથ્થરનું વજન કેટલું હતું. તેની જાડાઈ–ગોળાઈ કેવી હતી તેવું મે નોંધેલ નથી. એ વાત ખરી છે કે પથ્થર પરથી કોઈ ફિંગરપ્રિન્ટ મેળવેલ નથી. જો તપાસ અધિકારીએ પથ્થર ઉપરના ફિંગરપ્રિન્ટ લીધા હોત તો સાચા ગુનેગારને પકડી શકાતા. અને સાચા આરોપીને પકડવા ન હતા અને બીજા માણસોને ફસાવવાના હતા તેથી તપાસ અધિકારીએ પથ્થર પરના ફિંગરપ્રિન્ટ મેળવેલ નથી કે તેની કોઈ ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરેલ નથી.

એક વાર મુદ્દામાલ ન પણ મળે તો પણ કેસ સાબિત થઈ શકે છે અને તેથી ઉપરોકત દલીલ આરોપીપક્ષને મદદ કરે તેવી નથી.

**૨૪.૮)** સમય :

(૧)આંક–૧૫ થી સાહેદ નં.૪ કલ્પેશભાઈ સીંગાભાઈ બામણીયા તેમની સરતપાસના પેરા–૪ માં જણાવે છે કે,

મે તે દિવસે બાર થી સાડા બાર વાગ્યાના અરસામાં એક બહેન આ બાળકને લઈને મારુ ઘર જે ગોઠીબ થી સંજેલી જવાના રસ્તા ઉપર આવેલ છે ત્યાથી જતાં જોયેલ.

ઊલટ તપાસના પેરા–૬ માં જણાવે છે કે એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે આજરોજ હું કોર્ટમાં પોલીસ સાથે આવેલ છું. તેથી પણ પુરવાર થાય છે કે સાહેદોને પોલીસ મારફતે જુબાની આપવા દબાણ કરેલ છે.

માત્ર પોલીસ સાથે કોઇ સાહેદ આવે તેનાથી તે પોલીસના દબાણમાં છે તેવું માની ન શકાય.

(૨) આંક–૧૮ થી સાહેદ નં.૬ દિલિપભાઈ બચુભાઈ તડવી તેમની જુબાનીના પેરા – ૩ માં જણાવે છે કે,

બનાવ કેટલા સમય પહેલા બનેલ તેની મને ખબર નથી બનાવ બન્યો તે વખતે હું મારા ઘરે હતો બનાવની જાણ પોલીસ સ્ટેશનથી કરેલ.

(૩) આંક–૧૭ થી સાહેદ નં.૬ અંબાલાલ રૂઘાભાઈ ડામોર તેમની જુબાનીમાં જણાવે છે કે,

સ્ત્રીને જોયેથી ઓળખી શકું નહીં અને તે બહેને પહેરેલ કપડાં કેવા હતા તે બતાવવામાં આવે તો પણ ઓળખી શકું નહીં.બનાવની હકીકત મને સરદારભાઈએ કરેલી.તેથી તેઓ હિયર–સે સાક્ષી છે જે માની શકાય નહીં.

બનાવના દિવસે હું રોડ ઉપર હતો તે વખતે બપોરના આશરે બે વાગે એક બેન છોકરું લઈને જતાં હતા અને અડઘા કલાક પછી એકલા આવેલ.

(૪) આંક–૩૩ થી સાહેદ નં.૭ સરદારભાઈ ગલજીભાઈ ડામોર તેમની જુબાનીના પેરા – ૨ જણાવે છે કે,

લાશ મળી તે અગાઉ બપોરના બારેક વાગ્યાના સુમારે હું સંતરામપુર જવા માટે તૈયાર થયેલ તે વખતે હું મારા ઘરની બાજુમાં RCC રસ્તો છે. તે રસ્તા પરથી એક બેન આશરે પાંચ વર્ષનું છોકરું લઈને નીકળે છે.

(૫) આંક–૫૨ થી સાહેદ નં.૧૭ તપાસ કરનાર અધિકારીશ્રી માનસિંગભાઈ ભાવજીભાઈ મછાર તેમની સરતપાસના પેરા–૧૭ માં જણાવે છે કે,

તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ સાહેદ સરદારભાઈ ગલજીભાઈ ડામોર અને ચંપાબેન સરદાર અને કલ્પેશ સીંગાભાઈ વિગેરે એક પાતળી સ્ત્રી આ બાળકને લઈ જતાં તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ સવારે જતાં જોયેલ તેવું લખાવેલ અને તે આધારે ઓળખ પરેડ કરાવેલ.

આમ તમામ સાહેદો જુદો જુદો સમય બતાવે છે જે માનવા લાયક નથી.

દરેક વ્યકિતની યાદશકતિ અલગ અલગ હોય છે અને તેથી દરેક વ્યકિત ચોકકસ સમય જ અદાલતમાં જણાવે તેવી અપેક્ષા રાખવી વધુ પડતી ગણાય અને તેથી માનવીની યાદ શકિત, માનવીની ગ્રાહણ શકિત, માનવીની નિરીક્ષણ શકિત અલગ અલગ હોય છે અને તેજ રીતે માનવીની રજુઆતની શકિત પણ અલગ અલગ હોય છે તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૪.૯)** ઓળખ પરેડ

(૧) કોઈ અજાણ્યા વ્યકિતએ મરણ જનારનું મોત નિપજાવેલ છે. પરંતુ આ કામના આરોપીના પતિ અનિલકુમાર સાથે આરોપીના ઝઘડા ચાલતા હોવાથી, સરદારભાઈ, ચંપાબેન, અંબાલાલ, કલ્પેશભાઈ આરોપીના પતિના સગા થતાં હોવાથી અને આરોપીના સગાઓએ સરપંચને વોટ આપેલ ના હોવાથી સરદારભાઈ, ચંપાબેન, અંબાલાલ અને કલ્પેશભાઈ આરોપી નં.૧ ના વિરોધી બની ગયેલા હોવાથી આ કામના

તપાસ અધિકારીએ સાથે મળી જઈ આરોપીને મરણ જનારનું ખૂન કરનાર તરીકે આ કામમાં દર્શાવી નજરે જોનાર કોઈ સાહેદો ના હોવા છતાં સાક્ષીઓ ઊભા કરી આરોપીને ગુનાના કામે ખોટી રીતે સંડોવેલ છે.

આંક–૫૨ થી સાહેદ નં.૧૭ તપાસ કરનાર અધિકારી શ્રી માનસિંગભાઈ ભાવજીભાઈ મછાર તેમની ઊલટ તપાસના પેરા–૩૭ માં જણાવે છે કે,

એ વાત ખરી છે કે મે આરોપી નં.૧ ને તા.૦૮/૦૯/૨૦૨૨ના રોજ કલાક ૧૮:૧૫ વાગે પકડેલ. ... ... ...

આરોપીની ધરપકડ કરી ત્યાં સુધી આરોપી નં.૧ ને હું ઓળખતો ન હતો. એ વાત ખરી છે કે, આરોપી નં.૧ ને ઓળખવા માટે સાહેદોને બોલાવેલા. એ વાત ખરી છે કે આરોપી સવિતાબેનને ઓળખવા માટે સાહેદોમાં સરદારભાઈ, અંબાલાલ, કલ્પેશભાઈ અને ચંપાબેનને બોલાવેલ. આમ, આરોપીની અટકાયત બાદ સાહેદોને આ કામના આરોપી પોલીસ સ્ટેશનમાં કસ્ટડીમાં હતા તે દરમિયાન બતાવી દેવામાં યાને ઓળખાવી દેવામાં આવેલ છે. અને ત્યારબાદ આરોપીની ઓળખપરેડ કરાવવામાં આવેલ છે જે તપાસ અધિકારીના ઉપરોક્ત કથનથી સાબિત થાય છે.

આંક–૩૪ ની સાહેદ નં.૧૦ ની ચંપાબેન સરદારભાઈ ડામોર તેમની જુબાનીના ઊલટ તપાસના પેરા–૫ માં જણાવે છે કે,

એ વાત ખરી છે કે હું સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ગયેલ. એ વાત ખરી છે કે પોલીસે મને કહેલ કે આ બેનને મામલતદાર ઓફિસમાં ઓળખી બતાવવાના છે. એ વાત ખરી છે

કે મારા પતિ મારી સાથે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં હાજર હતા.આમ, આરોપીને પોલીસ સ્ટેશનમાં ઓળખ પરેડમાં આવતા પહેલા સાહેદ ચંપાબેન તથા તેમના પતિ સરદારભાઈને બતાવેલા.

સાહેદ નં.૧૦ ચંપાબેન તેમની સરતપાસના પેરા–૨ ની છટ્ઠી લાઇનમાં જણાવે છે કે હું પોલીસ સ્ટેશન સિવાય બીજે ક્યાય ગયેલ નથી." ...

એ વાત ખરી છે કે આરોપી બેન સિવાય બીજી બહેનોએ એક જેવા કપડાં પહેરેલ હતા. એ વાત ખરી છે કે આરોપી બેનના કપડાં અલગ કલરના હતા. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં આરોપીને ઓળખી બતાવેલ તે રીતે મામલતદાર ઓફિસમાં ઓળખી બતાવેલ.

આંક–૩૩ થી સાહેદ નં.૯ સરદારભાઈ ગલજી ડામોર તેમની ઊલટ તપાસના પેરા–૫, પેજ નં.૩ ની છટ્ઠી લીટીમાં જણાવે છે કે પોલીસ મને બનાવના દિવસે બપોરે આશરે બે વાગ્યાના અરસામાં મળેલ.

ઓળખ પરેડમાં જવાનું અમોને પોલીસે કહેલ એ વાત ખરી છે કે તે માટે હું અને મારા પત્ની પોલીસ સ્ટેશને ગયેલ.... તે વખતે સાત–આઠ સ્ત્રીઓ એકજ ડ્રેસમાં હતી. આરોપી બેન લાઇનમાં બીજા નંબરે ઊભા હતા. અને તે વખતે આરોપી બેને મને આજરોજ આરોપીના જે કપડાં બતાવેલ છે. તેજ કપડાં તેણે પહેરેલ હતા.

મામલતદાર સાહેબે ઓળખ પરેડ માટે હાજર રહેવા માટે કોઈ સમન્સ બજાવેલ નથી.

સાહેદ કલ્પેશભાઈ તેમની આંક–૧૫ ની જુબાનીમાં ઓળખ પરેડ માટે કઈ કહેતા નથી.

સાહેદ અંબાલાલ તેમની આંક–૧૭ ની જુબાનીમાં ઓળખ પરેડ અંગે કઈ કહેતા નથી.

પંચ સાહેદ ધર્મેન્દ્ર પ્રવીણભાઈ ભૂરીયા તેમની આંક–૧૯ ની સાહેદ નં.૮ તરીકેની જુબાનીમાં પેરા–૪ માં જણાવે છે કે, તા.૨૧/૦૭/૨૦૨૨ ના રોજ પંચમાં રહેવા માટે મામલતદાર ઓફિસમાં પંચ તરીકે બોલાવેલ તે વખતે મારી સાથે બીજા બે માણસો પંચ તરીકે હાજર હતા. ત્યાં ઓળખ પરેડ કરાવેલ. અને મામલતદાર ઓફિસની ચેમ્બરમાં ૬ થી ૭ સ્ત્રીઓ હતી. જ્યારે ઊલટ તપાસના પેરા–૭ માં જણાવે છે કે મામલતદાર સાહેબની ચેમ્બરમાં આરોપી બેન જેવા બીજા ૭ થી ૮ બહેનો હતા. જ્યારે પંચ સાહેદ ધર્મેન્દ્ર પ્રવીણભાઈ ભૂરીયા ઓળખ પરેડના પંચનામાં માટે મામલતદાર ઓફિસમાં તા.૨૧/૦૭/૨૦૨૨ ના રોજ બોલાવવાનું કહે છે. અને તેને ફરિયાદ પક્ષ તેમની દલીલોમાં સમર્થન કરે છે. જ્યારે કહેવાતું આંક–૨૮ નું તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ કરેલુ પંચનામું ખોટું ઊભું કરેલ છે તે પુરવાર થાય છે.

આમ, સાબિત થાય છે કે તમામ ઓળખ કરનાર સાહેદો તથા પંચો આરોપી બેનને પહેલાથીજ ઓળખતા હતા. આરોપી બેનને બીજી બહેનો આવ્યા પછી રૂમમાં લાવવામાં આવેલ હતા.આ ઉપરથી એવું લાગે છે કે તેઓ આરોપીને પહેલાથીજ ઓળખતા હતા.

તેઓ ઊલટ તપાસમાં આગળ જણાવે છે કે આરોપી બેનને ઓળખ માટે પહેલા કયા વ્યક્તિ આવેલ તે મને યાદ નથી.

વધુમાં તેઓ ઊલટ તપાસમાં જણાવે છે કે આ ચારેય વ્યક્તિઓએ બેન બીજા ક્રમે ઊભા હતા ત્યારે તેમને ઓળખી બતાવેલ. જ્યારે કહેવાતા આંક−૨૮ ના પંચનામાં પ્રમાણે અનુક્રમ નં.૬−૭ વચ્ચે સાહેદ સરદરભાઈ ગલજીભાઇ ડામોરે અનુક્રમ નં.૪−૫ વચ્ચે સાહેદ ચંપાબેન સરદારભાઈ ડામોરે તથા સાહેદ કલ્પેશભાઈ સિંગાભાઈ બામણીયાએ તથા અનુક્રમ નં.૩−૪ વચ્ચે અંબાલાલ રૂધાભાઈ ડામોરનાએ ઓળખી બતાવેલ છે. તેવું જણાવે છે. તેથી પણ કહેવાતા ઓળખ પંચનામાંની તમામ વિગતો ઊભી કરેલી છે.

સાહેદ કલ્પેશભાઈ સીંગાભાઈ બામણીયા તેમની આંક−૧૫ ની તથા સાહેદ અંબાલાલ રૂધાભાઈ ડામોર તેમની આંક−૧૭ ની જુબાનીમાં કહેવાતા ઓળખ પરેડ માટે કઈ કહેતા નથી. તેથી પણ તે ઊભું કરેલું જણાય છે. આમ, તમામ ઓળખ પરેડના સાહેદો ઊભા કરેલા છે. ઓળખ પરેડમાં આરોપીને કયા ક્રમમા ઊભા રાખવામા આવેલા તે ચોક્કસ કહી શકતા નથી. આવી કોઈ ઓળખ પરેડ ન કરાવેલ હોવાથી ઓળખ પરેડ કરાવનાર તપાસ અધિકારીને આ કામમાં સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. આમ કહેવાતી ઓળખ પરેડ ખોટી અને ઊભી કરેલી છે તે પુરવાર થાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ:−**

આ કામમાં બે રીતના સ્થળ ઉપર આરોપી નં.૧ ની હાજરી પુરવાર થયેલ છે તેમાં એક છે તેઓ જે મોબાઇલ વાપરતાં હતા તેના લોકેશનના આધારે અને બીજી હકીકત ઉપરોકત સાહેદો પૈકી બનાવ વખતે આરોપી નં.૧ ને જોયેલા તે બાબતથી. જયારે કોઇ એવો બનાવ બને કે જે કયારેય ન બનતો હોય ત્યારે તેની આગળ જે ઘટના થઇ હોય તે સામાન્ય રીતે માણસના માનસ ઉપર અંકિત થાય છે અને જયારે કુમળા બાળકની લાશ જોવા મળે છે ત્યારે લાશ જોનાર વ્યકિતના મનમાં એ સવાલ ઉભો થાય છે કે આ બાળકને કયાંક જોયેલુ છે કે કેમ અને તરત જ મગજ ભૂતકાળની ઘટના નજીકની જ હોય તો યાદ કરે છે અને તે રીતે અમુક સાહેદોએ અદાલત રૂબરૂ આરોપી નં.૧ ને ઓળખી બતાવેલ છે અને આરોપી નં.૧ ને ઓળખવા માટે પોલીસ સ્ટેશનમાં ઓળખ પરેડ પહેલા બોલાવેલા હોય તેનાથી બનાવ વખતે આરોપી નં.૧ ને જોયાં ન હતા તેવુ સાબિત ન થાય તે સંજોગોમાં ઉપરોકત દલીલ આરોપી નં.૧ ને મદદકર્તા નથી અને ઓળખ પરેડ અંગે વિસ્તૃત ચર્ચા ચુકાદામાં કરેલ છે.

**૨૪.૧૦)** આ કામમાં એફ.એસ.એલ.માં મોકલેલ મુદ્દામાલ અંગે અને રવાનગી નોંધ અંગે વિસ્તૃતમાં દલીલ કરેલ છે પરંતુ આરોપીના કપડાં અંગે ચુકાદામાં ચર્ચા કરેલી છે અને આરોપી નં.૧ ના કપડાં ઉપરથી આરોપી નં.૧ ની સંડોવણી સાબિત થયેલી અદાલતે માનેલ નથી પરંતુ રેકર્ડ ઉપર જે અન્ય સંજોગો આવેલ છે તેના આધારે માનેલ છે. આમ, એફ.એસ.એલ. અંગે જે દલીલ કરેલ છે તે દલીલ આરોપીપક્ષને નિર્દોષ ઠરાવતી નથી.

**૨૪.૧૧)** અટક

આરોપીની અટક તા.૧૮/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૧૫ વાગે કરવામાં આવેલ છે.

સાચા ગુનેગારને બચાવવા માટે આરોપીની ખોટી રીતે ધરપકડ કરી નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન ની અવગણના કરેલ છે.અને આરોપી જ્યાં તેમના પિયરિયામાં રહેતા હોવા છતાં તેમના પિયરિયાઓને આરોપીની ધરપકડની જાણ કરેલી નથી.ઊલટ તપાસમાં પેરા – ૨૭ ની ત્રીજી લીટીમાં તપાસ કરનાર અધિકારી જણાવે છે કે એ વાત ખરી છે કે આરોપી નં.૧ બનાવના અરસામાં તેમના પિયરિયામાં રહેતા હતા. તેમ છતાં તપાસ અધિકારીએ તેમના પિયરિયામાં એટ્લે કે આરોપીના માતા–પિતાને આરોપીની અટકની જાણ કરેલ નથી.

આમ તપાસ કરનાર અધિકારીએ સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઇન અને સૂચનાઓનું પાલન કરેલ નથી. અને તેનું ઉલ્લંઘન અને તેની ઉપેક્ષા કરી આરોપીની ઍરેસ્ટનો ખોટો મેમો ઊભો કરેલ છે. સદરહુ ઍરેસ્ટ મેમોના અનુક્રમ નં. ૫ માં જણાવ્યા પ્રમાણે,

૫. કોની રૂબરૂ અટક કર્યા?

તેમાં પતિ લખેલ છે.

[આરોપીના પતિ અનિલભાઈ સોમાભાઇ તડવી છે.]

અનુક્રમ નં.૬ માં આરોપીના સંબંધી તરીકે અનિલભાઈ સોમાભાઈ તડવી,રહે.છાપરી નિશાળ ફળિયું, તા.સીંગવડ, જી.દાહોદ લખેલ છે.

અનુક્રમ નં.૮ માં આરોપીના સંબંધીની સહીમાં જણાવે છે કે,

અનિલભાઈને મો.નં.૮૧૬૦૧૮૦૪૫૧ પર ફોન કરી અટક અંગેની જાણ કરવામાં આવેલ છે.

આરોપીને તેના પતિની હાજરીમાં અટક કર્યા છે. તેવું એરેસ્ટ મેમોના અનુક્રમ નં.૫ થી જણાવવામાં આવે છે. જો આરોપીને તેના પતિ અનિલકુમારની હાજરીમાં અટક કર્યા હોય તો એરેસ્ટ મેમોના અનુક્રમ નં.૮ માં તેમની સહી કેમ કરાવી નહીં અને તે કોલમમાં એવું લખવામાં આવ્યું કે અનિલભાઈને મો.નં.૮૧૬૦૧૮૦૪૫૧ પર ફોન કરી અટક અંગેની જાણ કરવામાં આવે છે. તેવી હકીકતો ખોટી લખી એરેસ્ટ મેમો તૈયાર કરેલ છે. આરોપી તેમના પિયરિયામાં રહે છે. તેવી તપાસ કરનાર અધિકારી જાણતા હોવા છતાં તેમને આરોપીની ધરપકડની જાણ કરેલ નથી અને નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઇન અને ચુકાદાની ઈરાદાપૂર્વક અવગણના કરેલ છે. અને આરોપીની અટક અંગેના એરેસ્ટ મેમોની હકીકતો ખોટી ઊભી કરેલી છે. જે શંકાસ્પદ છે.

**ઉપરોકત દલીલનો જવાબ**

આ અંગે રેકર્ડ પરનો એરેસ્ટ મેમો જોવામાં આવે તો આરોપી નં.૧ ના પતિને ફોન ઉપર અટક કર્યાની જાણ તા.૧૮.૦૯.૨૦૨૨ ના રોજ કરેલ છે તે સંજોગોમાં આરોપીના પતિને જયારે જાણ કરેલ છે તે સંજોગોમાં ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી. ઉલ્ટાની એ હકીકત સાબિત થાય  છે કે, આરોપી નં.૧ ની ધરપકડ તેમના પિતાના ત્યાંથી કરવામાં આવેલ નથી.

**૨૪.૧૨)** આરોપીને તા.૧૮/૦૯/૨૦૨૨ ના રોજ અટક કર્યા પછી તેને માનસિક અને શારીરિક ત્રાસ આપવા લાગેલા અને તપાસ અધિકારી માનસિંગભાઈ ભાવજીભાઈ મછાર તેમની આંક–પર ની સાહેદ નં.૧૭ તરીકેની જુબાનીના પેરા – ૪૮ માં નીચેના ભાગે જણાવે છે કે તે વાત ખરી છે કે તા.૨૦/૦૯/૨૦૨૨ના રોજ કબૂલાત નોંધવા માટે જ્યુ.મે.ફ.કલાસ સાહેબની કોર્ટમાં અરજી કરેલી અને આરોપીને તે દિવસે કોર્ટમાં લઈ ગયેલ તે દિવસે આરોપીએ કોર્ટમાં કબૂલાત નિવેદન આપવાની ના પાડેલી તેથી તેને પરત પોલીસ સ્ટેશન લઈ ગયેલા. ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં આરોપીને રિમાન્ડ દરમિયાન માર મારેલ. માનસિક ત્રાસ આપેલ અને આરોપીને ઊંઘવા પણ દેતા ન હતા. અને આરોપીને પ્રલોભન આપેલ કે જો તમો કબૂલાત કરશો તો સાચા આરોપીને પકડી તમોને છોડી દઈશું. અને જો આરોપી તેમ ના કરે તો તેને ખુબજ મારવાની ધમકી આપેલ તેથી આરોપી તપાસ અધિકારીના પ્રલોભનમાં આવી ગયેલા ત્યારબાદ આરોપીને તપાસ અધિકારીના પ્રલોભનના કારણે નામદાર કોર્ટમાં તેની ઈચ્છા વિરુધ્ધ તપાસ અધિકારીના પ્રલોભનને વશ થઈ નિવેદન આપવા માટે લઈ ગયેલા પરંતુ તે નિવેદન આરોપીએ સ્વેચ્છાપૂર્વક આપેલ ન હોવાથી તેમાં આરોપીએ સહી કરવાનો ઇનકાર કરી દીધેલો અને તેમાં સહી કરેલી નહીં.

**ઉપરોકત દલીલનો જવાબ..**

જયારે પોલીસ કસ્ટડીમાંથી આરોપીને રજુ કરવામાં આવે છે ત્યારે મેજીસ્ટ્રેટ ઉપર આદેશાત્મક ફરજ લાદવામાં આવેલ છે કે, ઇલ ટ્રીટમેન્ટ માટે આરોપીને પુછવામાં આવે

અને જયારે કબુલાત નોંધવામાં આવે ત્યારે પણ સ્વેચ્છાપૂર્વકની છે કે કેમ? તેની જાણ આરોપીને કરવાની રહે છે અને મેજીસ્ટ્રેટ રૂબરૂ આવી ફરીયાદ કરી હોય કે પાછળથી પણ કોઈ અરજી આપી ફરીયાદ કરી હોય તેવી હકીકત રેકર્ડ ઉપર નથી તે સંજોગોમાં આ દલીલ ટકવાપાત્ર નથી. વધુમાં, મેજીસ્ટ્રેટ રૂબરૂ કબુલાત નથી આપવી તેવું જણાવ્યું હોય તેવી હકીકત પણ રેકર્ડ ઉપર સાબિત થયેલ નથી તેથી આ દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૪.૧૩)** આથી તપાસ અધિકારીએ આરોપીને સમજાવેલું કે તું આજે કોર્ટમાં આવી છું તો ભલે તું તારા નિવેદનમાં સહી ના કર પરંતુ દરેક કાગળમાં નીચે તો સહી કર. તેથી આરોપીએ નિવેદનમાં સહી કરેલી નથી પરંતુ દરેક કાગળના અંત ભાગમાં સહીઓ કરેલ છે. જે ખરેખર આરોપીનું નિવેદન નથી.

ક્રિ.પ્રો.કો.કલમ–૧૬૪ ના પેરા ૨ તથા ૪ પ્રમાણે એવી કોઈ કબૂલાતની નોંધ કરતાં પહેલા તે કરનાર વ્યક્તિને મેજીસ્ટ્રેટે સમજાવવું જોઈએ કે કબૂલાત કરવા માટે તે બંધાયેલ નથી. અને તેમ કરશે તો તેની સામે પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે. અને ત્યારબાદ આરોપીને નિવેદન કરવા માટે વિચારવા માટે સમય આપવો જોઈએ. અને કબૂલાત કરનારને પૂછપરછ કરતાં તેને સ્વેચ્છાથી કબૂલાત કરી છે એવું માનવાને પોતાને કારણ ન હોય તો મેજિસ્ટ્રેટ એવી કબૂલાતની નોંધ કરશે નહીં એવી કબૂલાત આરોપીની જુબાની નોંધવા માટે કલમ–૨૮૧ માં જોગવાઈ કરેલી રીતે નોંધાવી જોઈએ.

અને કબૂલાત કરનાર વ્યક્તિએ તેમાં સહી કરવી જોઈએ અને મેજીસ્ટ્રેટે એવી નોંધના છેડે નીચેની યાદી નોંધાવી જોઈએ.

ક્રિ.પ્રો.કો.કલમ–૧૬૪ ના પેરા ૨ તથા ૪ પ્રમાણે આંક–૬૮ થી આરોપીના નિવેદનમાં આરોપીની કબુલાત પછી કબૂલાત કરનાર વ્યક્તિએ તેમાં સહી કરવી જોઈએ.

જે સદરહુ ૧૬૪ ના નિવેદનમાં આરોપીના નિવેદન પછી તરતજ આરોપીની કોઈ સહી નથી.

ક્રિ.પ્રો.કો.કલમ–૨૮૧ ના પેરા ૨ પ્રમાણે ત્યારબાદ તેમાં આરોપીએ સહી કરવી જોઈએ અને મેજિસ્ટ્રેટ કે પ્રમુખ જજે સહી કરી, પ્રમાણિત કરવું જોઈએ કે જુબાની તેની હાજરીમાં અને સંભળાય તેમ લેવામાં આવી હતી.

ત્યારબાદ કરેલ નિવેદનમાં આરોપીએ સહી કરવી જોઈએ અને મેજિસ્ટ્રેટએ સહી કરી પ્રમાણિત કરવું જોઈએ કે જુબાની આરોપીને  હાજરીમાં લેવામાં આવી છે.

આમ, આરોપીએ સ્વેચ્છાપૂર્વક નિવેદન આપેલ ન હોવાથી તેમાં સહી કરેલ ન હોવાથી તે નિવેદન માની શકાય નહીં. આમ, આ કામે જ્યુ.ફ.ક. મેજિસ્ટ્રેટ  સમક્ષનું જે નિવેદન રજૂ થયેલ છે જે કાયદાની જોગવાઈઓ મુજબ નથી. જેથી આવા નિવેદન પર આધાર રાખી શકાય નહી. આ કામમાં આરોપીને વિચારવાનો કોઈ સમય આપેલ નથી કે નિવેદન લેતા પહેલા આવું કહેવામા આવેલ નથી. આમ, આરોપીનું નિવેદન સ્વેચ્છા પૂર્વકનું આપેલું નથી.

**ઉપરોકત દલીલનો જવાબ..**

જયારે પોલીસ કસ્ટડીમાંથી આરોપીને રજુ કરવામાં આવે છે ત્યારે મેજીસ્ટ્રેટ ઉપર આદેશાત્મક ફરજ લાદવામાં આવેલ છે કે, ઈલ ટ્રીટમેન્ટ માટે આરોપીને પુછવામાં આવે અને જયારે કબુલાત નોંધવામાં આવે ત્યારે પણ સ્વેચ્છાપૂર્વકની છે કે કેમ? તેની જાણ આરોપીને કરવાની રહે છે અને મેજીસ્ટ્રેટ રૂબરૂ આવી ફરીયાદ કરી હોય કે પાછળથી પણ કોઈ અરજી આપી ફરીયાદ કરી હોય તેવી હકીકત રેકર્ડ ઉપર નથી તે સંજોગોમાં આ દલીલ ટકવાપાત્ર નથી. વધુમાં, મેજીસ્ટ્રેટ રૂબરૂ કબુલાત નથી આપવી તેવું જણાવ્યું હોય તેવી હકીકત પણ રેકર્ડ ઉપર સાબિત થયેલ નથી તેથી આ દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૪.૧૪)** આંક–૪૭ થી સાહેદ નં.૧૬ લલિતાબેન ભોજાભાઈ બગડા પી.એસ.આઈ. સંતરામપુર ઊલટતપાસ પેરા–૮ માં જણાવે છે કે,

જો અમારે જિલ્લા બહાર તપાસના કામે જવાનું હોય તો એસ.પી. સાહેબની પરવાનગી લેવી પડે.

એ વાત ખરી નથી કે એસ.પી. સાહેબે આવી કોઈ પરવાનગી મને આપેલ નથી.

આમ, એસ.પી. સાહેબે કોઈ પરવાનગી મને આપેલ નથી અને તેવો કોઈ પરવાનગી પત્ર આ કામમાં રજૂ કરવામાં આવેલ નથી.

આગળ પેરા–૮ માં જણાવે છે કે એ વાત ખરી છે કે આંક–૪૮ માં પધ્ધર પોલીસ સ્ટેશનનો કોઈ આવક કે જાવક નંબર લખેલ નથી.

એ વાત ખરી છે કે આંક–૪૯ માં પધ્ધર પોલીસ સ્ટેશનનો કોઈ આવક કે જાવક નંબર લખેલ નથી. એ વાત ખરી છે કે આંક–૪૯માં પોલીસ સ્ટેશન ડાયરીનો ક્રમાંક નંબર લખેલ નથી.

તેથી પણ કહી શકાય કે આ તમામ હકીકતો પાછળથી ઊભી કરવામાં આવેલ છે.

પેરા – ૯ માં આઠમી લાઇનમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે સદરહુ મકાનનું પંચનામું કરેલ નથી. અમે આરોપીની અંગ ઝડતી કરેલી. આરોપીની અંગ ઝડતીમાં કોઈ વસ્તુ મળી આવેલ નથી.આરોપીની અંગ ઝડતીનું પંચનામું કરેલ કે કેમ તે ચોક્કસ મને યાદ નથી. આરોપીના મે ફોટા પાડેલ નહીં.

એ વાત ખરી નથી કે આરોપીની તપાસમાં હું ગયેલ જ નથી.એ વાત ખરી નથી કે આંક–૪૮ અને ૪૯ વાળી યાદી ખોટી ઉપજાવી કાઢેલ છે.

એ વાત ખરી નથી કે મે કોઈ સાહેદોના જવાબો લીધેલ નથી.અને કેસને અનુરૂપ મારી જાતે લખી દીધેલ છે. એ વાત ખરી નથી કે આરોપીને તેના પિતાના ઘરેથી પકડી લાવેલ.

વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ નં.૧૬ લલિતાબેન ભોજાભાઈ બગડા પોલીસ વાહનમાં પધ્ધર ગયા હોય તો તેના ડ્રાઈવરનો કોઈ જવાબ લેવામાં આવેલ નથી. કે તે વાહનની લૉગબુક  રજૂ કરવામાં આવેલ નથી અને તેમને જિલ્લા બહાર જવા માટે એસ.પી.સાહેબે કોઈ પરમીશન આપેલ નથી. અને તે રજૂ કરવામાં આવેલ નથી. આંક–૪૮ અને આંક–૪૯ ના તમામ કાગળો કેસને અનુરૂપ ઊભા કરવામાં આવેલા છે.

આરોપીને તેમના પિતાના ત્યાથી પકડવામાં આવેલ છે અને ખોટી રીતે પધ્ધરથી પકડવામાં આવેલ છે. તેવા ખોટા આંક – ૪૯ અને ૪૮ ના કાગળો બનાવેલ છે. પધ્ધર પોલીસ સ્ટેશનના સાહેદ નં.૨૧ પણ જણાવે છે કે અમો આરોપીને ઓળખતા નથી અને આરોપીને કઈ જગ્યાએથી પકડી લાવેલ છે. તેની તેમને કોઈ જાત માહિતી નથી.

આમ, આરોપીને તેના પિતાના ત્યાથી પકડી રજૂ કરેલ છે તે માની શકાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ..**

આ અંગે પધ્ધર પોલીસ સ્ટેશનની થાણા ડાયરી પણ રજુ કરેલ છે અને થાણા ડાયરી તા.૧૭.૦૯.૨૦૨૨ ના રોજની છે અને લલીતાબેનના પુરાવાને ટમુબેનના પુરાવાથી એ રીતે સમર્થન મળે છે કે, લલીતાબેન બગડા પધ્ધર પોલીસ સ્ટેશનમાં ગયેલા છે અને જે આરોપીને લઇને આવેલા તેની નોંધ થાણા ડાયરીમાં કરેલી છે.

**૨૪.૧૫)** આંક .... વાળા એવિડેન્સ એક્ટ કલમ–૬૫(બી) ના સર્ટિફિકેટ માં કોના નામના મોબાઈલ છે. તે દર્શાવવામાં આવેલ નથી. ફક્ત મોબાઈલ નંબરો એકલાજ લખેલા છે. તેથી પણ તેના માલિક કોણ છે તે પુરવાર થતું નથી. અને આંક .... વાળા એવિડેન્સ એક્ટ કલમ–૬૫(બી) ના સર્ટિફિકેટ સદરહું કામ માટે નથી પરંતુ સેસન્સ કેસ નં.૯૦/૨૦૨૨ ના કામ માટેનું છે જેથી પણ સદરહુ સર્ટિફિકેટ પર આધાર રાખી શકાય નહીં.

**ઉપરોકત દલીલનો જવાબ..**

આ અંગે યોગ્ય રીતે કલમ–૬૫(બી)૪ નું સર્ટીફીકે ભારતીય પુરાવા ધારાની જોગવાઇ મુજબ રજુ થયેલ છે તેથી ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી.

**૨૪.૧૬)** સાહેદ નં.૧૭ તપાસ કરનાર અધિકારી શ્રી માનસિંગભાઈ ભાવજીભાઈ મછાર તેમની આંક–૨૨ ની જુબાનીના પેરા–૨૮ માં જણાવે છે કે,

એ વાત ખરી છે કે મોબાઈલ નં.૯૩૧૩૩૧૦૬૫૮ ના માલિક અંગે મે કોઈ લેખિત પુરાવો લીધેલ નથી એ વાત ખરી છે કે આ ઇન્સ્ટ્રુમેંટ કોની માલિકીનું છે. તે પુરાવો મે લીધેલ નથી. આંક–૪૧/૯ થી જે CDR મળેલ છે. તેમાં નામ તડવી અનિલભાઈ સોમાભાઇ છે.

પેરા–૨૯ માં જણાવે છે કે ઉપરોક્ત સીમકાર્ડ વાળો મોબાઈલ નંબર મે કબ્જે કરેલ નથી.

સાહેદ નં.૨૦ મનીષભાઇ મંગલભાઈ પટેલ તેમની આંક–૮૫ વાળી જુબાનીથી પેરા–૩ માં જણાવે છે કે,

તા.૨૦/૦૩/૨૦૨૨ થી તા.૨૧/૦૯/૨૦૨૨ સુધીના સી.ડી.આર. ના ડેટા બતાવવામાં આવે છે.

મોબાઈલ નં.૯૩૧૩૩૧૦૬૫૮ વાળો સીમકાર્ડ તડવી અનિલભાઈ સોમાભાઇના નામનો છે. અને તે મોબાઈલ નં.૯૩૧૩૩૧૦૬૫૮ આરોપીનો નથી. અને તેવો કોઈ મોબાઈલ આરોપી કે કોઈપણ વ્યક્તિ પાસેથી તપાસ અધિકારીએ કબ્જે કરેલ નથી.

પેરા ૯ થી ૨૫ માં જણાવેલ સ્થળોએ આરોપી કોઈપણ વખતે ગયેલ નથી કે કોઈને કોઈપણ પ્રકારનો ફોન કે મેસેજ કરેલ નથી.

સાહેદ મનીષભાઇ મંગલભાઈ પટેલ તેમની આંક–૮૫ વાળી જુબાનીથી પેરા–૯ થી ૨૫ માં જે જે સ્થળોએથી મો.નં. ૯૩૧૩૩૧૦૬૫૮ ઉપરથી જે મોબાઈલ નંબરો ઉપર ફોન કે મેસેજ કર્યા હોય યા આ મોબાઈલ ફોનથી બીજા મોબાઈલ ઉપર ફોન કે મેસેજ થયા હોય તેની ફરિયાદ પક્ષ તેમના માલિકનો પુરાવો લઈ કોના ઉપર ફોન કર્યો કે મેસેજ કર્યો કે નામ મેળવી શકતા.આ ઉપરાંત તા.૨૦/૦૭/૨૦૨૨ થી તા.૨૧/૦૯/૨૦૨૨ સુધીમાં મોબાઈલ નં. ૯૩૧૩૩૧૦૬૫૮ પર અનેક મોબાઈલ નંબરોથી ફોન મેસેજ આવેલ છે. ફરિયાદ પક્ષ તે મોબાઈલ ધારકો પાસેથી પણ મોબાઈલ નંબર ૯૩૧૩૩૧૦૬૫૮ કોનો છે અને તેના ઉપર કોણ વાતચીત કરે છે તે મેળવી શકતા હતા.મો.નં. ૯૩૧૩૩૧૦૬૫૮ ના ખરા માલિકનું નામ તથા તે મો.નં. ૯૩૧૩૩૧૦૬૫૮ ધારણ કરનાર વ્યક્તિ મળી આવતા અને તેનું નામ મળી શકતું. અને સાચો આરોપીને પકડી શકતા. સાચા આરોપીને બચાવવા અને આરોપીને ફક્ત ફસાવવા માટેજ તપાસ અધિકારી તેનો પુરાવો એકઠો કર્યો નથી. અને આરોપીને કોઈ પ્રેમ–સંબંધ હોવાનું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેથી આરોપીને હેરાન કરવા માટે આ કેસ ઊભો કરેલ છે.

**ઉપરોકત દલીલનો જવાબ..**

આ કામમાં અનિલભાઇએ એટલે કે, આરોપી નં.૧ ના પતિએ સ્પષ્ટપણે પુરાવો આપેલ છે કે, તેમનો મોબાઇલ તેમના પત્ની એટલે કે આરોપી નં.૧ વાપરતાં હતા અને તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ આ અનિલભાઈનો જવાબ પોલીસ લઈ શકેલ છે જયારે તે દિવસે આ મોબાઈલનું લોકેશન ધાનેટી જોવા મળેલ છે અને ધાનેટી લોકેશનના આધારે પોલીસ ગયેલ છે અને ત્યાંથી આરોપી નં.૧ મળી આવેલ છે તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૪.૧૭)** કોલ ડિટેઈલ

આ કામમાં આરોપી પાસેથી કોઈ મોબાઈલ કબ્જે કરવામાં આવેલ નથી. કે આરોપી કોઈ મોબાઈલ વાપરતા નથી. આ કામમાં CDR રજૂ કરવામાં આવેલા છે. તે તા.૨૦/૦૭/૨૦૨૨ થી ૨૧/૦૯/૨૦૨૨ સુધીના CDR રજૂ કરવામાં આવેલા છે. આ CDR જોતાં માલૂમ પડશે કે મો.નં.૯૩૧૩૩૧૦૬૫૮ આરોપી પોલીસ કસ્ટડીમાં હતા ત્યાં સુધીમાં અનેક મોબાઈલ પરથી મેસેજ કે ફોન આવેલ છે. તથા આ મો.નં.૯૩૧૩૩૧૦૬૫૮ પરથી અનેક મોબાઈલ પર ફોન તથા મેસેજ કરવામાં આવેલ છે.

તપાસ અધિકારીની પવિત્ર ફરજ એ હતી કે કેસ પુરવાર કરવા માટે અને સાચા આરોપીને પકડવા માટે મો.નં. ૯૩૧૩૩૧૦૬૫૮ પર જે વ્યક્તિઓએ મેસેજ કે ફોન કર્યા હોય તે વ્યક્તિઓના ફોનથી આ મોબાઈલ નંબરવાળી વ્યક્તિ કોણ છે અને તમો કોની સાથે વાતચીત કરો છો તેવી તપાસ કરી હોત તો મો.નં. ૯૩૧૩૩૧૦૬૫૮ ના ખરા

માલિકનું નામ તથા તે મો.નં. ૯૩૧૩૩૧૦૬૫૮ ધારણ કરનાર વ્યક્તિ મળી આવતા અને તેનું નામ મળી શકતું. અને સાચો આરોપીને પકડી શકતા. પરંતુ તપાસ અધિકારીએ ફક્ત આરોપીને ફસાવવા માટે જ તેમ  કરેલ નથી અને ગંભીર પ્રકારની બેદરકારી દાખવેલ છે.

**ઉપરોકત દલીલનો જવાબ..**

આ કામમાં અનિલભાઇએ એટલે કે, આરોપી નં.૧ ના પતિએ સ્પષ્ટપણે પુરાવો આપેલ  છે કે, તેમનો મોબાઇલ તેમના પત્ની એટલે કે આરોપી નં.૧ વાપરતાં હતા અને તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ આ અનિલભાઇનો જવાબ પોલીસ લઈ શકેલ  છે જયારે તે દિવસે આ મોબાઇલનું લોકેશન ધાનેટી જોવા મળેલ છે અને ધાનેટી લોકેશનના આધારે પોલીસ ગયેલ છે અને ત્યાંથી આરોપી નં.૧ મળી આવેલ છે તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી. વધુમાં આરોપી નં.ર ના મોબાઇલથી જે ફોન આરોપી નં.૧ પાસેના મોબાઇલ ઉપર થયેલા છે તે જ આરોપી નં.ર વાળા મોબાઇલથી કાનાભાઇના મોબાઇલ ઉપર આરોપી નં.ર નાએ ફોન કરેલ છે અને પણ તા.૧૬.૦૯.૨૦૨૨  ના રોજ કરેલ છે અને ત્યારબાદ આ કાનાભાઇના મકાનમાંથી લલીતાબેનના પુરાવા મુજબ આરોપી નં.૧ મળી આવેલ છે અને તે મકાન આરોપી નં.ર નાએ ભાડે રાખેલ અને તા.૧૫.૦૯.૨૦૨૨ અને તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી નં.૧ અને ર વચ્ચે વાતચીત ફોન ઉપર થયેલ છે અને થયેલ છે જ તેથી જ આરોપી નં.૧ આરોપી નં.ર નાએ રાખેલ ભાડાના મકાનમાંથી મળી આવેલ છે અને તેથી આ ફોન

આરોપી નં.૧ જ વાપરતાં હતા તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે જેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૪.૧૮)** ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરસપુડન્સની જોગવાઈ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ની છે. જે મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ.. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઈ પણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે Crimes 2016(4) Page No.114, Harbeer Singh V/s. Sheeshpal & Ors. ના પેરા–૧૧ માં એવું ઠરાવેલ છે કે, –

" It is a cardinal principle of criminal jurisprudence that the guilt of the accused must be proved beyond all reasonable doubt. The burden of proving its case beyond all reasonable doubt lies on the prosecution and its never shifts. ...."

તેવી જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટે 2017 Cr.L.J. Page No.459, Maheshbhai Ratilal Bhil V/s. State of Gujarat ના પેરા–૧૫ માં જણાવ્યા મુજબ–

15. in case of RAjiv Singh vis. State of Bihar & Anr. I(2016) CCR 70(SC) (AIR 2016 SC(Cri) 238, it has been held in paragraph Nos. 60 to 63 as under :

"60. It is well entrenched principle of criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence to warrant legal conviction and that no person can be held guilty on pure moral conviction. Howsoever grave the alleged offence may be, otherwise stirring the conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof" In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.

61. The above enunciations resonated umpteen times to be reiterated in Raj Kumar Singh alias Raju alias Batya V/s. State of Rajasthan (2013) 5 SCC 722 : (AIR 2013 SC-3150) as succinctly summarized in paragraph 21 (Para 17 of AIR) as hereunder:

"21. Suspicion, however grave it may be cannot take the place of proof, and there is a large difference between something that "may be" proved and "will be proved". In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures

from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between "may be" true and "must be true, the court must maintain the vital distance between conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The Court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but affair doubt that is based upon reason and common sense."

62. In supplementation, it was held in affirmation of the view take in Kali Ram V/s. State of H.P. (1973) 2 SCC 808 : (AIR 1973 SC

2773), that if two views are possible on the evidence adduced in the case, on pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favorable to the accused should be adopted.

63. In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of "must be" and not "may be" a distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice....."

આમ, ઉપરોકત ચુકાદામાં જણાવેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ ને પ્રસ્તુત કેસમાં રજુ પુરાવાનું અવલોકન કરવાનું રહે છે.

**ઉપરોકત દલીલનો જવાબ.**

આ કામમાં વ્યાજબી શકથી પર આરોપી નં.૧ ની સંડોવણી આ કામમાં પુરવાર થયેલ છે અને જે સંજોગો રેકર્ડ ઉપર આવેલ છે તે સંજોગો વ્યાજબી શકથી પર અદાલતને એ માનવા પ્રેરે છે કે, આ હત્યા આરોપી નં.૧ નાએ જ કરેલી છે તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૪.૧૯)** આરોપી નં.૧ તરફે રજુ કરેલ ચુકાદાઓ અંગે..

આરોપી નં.૧ તરફે જાબીર અને બીજાઓ વિ. ધી સ્ટેટ ઓફ ઉતરાખંડનો ચુકાદો જે નામદાર સર્વોચ્ચ અદાલતનો છે તે ક્રિમીનલ અપીલ નં.૯૭૨/૨૦૧૩ નો રજુ કરેલ છે અને તેમાં પેરા ૧૮ માં નામદાર સર્વોચ્ચ અદાલતે જે સાહેદોએ અદાલત રૂબરૂ નિવેદન આપેલુ તેમાં જે બાળકનું મૃત્યુ થયેલુ તે બાળક રડતુ હતુ છતાં અદાલતમાં જુબાની આપનાર સાહેદોએ પાછળ વળી જોયેલ ન હતું અને સાહેદ નં.૦૫ નું નિવેદન બનાવ બન્યાના બે મહિના પછી લેવામાં આવેલ અને સી.આર.પી.સી.ની કલમ–૧૫૬(૩) વખતે આ સાહેદ નં.(૫) નજરે જોનાર સાહેદ હતા તેનું વર્ણન પણ ન હતું અને તે તમામ સંજોગોમાં તે વર્તન અસામાન્ય ગણી તેનો લાભ આરોપીપક્ષને આપેલો પરંતુ અત્રે નાની ભુગેડી ગામે જોનાર સાહેદોના પુરાવામાં બાળક રડતું હોય તેવી કોઇ વિગત આવેલ નથી અને બાળક અને આરોપી નં.૧ ને જોનાર સાહેદોના નિવેદનો તરત જ નોંધવામાં આવેલ છે તે સંજોગોમાં ઉપરોકત ચુકાદાની હકીત અને હાલના ચુકાદાની હકીકત અલગ હોવાથી તેનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૪.૨૦)** લક્ષ્મણપ્રસાદ વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ તેમાં નામદાર હાઇકોર્ટે રીકવરી યોગ્ય માનેલ ન હતી તેમ છતાં છેલ્લે જોનાર તથા મોટીવ લક્ષમાં રાખી સજા કરેલી જે સજા યોગ્ય ન હતી તેવુ નામદાર સર્વોચ્ચ અદાલતે માનેલુ છે પરંતુ હાલના કેસમાં સંજોગો અને મોટીવ બંને પુરવાર થયેલ છે અને આ સંજોગો એકલાં જ આરોપીનં. ૧ ને સંડોવવા માટે પુરતા છે અને તેનાથી સ્વતંત્ર આરોપી નં.૧ નું કન્ફેશન છે અને તે સંજોગોમાં ઉપરોકત ચુકાદાનો લાભ આરોપીનં.૧ ને મળી શકે તેમ નથી.

**(૨૫) આરોપી નં.ર ની સંડોવણી અંગે.**

**૨૫.૧)** આ કામમાં સાહેદ અનિલભાઇ તડવીએ આંક–૧૪ અને દિલીપભાઇ તડવીએ આંક–૧૮ થી સોગંદ પર એ હકીકત જણાવેલ છે કે, આરોપી નં.૧ અને ર વચ્ચે ગેરકાયદેસર સંબંધો બંધાયેલા.

આ કામમાં આંક–૯૧ થી એ હકીકત સાબિત થાય છે કે, આરોપી નં.ર નાએ સીમકાર્ડ મેળવવા માટે અરજી કરેલી અને તે સંદર્ભે સીમકાર્ડ નં.૮૮૪૯૩૦૭૬૬૫ આરોપી નં.ર ને ફાળવવામાં આવેલ અને આ ફોન આરોપી નં.ર વાપરતાં હતા તે હકીકત આંક–૮૮ નો પુરાવો કે જે ઉપરોકત નંબરના સી.ડી.આર. છે તથા તેની સાથે સાહેદ નં.૧૨ કાનજીભાઇના પુરાવાથી સાબિત થાય છે કારણકે કાનજીભાઇએ આંક–૩૮ ના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ ઉપરોકત નંબર કાનજીભાઇના મોબાઇલ નં.૯૯૧૩૮૩૮૪૫૭ ઉપર આરોપી નં.ર નાએ ફોન કરેલ અને આ હકીકતને આંક–૮૮ ના તા.૧૬.૦૯.૨૦૨૨ ના સી.ડી.આર.થી પણ સમર્થન મળે છે અને તેનાથી એ હકીકત સાબિત થાય છે કે ઉપરોકત સીમકાર્ડ ૮૮૪૯૩૦૭૬૬૫ આરોપી નં.ર જ વાપરતાં હતા.

**૨૫.૨)** વધુમાં આંક–૮૭ અને આંક–૮૮ જોવામાં આવે તો તા.૧૫.૦૯.૨૦૨૨ પહેલા પણ ઉપરોકત નંબર ૮૮૪૯૩૦૭૬૬૫ થી આરોપી નં.ર આરોપી નં.૧ ના મોબાઇલ નં. ૯૩૧૩૩૧૦૬૫૮ ના સંપર્કમાં હતા અને તા.૧૫.૦૯.૨૦૨૨ અને તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ પણ સંપર્કમાં હતા અને એટલું જ નહિં કાનજીભાઇના જે

મકાનમાંથી આરોપી નં.૧ પકડાયેલા તે જ મકાનમાં તેજ દિવસે આરોપી નં.ર પણ આરોપી નં.૧ સાથે રોકાયેલા અને આ રોકાયેલાની હકીકત કાનાભાઇનો પુરાવો, રાજેશભાઇનો પુરાવો, લલીતાબેન બગડાનો પુરાવો તથા તેની સાથે આરોપી નં.૧ જે ફોન તેના પતિના સીમકાર્ડ વાળો વાપરતાં હતા અને તેની સાથે આરોપી નં.ર ના સીમકાર્ડ વાળા મોબાઇલનું લોકેશન જોતાં પણ સાબિત થાય છે.

**૨૫.૩)** વધુમાં જે રીતના હાલના આરોપી નં.ર આરોપી નં.૧ ના સતત સંપર્કમાં એટલે કે તા.૧૦.૦૯.૨૦૨૨ પહેલાં છે તથા આંક–૮૭ જોતાં તા.૧૦.૦૯.૨૦૨૨ ના રોજ ૧૨ (બાર) વાર તથા તા.૧૧.૦૯.૨૦૨૨ ના રોજ ૧૩ (તેર) વાર તથા તા.૧૨.૦૯.૨૦૨૨ ના રોજ ૧૮ (અઢાર) વાર તથા તા.૧૩.૦૯.૨૦૨૨ ના રોજ ૨૨ (બાવીસ) વાર તથા તા.૧૪.૦૯.૨૦૨૨ ના રોજ ૧૮ (અઢાર) વાર તથા તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ ૦૮ (આઠ) વાર. આમ, તા.૧૦.૦૯.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ એકાણુ વાર (૯૧) વાર સંપર્કમાં રહેલા છે તે એક મહત્વનો સંજોગ આરોપી નં.૧ ના પતિ અને આરોપી નં.૧ ના કુટુંબી દીલીપભાઇનો પુરાવો તે બાબતે માનવા પ્રેરે છે કે, આરોપી નં.૧ અને આરોપી નં.ર વચ્ચે આડા સંબંધ હતા અને આરોપી નં.ર જે રીતે એકાણું (૯૧) વાર માત્ર તા.૧૦.૦૯.૨૦૨૨ થી તા.૧૫.૦૯.૨૦૨૨ સુધી આરોપી નં.૧ ના સતત સંપર્કમાં અને જે વખતે આરોપી નં.૧ નાની ભુગેડીના આજુબાજુના લોકેશનમાં હતા તે વખતે પણ સંપર્કમાં હતા અને ત્યારબાદ ધાનેટી ગામે આરોપી નં.ર આરોપી નં.૧ માટે કાનાભાઇનું મકાન ભાડે રાખે

છે અને તેજ મકાનમાં આરોપી નં.૨ આરોપી નં.૧ સાથે જોવા મળે છે તે તમામ હકીકત અને સંજોગો આરોપી નં.૧ નાએ જે કૃત્ય કરેલ છે તેમાં આરોપી નં.૨ ની મદદગારી છે તે હકીકત વ્યાજબી શકથી પર ઉપરોકત સંજોગોના આધારે આરોપી નં.૨ સામે પણ પુરવાર થાય છે.

**૨૫.૪)** વધુમાં ઉપરોકત હકીકતની સાથે આરોપી નં.૧ નાએ આંક–૧૦૪ થી કબુલાત કરેલ છે જે કબુલાત ઉપર ચર્ચા કરી તે મુજબ સાબિત થયેલ છે અને ભારતીય પુરાવા ધારાની કલમ–૩૦ અત્રે રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**Section 30. Consideration of proved confession affecting person making it and others jointly under trial for same offence.**

When more persons than one are being tried jointly for the same offence, and a confession made by one of such persons affecting himself and some other of such persons is proved, the Court may take into consideration such confession as against such other person as well as against the person who makes such confession.

[1][*Explanation*. -- "Offence" as used in this section, includes the abetment of, or attempt to commit, the offence.][2]

*Illustrations*

(a) A and "B are jointly tried for the murder of C". It is proved that A said B and I murdered C. The Court may consider the effect of this confession as against B.

(b) A is on his trial for the murder of C. There is evidence to show that C was murdered by A and B, and that B said -- "A and I murdered C".

This statement may not be taken into consideration by the Court against A, as B is not being jointly tried.

આમ, ઉપરોકત તમામ સંજોગો સાથે તથા તેની સાથે આંક−૧૦૪ ની કબુલાત લક્ષમાં લેતાં અને તેની સાથે ભારતીય પુરાવા ધારાની કલમ−૩૦ લક્ષમાં લેતાં આરોપી નં.૨ ની પણ સંડોવણી આ ગુજરનાર બાળકની હત્યા બાબતે થાય છે.

**(૨૬) આરોપી નં.૨ ની દલીલો અંગે.**

**૨૬.૧)** આરોપી નં.૨ તરફે તેઓના વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, સી.આર.પી.સી. ની કલમ−૧૬૪ ની કબુલાતમાં હાલના આરોપીનું નામ જણાવેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે, કહેવાતા કોઇ પણ આરોપીઓનો મોબાઇલ કબ્જે કરેલ નથી કે રેકોર્ડીંગ કબ્જે કરેલ નથી તે સંજોગોમાં નોડલ ઓફીસરે જણાવેલ મોબાઇલો ઉપર આ બેજ આરોપીઓ વાત કરતા હતા તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થતી નથી.

આ કામમાં એ હકીકત બિનતકરારી છે કે, આંક−૮૭ અને આંક−૮૮ જે સીમકાર્ડના સી.ડી.આર માટે છે તે મોબાઇલ ઇન્સટ્રુમેન્ટ કે સીમકાર્ડ કબ્જે કરેલ નથી પરંતુ સી.ડી.આર. રેકર્ડ ઉપર છે અને આરોપી નં.૨ આ મોબાઇલ વાપરતાં હતા અને આરોપી નં.૧ મોબાઇલ વાપરતાં હતા તે હકીકત ચર્ચા કરી તે મુજબ સાબિત થયેલ છે તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપી નં.૨ ને મળી શકે તેમ નથી.

**૨૬.૨)** વધુમાં દલીલ કરેલ છે કે, આરોપી નં.૨ પાસેથી કોઇ જ મોબાઇલ મળી આવેલ નથી જેથી નોડલ ઓફીસરે જણાવેલ મોબાઇલ ઉપરથી હાલના આરોપી જ વાત કરતા હતા તે હકીકત વ્યાબી શકથી પર સાબિત થતી નથી.

ભારતીય પુરાવા ધારાની કલમ–૮૮(એ) ની જોગવાઇઓ સાથે ઉપરોકત દલીલ જોવામાં આવે તો માત્ર સીમકાર્ડ જેનું હોય તે સીમકાર્ડથી ફોન થાય તો સીમકાર્ડ મેળવનારે જ કરેલ છે તેવું અનુમાન ન થઇ શકે પરંતુ અત્રે કાનજીભાઇ એટલે કે સાહેદ નં.(૧૨) આંક–૩૮ ના પુરાવાથી એ હકીકત સાબિત થયેલ છે કે, તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ આરોપી નં.૨ નાએ જ તેમના આ મોબાઇલ ઉપરથી ફોન કરેલ છે તે સંજોગોમાં ઉપરોકત દલીલ આરોપી નં.૨ ને મદદકર્તા નથી.

**૨૬.૩)** વધુમાં દલીલ કરેલ છે કે, પી.એમ.ના તબીબે પીળા કલરની ટીશર્ટ દર્શાવી છે જયારે આવો કોઇ કેસ ફરીયાદપક્ષનો નથી. વધુમા દલીલ કરેલ છે કે, કીડા મૃત્યુના છત્રીસ કલાક પછી પડે અને તે સંજોગોમાં મૃત્યુ કયારે થયુ તે હકીકત પણ વ્યાજબી શકથી પર સાબિત થતી નથી અને તેનો લાભ આરોપીઓને મળવાપત્ર છે કારણકે જે કહેવાતા સાહેદોએ આરોપી નં.૧ અને બાળકને જોયેલ છે તેમના પુરાવાને આ કીડા પડવાની પ્રક્રિયા એટલે કે વૈજ્ઞાનિક પુરાવો મદદકર્તા નથી અને તેથી કહેવાતા માણસોને પોલીસે ઉભાં કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

આ કામમાં શર્ટને જોયા પછી પણ અદાલત રૂબરૂ ટી શર્ટ તરીકે ઉલ્લેખેલ છે પરંતુ જે શર્ટ કબ્જે કરેલ છે તેને જ ઓળખેલ છે તે સંજોગોમાં ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી અને એ હકીકત બિનતકરારી છે કે, પી.એમ. તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ થયેલ

છે અને લાશ તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ મળેલ છે તેથી કીડા પડી જવાથી ફરીયાદપક્ષનો કેસ ન માનવા લાયક બનતો નથી.

**૨૬.૪)** વધુમાં દલીલ કરેલ છે કે, આંક–૧૨ ના પુરાવામાં જે બાળકના કપડાં અંગેની વાત છે અને તેની સાથે પી.એમ.ના તબીબ જે કપડાંની વાત કરે છે તે જોતાં ખરેખર ટી–શર્ટ હતુ કે શર્ટ હતુ તે બાબતે વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને તે સંજોગોમાં કહેવાતા માણસોએ બનાવના દિવસે બાળક કે આરોપી નં.૧ ને જોયા નથી તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

પરંતુ તબીબે પી.એમ. નોટમાં સ્પષ્ટપણે શર્ટ લખેલ છે તેથી ઉપરોકત દલીલ આરોપી નં.૨ ને લાભકર્તા નથી.

**૨૬.૫)** વધુમાં દલીલ કરેલ છે કે, આરોપી નં.૧ ને તેમના પતિ સાથે અણબનાવ હતો અને તેથી અને આરોપી નં.૧ અને ૨ વચ્ચે આડા સંબંધ છે તેવી શંકા હતી અને તેથી બાળકને આરોપી નં.૧ ના પતિએ જ મારી નાંખેલ છે કારણકે જો આરોપી નં.૧ અને તેમના પતિ વચ્ચે ઝઘડો થયો હોય તો મોબાઈલ આરોપી નં.૧ ના પતિ આરોપી સવિતાબેનને ન આપે અને તેથી પણ મહત્વની વ્યાજબી શંકા ફરીયાદપક્ષના કેસ ઉપર ઉભી થાય છે.

દરેક કેસમાં ઝઘડો થાય એટલે આવો મોબાઈલ ન આપે તે હકીકત માનવા લાયક નથી તે સંજોગોમાં ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી.

**૨૬.૬)** વધુમાં દલીલ કરેલ છે કે, લાશ સંતરામપુર જોયેલ છે તેવો પુરાવો આપેલ છે પરંતુ ખરેખર પી.એમ. ગોઠીબ થયેલ છે તેથી પણ મોટો વિરોધાભાષ ઉત્પન્ન થાય છે.

ઉપરોકત દલીલથી કોઇ લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૬.૭)** વધુમા દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષના સાહેદોના પુરાવા મુજબ સીમકાર્ડ પ્રિપેઇડ હતુ પરંતુ ખરેખર જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તેમા આ કાર્ડ પોષ્ટપેઇડ હતુ તેવો પુરાવો આવેલ છે તેથી પણ ફરીયાદપક્ષના કેસ ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે.

ગામડાના માણસ પોષ્ટપેઇડ કે પ્રિપેઇડમાં ભુલ કરે તે હકીકત માનવા લાયક છે અને તેથી ખરેખર કાર્ડ જે હોય તેનો પ્રકાર બદલાઇ જતો નથી તેથી ઉપરોકત દલીલ પણ આરોપીપક્ષને મદદકર્તા નથી.

**૨૬.૮)** વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ નં.પ નાએ પુરાવામાં કલાલનું ખેતર જણાવેલ છે જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ લાશ પંચાલના ખેતરમાંથી મળેલ છે તેથી પણ મોટો વિરોધાભાષ ફરીયાદપક્ષના પુરાવામાં ઉભો થાય છે.

ઉપરોકત વિરોધાભાષથી કોઇ વ્યાજબી શક ફરીયાદપક્ષના કેસની સત્યતા ઉપર ઉભો થતો નથી તેથી આ દલીલ આરોપી પક્ષને મદદકર્તા નથી.

**૨૬.૯)** વધુમાં દલીલ કરેલ છે કે, મકાન માલીક કે જેઓ કે ફરીયાદપક્ષના કેસ મુજબ તેમનું મકાન આરોપી નં.ર ના કહેવાથી આરોપી નં.૧ ને ભાડે આપેલુ પરંતુ આ

મકાન માલિકે એક પણ આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ નથી તે જ રીતે જે કહેવાતા પાડોશી કચ્છમાં આરોપી સવિતાબેનના હતા તેઓએ પણ ફરીયાદપક્ષને સમર્થનકારી કોઇ પુરાવો આપેલ નથી.

આ કામમાં લલીતાબેન બગડા કે જેઓ પોલીસ ઓફીસર છે અને તે અંગે તેઓએ પધ્ધર પોલીસ સ્ટેશનની થાણા ડાયરીમાં નોંધ પણ પડાવેલ છે અને તેઓના પુરાવામાં તેઓએ આરોપી નં.૧ ને કાનજીભાઇના મકાનમાંથી મેળવેલ છે અને કાનજીભાઇએ એ હકીકત સ્વીકારેલ છે કે, એક બહેનને આ રૂમમાંથી પકડેલા અને તેજ બાબત રાજેશભાઇએ જણાવેલ છે તે સંજોગોમાં ઉપરોકત દલીલ આરોપીપક્ષને મદદકર્તા નથી.

**૨૬.૧૦)** વધુમાં લલીતાબેનના પુરાવા અંગે દલીલ કરેલ છે કે, આ બહેન કચ્છમાં ગયા જ નથી કારણકે જીલ્લા બહાર જવા માટે એસ.પી.ની મંજુરીની આવશ્યકતા છે અને ફરીયાદપક્ષે જ સ્વીકારેલ છે કે, એસ.પી.ની આવી મંજુરી મેળવવામાં આવેલ નથી અને તે સંજોગોમાં લલીતાબેન કચ્છ ગયા નથી તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

એસ.પી.ની મંજુરી ન મેળવેલી હોય તે માત્ર પ્રક્રિયાત્મક અનિયમિતતા ગણાય તેનાથી આરોપીપક્ષને કોઇ લાભ મળતો નથી.

**૨૬.૧૧)** વધુમાં આ લલીતાબેન અંગે દલીલ કરેલ છે કે, તેમના પુરાવામાં એવી હકીકત આવે છે કે, આધાર કાર્ડના આધારે આરોપીને પકડેલા અને આરોપી પાસે

મોબાઇલ હતો પરંતુ આવો મોબાઇલ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી તે સંજોગોમાં આરોપી પાસે કોઇ મોબાઇલ ન હતો તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે.

મોબાઇલ કબ્જે ન લીધો હોય તેનાથી બાકીની હકીકત ન માનવા લાયક બનતી નથી અને તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૬.૧૨)** વધુમાં દલીલ કરેલ છે કે, જે વ્યકિતએ લાશ ઓળખી બતાવેલ છે તે વ્યકિતને તપાસેલા નથી જેથી પણ તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર છે.

આ કામમાં આ લાશ પ્રિન્સની હતી એટલે કે અનિલભાઇના પુત્ર અને આરોપી નં.૧ ના પુત્રની હતી તે હકીકત અનિલભાઇના પુરાવાથી સાબિત થયેલ છે તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૬.૧૩)** વધુમાં દલીલ કરેલ છે કે, આરોપી પકડાયા પછી પણ મોબાઇલ ચાલુ હાલતમાં છે તેવી હકીકત નોડલ ઓફીસરના પુરાવાથી બહાર આવે છે તે સંજોગોમાં કોઇ અન્ય વ્યકિત આ મોબાઇલ વાપરતો હતો તે હકીકત સાબિત થાય છે.

મોબાઇલ કબ્જે કરવામાં આવેલ નથી તે સંજોગોમાં ફોન ચાલુ પણ હોય પણ તેનાથી રેકર્ડ ઉપર સાબિત થયેલી હકીકત ન માનવા લાયક બનતી નથી.

**૨૬.૧૪)** વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ સ્થળ ઉપરથી જે કહેવાતા પથ્થરથી ગુજરનાર બાળકને ઇજા થયેલ છે તે પથ્થર ઉપરની રહેલ ફીંગર પ્રિન્ટ માટે નિષ્ણાંતનો પુરાવો રજુ કરી શકયા હોત પરંતુ આવી કોઇ ફીંગર પ્રિન્ટ એટલા માટે

લીધેલ નથી કારણકે ખુન અન્ય વ્યકિતએ કરેલુ છે જેનો દોષ આરોપી નં.૧ અને ૨ ઉપર નાંખવાનો હતો.

માત્ર ફિંગર પ્રિન્ટ ન લેવાથી રેકર્ડ ઉપર જે હકીકત આરોપીઓને સંડોવતી વ્યાજબી શકથી પર સાબિત થયેલ છે તે ન માનવા લાયક બનતી નથી.

**૨૬.૧૫)** વધુમાં દલીલ કરેલ છે કે, આરોપી નં.૧ નાએ કયા કપડાં પહેરેલા છે તે બાબતે પણ મોટો વિરોધાભાષ આવે છે અને તેથી એ હકીકત સાબિત થાય છે કે, બનાવના દિવસે બનાવ સ્થળે આરોપી નં.૧ ને કોઇએ જોયાં નથી.

દરેક વ્યકિતની યાદશકિત અલગ અલગ હોય છે અને તે સંજોગોમાં કપડાંના કલર બાબતે વિરોધાભાષ આવી શકે પરંતુ ચહેરા બાબતે એટલે કે માણસની ઓળખ બાબતે ન આવી શકે તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૬.૧૬)** વધુમાં દલીલ કરેલ છે કે, આ મોબાઈલો કોણ વાપરતું હતુ તે હકીકત જે વ્યકિતઓ ઉપર આ મોબાઈલોથી ફોન થયેલા છે અને આ મોબાઈલ ઉપર ફોન આવેલા છે તે વ્યકિતઓને તપાસી શકયા હોત પરંતુ સાચા આરોપી ન પકડાય અને હાલના આરોપીઓને સંડોવવા માટે આવો પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી જેથી તેનો લાભ આરોપીઓને આપવા માટે દલીલ કરેલ છે.

ઉપર ચર્ચા કરી તે મુજબ કયો મોબાઇલ કોણ વાપરતું હતુ તે હકીકત રેકર્ડ પરના સંજોગો પરથી સાબિત થયેલ છે તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**૨૬.૧૭)** વધુમાં દલીલ કરેલ છે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫(બી) નું સર્ટીફીકેટ યોગ્ય રીતે નોડલ ઓફીસરનું રજુ થયેલ નથી જેથી પણ નોડલ ઓફીસરનો પુરાવો માનવા લાયક નથી.

જે સાહેદે પુરાવો આપેલ છે તે સાહેદે સ્પષ્ટપણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ઓલ્ટરનેટ નોડલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે તે સંજોગોમાં ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી.

**૨૬.૧૮)** વધુમાં દલીલ કરેલ છે કે, કોઇ ગામમાં કોઇ અજાણી સ્ત્રી આવે તો કોઇ પણ અજાણી વ્યકિત આ સ્ત્રીએ ઉપર અને નીચે શું કપડાં પહેરેલા છે તેનું નિરીક્ષણ ન કરે અને આવી સ્ત્રી બાળક વગર પરત ફરે તો પણ તેનું નિરીક્ષણ ન કરે અને તે સંજોગોમાં બનાવ પહેલાં બાળક અને આરોપી નં.૧ ને જોનાર સાહેદો ઉભાં કરેલા છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે અને આ હકીકત એટલે સાબિત થાય છે કે, આરોપી નં.૧ ને પોલીસ સ્ટેશનમાં બતાવવામાં આવે છે અને ત્યારબાદ ઓળખ પરેડ માટે લઇ જવામાં આવે છે અને આવું એટલા માટે કરવામાં આવેલુ છે કે જેથી કહેવાતા ઉભા કરેલા નજરે જોનાર સાહેદો આરોપી નં.૧ ને ઓળખી બતાવે.

જયારે ગામમાં કયારેય ન બનતી હોય તેવી ઘટના અને જયારે કલ્પના ન કરી હોય તેવી ઘટના બને ત્યારે આગળની ઘટના માણસના માનસપટ ઉપર ફરી અંકિત થતી હોય છે તે સંજોગોમાં આરોપી નં.૧ ને ઓળખી બતાવેલા છે તે એક ડાહ્યો માણસ સમજી શકે તે રીતનું ઓળખાણ અંગે વર્તન સાહેદોનું છે તે સંજોગોમાં ઉપરોકત દલીલ ટકવાપાત્ર નથી.

**૨૬.૧૯)** વધુમાં દલીલ કરેલ છે કે, આખો કેસ સાંયોગિક પુરાવા પર આધારિત છે તેથી લાસ્ટ સીન ટુગેધરની થીયરી વ્યાજબી શકથી પર સાબિત થતી નથી અને કહેવાતા મોબાઈલો આરોપી નં.૧ અને ૨ ના કબ્જામાં હતા એ હકીકત અને બનાવ બાદ આરોપી નં.૧ કચ્છના ગામમાં ગયેલા છે અને ત્યાં આરોપી નં.૨ ના આરોપી નં.૧ ને મળેલા છે તે હકીકત કોઇ પણ રીતે વ્યાજબી શકથી પર સાબિત થતી નથી જેથી તેનો લાભ આરોપીપક્ષના આપવા માટે દલીલ કરેલ છે.

આ કામમાં આરોપી નં.૧ અને ૨ ની સંડોવણી અંગે વિસ્તૃત ચર્ચા કરેલી છે અને તે આધારે ઉપરોકત દલીલનો કોઇ લાભ આરોપીપક્ષને મળી શકે તેમ નથી.

**(૨૭) એફ.એસ.એલ.ના પુરાવા અંગે.**

**૨૭.૧)** આ કામમાં આંક–૭૬ થી એફ.એસ.એલ.માં નમુનાઓનું પરીક્ષણ કરનાર નિષ્ણાંતને તપાસેલા છે અને તેમનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબ નિષ્ણાંતનો પુરાવો બને છે અને તેમનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ ની જોગવાઇ મુજબ સીધો પુરાવો બને છે અને તેમના પુરાવા થી અને

એફ.એસ.એલ.નો રીપોર્ટ જે આંક–૭૭ નો છે તેનાથી એ હકીકત પુરવાર થાય છે કે, પથ્થર, બાળકના શર્ટ, ચડ્ડા, માટી ઉપરથી રૂધિર જુથ ''એ'' મળી આવેલ છે અને પી.એમ. કરનાર તબીબે તેમના પુરાવામાં જણાવેલ છે કે, કોઈ વ્યકિતને પથ્થર વડે માથામાં મારવામાં આવે તો મરનારને થયેલ ઈજાઓ થઈ શકે અને મરનારને માથામાં જે ઈજાઓ થયેલી તે કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી.

**(૨૮) સાઅપરાધ મનુષ્ય વધની વ્યાખ્યા નીચે મુજબ છે.**

299:Culpable Homicide Whoever causes death by doing an act with the intention of causing death or with the intention of causing such bodily injury as is likely to cause death, or with the knowledge that he is likely by such act to cause death, commits the ofence of culpable homicide.Illustrations (a) A lays sticks and turf over a pit, with the intention of thereby causing death, or with the knowledge that death is likely to be thereby caused. Z believing the ground to be frm, treads on it, falls in and is killed. A has committed the ofence of culpable homicide.(b) A knows Z to be behind a bush. B does not know it. A intending to cause, or knowing it to be likely to cause Z's death, induces B to fre at the bush. B fres and kills Z. Here B may be guilty of no ofence, but A has committed the ofence of culpable homicide. (c) A, by shooting at a fowl with intend to kill and steal it, kills B, who is behind a bush; A not knowing that he was here. Here although A was doing an unlawful act, he was not guilty of culpable homicide, as he did not intend to kill B, or to cause death by doing an act that he knew was likely to cause

death.Explanation IA person who causes bodily injury to another who is labouring under a disorder, disease or bodily infrmity, and thereby accelerates the death of that other, shall be deemed to have caused his death.

Explanation

2.- Where death is caused by bodily injury, the person who causes such bodily injury shall be deemed to have caused the death,although by resorting to proper remedies and skilful treatment the death might have been prevented. Explanation 3.- The causing of the death of a child in the mother's womb is not homicide. But it may amount to culpable homicide to cause the death of a living child, if any part of that child has been brought forth, though the child may not have breathed or been completely born."

સાઅપરાધ મનુષ્ય વધ બે પ્રકારના હોય છે. ૧ જે ખૂન ગણાય અને ૨. ખૂન ન ગણાય. અપરાધના તત્વોની વધઘટના કારણે ખૂન ગણાય અને ખૂન ન ગણાય તેમાં તાત્રિક ભેદ પડે છે. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો અથવા જેથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોચાડવાની ઈજાઓ અથવા તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ હોય ત્યારે તે સાઅપરાધ મનુષ્ય વધ છે. ગુનાહિત ઈરાદો અથવા ગુનાહીત જ્ઞાનની ઉપસ્થિતી મનુષ્ય વધને સાઅપરાધ મનુષ્ય વધની વ્યાખ્યામાં લઈ જાય છે અને તેની માત્રા પ્રમાણે તે ખૂન ગણાય છે કે ખૂન ગણાતુ નથી. અપરાધની માત્રા તેમજ ઈજાના પ્રકાર પરથી નકકી થઈ શકે કે ખૂન ગણવુ કે કેમ? માનસીક પ્રક્રિયા માટે કોઈ પુરાવો ઉપલબ્ધ હોતો નથી, સિવાય કે કૃત્ય કરનારની કાયદા મુજબની

કબુલાત પુરવાર થતી હોય. માનસીક પ્રક્રિયા માટે બનાવનુ કારણ, ઈજાનો પ્રકાર, શરીરના જે અવયવ ઉપર ઈજા કરવામાં આવી હોય તે ભાગ, ઈજાની વ્યાપકતા, વાપરવામાં આવેલુ હથીયાર, બનાવનુ સ્થળ, બનાવનો સમય વિગેરે ઉપરથી નકકી થઈ શકે. તેમજ બનાવ પહેલાનુ, બનાવ પછીનુ વર્તન પસંદ કરવામાં આવેલ જગ્યા, કૃત્ય માટેની તક વિગેરે બાબતો લક્ષમાં લેવી પડે છે.

સાઅપરાધ મનુષ્ય વધના કિસ્સામાં ગુનાહિત ઈરાદો અથવા ગુનાહિત જ્ઞાન આ બૈકી એક તત્વ પુરવાર થાય તો બીજુ તત્વ પુરવાર કરવાની આવશ્યકતા નથી. ફરીયાદપક્ષ જો ગુનાહિત જ્ઞાનપુરવાર કરે તો ઈરાદો પુરવાર કરવાની જરુર નથી.

## ૨૮.૧) સાપરાધ મનુષ્ય વધ અંગે તબીબી પુરાવો

આ કામમાં તબીબે સાહેદ નં.૧ ડો.ગીતાબેને ફરીયાદપક્ષે આંક–૦૮ ના પુરાવામાં પેરા–૦૪ થી ૦૯ માં નીચે મુજબની હકીત જણાવેલ છે.

''૪.શબ પર નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ.

૧.એક કપાયેલ છુંદાયેલ ૫×૧.૫ સે.મી.ના માપનો ઘા કપાળની ડાબી બાજુથી મધ્ય ભાગ તરફ જતો અને હાડકા સુધીનો ઉંડો હતો.

૨.એક કપાયેલ છુંદાયેલ ૪×૦.૫ સે.મીના માપનો ઘા માથાના મધ્યભાગમાં ખોપરીના ભાગે હાકડા સુધી ઉંડો હતો.

૫.બાહ્ય તપાસથી માથાના ઓકસીપીટલ ભાગે ડાબેથી મધ્ય ભાગ તરફ જતુ ફ્રેકચર જોવા મળેલ આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી.

૬.શબની આંતરીક તપાસ કરતા માથા પર કોલમ નં.૧૭ માં જણાવ્યા પ્રમાણેની ઈજાઓ ને સુસંગત ખોપરીના ઉપરના તથા નીચેના ભાગે જોવા મળેલ,ઓકસીપીટલ હાડકામાં ડાબી બાજુ દબાયેલ ફ્રેકચર જોવા મળેલ,મગજની તપાસ કરતા મગજ કંજેસ્ટેડ હતુ અને ઉપર મુજબની ઈજા મગજના અંદર સુધી થયેલ હતી અને ખોપરીના હાડકા મગજના અંદરના ભાગ સુધી દબાઈ ગયેલ હતા.

૭.છાતીની રચના જોતા દીવાલ,પાંસળીઓ મૃદુ હાડકા,ફેફસાના પડદા,કંઠેન્દ્રીય ,શ્વાસનળી અને કલોમ,જમણુ ફેફસુ અને ડાબુ ફેફસુ,હદયનુ આવરણ,હદય,મોટી રકત વાહીનીઓ,પેટ ની દીવાલ,અન્નળી,યકૃત અને પિત્તાશય,અન્નાશય અને અધીવૃકો,બરોળ,મૂત્રપીંડો અને જનેન્દ્રીયો તેમજ કરોડ અને કરોડરજજુ સામાન્ય હતા.પેટની અંદરના તમામ અવયવો સંપૂર્ણ હતા,હોજરી ખોલીને જોતા અર્ધપાચ્ય ખોરાકની હાજરી જોવા મળેલ,નાનુ આંતરડુ ખોલીને જોતા તેમાં પચેલા ખોરાકની હાજરી તેમજ ગેસ જોવા મળેલ,મોટુ આંતરડુ ખોલીને જોતા મળ અને ગેસ ની હાજરી જોવા મળેલ,પેશાબની કોથળી ખાલી હતી.

૮.મરણજનારે ત્રણ થી ચાર કલાક પહેલા ખોરાક લીધેલ હશે તેવુ અમારુ માનવુ છે.

૯.અમારા મતે મૃત્યુનુ કારણ માથામા થયેલ ઈજાના કારણે કાર્ડીયોરેસ્પીરેટરી એરેસ્ટના કારણે ન્યુરોજેનીક શોકના કારણે થયેલ હતુ.''

આમ, ઉપરોકત તબીબી પુરાવો જોતાં અને તેની સાથે ઇ.પી.કોડ કલમ–૨૯૯ લક્ષમાં લેતાં આ બાળકને માથામાં જે ઇજા હતી તે બાળકનું મૃત્યુ નિપજાવવા માટે કરવામાં આવેલ હતી તે હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે. .

**૨૮.૨) આ સાપરાધ મનુષ્યવધ ખૂન છે કે કેમ?**

દરેક ખૂન સાઅપરાધ મનુષ્ય વધ છે પરંતુ દરેક સાઅપરાધ મનુષ્ય વધ ખૂન નથી હોતુ. આ માટે કલમ ૩૦૦ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**300:** Murder Except in the case hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, orSecondlyIf it is done with the intention of causing such bodily injury as the ofender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or Thirdly If it is done with intention of causing bodily injury to any person and the bodily injury intended to be inficted is sufcient in ordinary course of nature to cause death, or Fourthly.If the person committing the act knows that it is to so imminently dangerous that it must, in all probability, cause death or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid. Illustrations (a) A shoots Z with the intention of killing him. Z dies in consequence. A comrAits murder. (b) A. knowing that Z is labouring under such a disease that a blow is likely to cause his death, strikes him with the intention of causing bodily injury. Z dies in consequence of the blow. A is guilty of murder, although the blow might not have been sufcient in the ordinary coue of nature to cause the death of a person in a sound state of health. But if A, not knowing that Z is labouring under any disease,gives him such a blow as would not in the ordinary causes of nature kill a person in asound state of health, here A, although

he may intend to cause bodily injury, is not guilty of murder, if he did not intend to cause death, or such bodily injury as in theordinary course of nature would cause death.(c) A intentionally gives Z a swordcut or club would sufcient to cause the death of a man in the ordinary course of nature. Z dies in consequence. Here, A is guilty of murder, although he may not have intended to cause Z's death.(d) A without any excuse, fres a loaded cannon into a crowd of persons and kills oneof them. A is guilty of murder, although he may not have had a premeditated design to kill any particular individual. Exception I When culpable homicide is not murderCulpable homicide is not murder if the ofender, whilst deprived of the power of selfcontrol by grave and sudden provocation, causes the death of the person who gave the provocation or causes the death of any other person by mistake or accident. The above exception is subject to the following provisos :Exception 1. When culpable homiide is not murderCupable homicide is not murder if the ofender, whilst deprived of the power of selfcontrol by grave and suddenprovocation,causes the death of the person who gaave the provocation or causes the death of any other person by mistake or accident. The above exception is subject to the following **provisos :First.**That the provocation is not sought or voluntarily provoked by the ofender as an excuse for killing or doing harm to any person.

**Secondly.** That the provocation is not given by anything done in obedience to thelaw, or by a public servant in the lawful exercise of the powers of such public servant.

**Thirdly.**That the provocation is not given by anything done in the lawful exercise of. the right of private defence. Explanation.Whether the provocation was grave and sudden enough to prevent the ofence from amounting to murder is a question of fact : Illustrations (a) A, under the infuence of passion excited by provocation given by Z, intentionallykills Y, Z's child. This is murder, inasmuch as the provocation was not given by thechild, and the death of the child was not caused by accident or misfortune in doing an act caused by the provocation.(b) Y gives grave and sudden provocation to A. A, on this provocation fres a pistol at Y, neither intending nor knowing himself to be likely to kill Z, who is near him but out of sight. A kills Z. Here A has not committed murder, but merely culpable homicide.(c) A is lawfully arrested by Z, a bailif. A is excited to sudden and violent passion by the arrest, and kills Z. This is murder, inasmuch as the provocation was given by a thing done by a public servant in the exercise of his powders.(d) A appears as a witness before Z, a Magistrate Z says that he does not believe a word of A's deposition, and that A has perjured himself. A is moved to sudden passion by these words, and kills Z. This is murder. (e) A attempts to pull Z's nose. Z, in the exercise of the right of private defence, lays hold of A to prevent him. from. doing so, A is moved to sudden and violent passion in consequence, and kills Z. This is murder, inasmuch as the

provocation was given by a thing done in the exercise of the right of private defence.(f) Z strikes B. B is by this provocation excited to violent rage. A, a bystander, intending to take advantage of B's rage and to cause him to kill Z. puts a knife into B's hand for that purpose. B kills Z with the knife. Here B may have committed only culpable homicide, but A is guilty of murder.Exception. 2.Culpable homicide is not murder if the ofender, in the exercise in gd faith of the right of private defence of person or property, exceeds the power given to him by law and causes the death of the person against whom he is exercising such right of defence without premeditation, and without any intention of doing more harm than is necessary for the purpose of such ofence. Illustration Z attempts to horsewhip A, not in such a manner as to causegrievous hurt to A, A draws out a pistol. Z persists in the assault. A believing in good faith that he can by noother means prevent himself from being horsewhipped, shoots Z dead. A has not committed murder, but only culpable homicide.Exception 3.Culpable homicide is not murder if the ofender, being public servant or aiding a public servant acting for the advancement of public justice, exceeds the powers given to him by law, and causes death by doing an act which he, in good faith, believes to be lawful and necessary for the due discharge of his duty as such public servant and without illwill towards the person whose death is caused.

**Exception 4.** Culpable homicide is not murder if it is committed without premeditation in a sudden fght in the heat of passion upon a sudden quarrel and without the ofenders having taken undue

advantage or acted in a cruel or unusual manner. ExplanationIt is immaterial in such cases which party ofers the provocation or commits the frst assault.

**Exception 5** Culpable homicide is not murder when the person whose death is caused, being above the age of eighteen years, sufers death or takes the risk of death with his own consent. Illustration A, by instigation voluntarily causes Z, a person under eighteen years of age, to commit suicide. Here, on account of Z's youth, he was incapable of giving consent to his own death; A has therefore abetted murder."

સાઅપરાધ મનુષ્ય વધ મુખ્ય બાબત છે તથા સાઅપરાધ મનુષ્ય વધ જે ખૂન ગણાય તે તેનો એક હિસ્સો છે.આ ખૂનની વ્યાખ્યામાં કોઈપણ કૃત્ય ચાર પ્રકાર પૈકી એકમાં પડતુ હોય અને તેવુ કૃત્ય ત્યારબાદના પાંચ અપવાદ દર્શાવ્યા છે તેમાં પડતુ ન હોય તો તે ખૂન ગણાય છે. એટલે કે કોઈ કૃત્ય ખૂનના પાંચ અપવાદમાં પડતુ હોય તો તે ખૂન ગણાતુ નથી.

**૨૮.૩ )** ખૂનની વ્યાખ્યામાં દર્શાવેલા ચાર પૈકીના એક પ્રકારની ઉપસ્થિતી સાઅપરાધ મનુષ્ય વધને ખૂનમાં મુકી દે છે અને તેમાં આવતુ કૃત્ય આ ખૂનની કલમમાં દર્શાવેલ પાંચ પૈકી કોઈ અપવાદમાં પડે ત્યારે તે ખૂન ગણાતુ નથી. કોઈ કૃત્ય ખૂનના ગુનામા પડે છે કે કેમ? તે નકકી કરવા માટે સૌ પ્રથમ સાઅપરાધ મનુષ્ય વધ બને છે કે કેમ? તે નકકી કરવુ પડે અને ત્યારબાદ આ કલમ ૩૦૦માં જો કૃત્ય પડતુ હોય અને ત્યારબાદ આ કૃત્ય અપવાદોમાં પડે છે કે કેમ તે નકકી કરવુ પડે અને પાંચ પૈકીના કોઈપણ અપવાદમાં ન પડે તો જ તે ખૂન ગણાય.

આમ, જે રીતની ઈજા બાળક પ્રિન્સના શરીર ઉપર તબીબી પુરાવા મુજબ મળી આવેલ છે તે ઈજા આ બાળકનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હતી તે સાબિત થાય છે.

**૨૮.૪)** વધુમાં ઉપર ચર્ચા કરી તે મુજબ આઈ.પી.સી. ની કલમ–૬ ની સાથે આ કામમાં જે પુરાવો આવેલ છે તે જોતા આરોપીનુ કૃત્ય જે સામાન્ય અપવાદો આઈ.પી.સી. ની કલમ–૭૬ થી ૧૦૬ માં પડતુ નથી તેમજ આઈ.પી.સી. ની કલમ–૩૦૦ માં જે પાંચ અપવાદ આપેલ છે તેમાં પડતુ નથી અને તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષના પુરાવાથી, આરોપી તરફે ફરિયાદપક્ષના થયેલ સાહેદોની ઉલટતપાસથી સાબીત થતી નથી કે તે હીકકત આરોપીએ સ્વતંત્ર પુરાવો આપી સાબીત કરેલ નથી.

વધુમાં બનાવ વખતે બાળક માત્ર પી.એમ. રીપોર્ટ પ્રમાણે ૩ થી ૪ વર્ષનું હતુ અને ફરીયાદપક્ષના સાહેદોની ઉલટતપાસ અને ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં આરોપી નં.૧ નાએ આ ખુન ઓચિંતા ઉશ્કેરાટ કે જે ઈ.પી.કો. ની કલમ–૩૦૦ ના અપવાદ એકમાં આપેલ છે તેવા ઉશ્કેરાટના કારણે કર્યુ હોય તેવુ સાબીત થતુ નથી કે આરોપીએ ઉપરોકત કલમના અપવાદ બે મુજબ ખાનગી બચાવ માટે કર્યુ હોત કે ઉપરોકત કલમના અપવાદ ત્રણ મુજબ આરોપીએ પબ્લીક સર્વન્ટ તરીકે પબ્લીક સર્વન્ટને મદદ કરવા માટે કર્યુ હોય કે આ કૃત્ય ઉપરોકત કલમ–૩૦૦ ના અપવાદ ચાર મુજબ સડન ફાઈટના કારણે થયુ છે કે ભોગબનનારની સમંતીના કારણેજ અપવાદ નં.૫ મુજબ થયુ હોય તેવુ સાબીત થતુ નથી અને આમ ફરિયાદપક્ષના પુરાવા પરથી કે આરોપીએ ફરિયાદપક્ષની કરેલ ઉલટતપાસ પરથી આરોપીનો કેસ ઈ.પી.કો. ની કલમ–૩૦૦ માં જણાવેલ અપવાદોમાં પડે છે તેવી

હકીકત સાબીત થતી નથી અને તેજરીતે આરોપીએ આ પાંચ અપવાદોની હકીકત સ્વતંત્ર પુરાવો આપીને પણ સાબીત કરેલ નથી અને તે સંજોગોમાં આ સાઅપરાધ વધ એટલે કે ગુનાહીત મનુષ્ય વધ ખુન બને છે એટલે કે આરોપીએ ભોગબનનારનુ ખુન કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે અને આ ખુન આરોપી નં.૧ નાએ આ બાળકનું કરેલ છે તે ચર્ચા કરેલ સંજોગો મુજબ વ્યાજબી શકથી પર સાબિત થાય છે અને જે રીતે આરોપી નં.ર ની સંડોવણી આ કૃત્યમાં ઉપર ચર્ચા કરેલ સંજોગોમાં પુરવાર થાય છે તે જોતાં તમામ સંજોગો વ્યાજબી શકથી પર એ દર્શાવે છે કે, આ હત્યા કરવામાં આ આરોપી નં.ર નાએ મદદગારી કરેલ છે કારણકે, તા.૧૦.૦૯.૨૦૨૨ થી હત્યા થઈ ત્યાં સુધી અને તે પછી જે રીતે સતત સંપર્કમાં  આરોપી નં.ર આરોપી નં.૧ સાથે ફોનમાં રહયા છે ત્યારબાદ આરોપી નં.ર નાએ ધાનેટીમાં કાનાજીનું મકાન ભાડે રાખેલ છે ત્યાં આ આરોપી નં.ર ને કાનાજીએ તથા સાહેદ રાજેશભાઈએ જોયેલ છે અને તે મકાનમાંથી જ કે જે મકાન આરોપી નં.ર નાએ ભાડે રાખેલ ત્યાંથી લલીતાબેન બગડા આરોપી નં.૧ નો કબ્જો મેળવે છે તે તમામ સંજોગોમાં આરોપી નં.ર ની મદદગારી સાબિત થાય છે અને આરોપી નં.ર નું કૃત્ય આરોપી નં.ર હત્યા થઈ તે સ્થળે હાજર ન હતાં તે સંજોગોમાં ઈ.પી.કોડની કલમ–૧૦૯ માં પડે છે. મારા પુરોગામીશ્રીએ આરોપી નં.ર સામે ઈ.પી.કોડ ની કલમ–૧૧૪ નું તહોમતનામું ફરમાવેલ છે પરંતુ મદદગારી માટે મુખ્ય કલમ–૧૦૭ છે અને તેથી જયારે કલમ–૧૧૪ નુ તહોમતનામું એટલે કે મદદગારી માટે ફરમાવેલ છે ત્યારે ઈ.પી.કોડની કલમ–૧૦૯ માં આરોપી નં.ર ને ઈ.પી.કોડની કલમ–૩૦૨ સાથે કસુરવાન ઠેરવી શકાય છે.

**(૨૯) આરોપી નં.૨ ની ખુનના ગુનામાં સંડોવણી અંગે.**

**૨૯.૧)** આ કામમાં એ હકીકત બિનતકરારી છે કે**,** આરોપી નં.૧ અને આરોપી નં.૨ બનાવ સ્થળે હાજર ન હતાં અને આરોપી નં.૨ સામે જે આક્ષેપ છે તે મદદગારી બાબતે છે અને તે સંજોગોમાં ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૧૦૭ રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**Section 107**. **Abetment of a thing**.

A person abets the doing of a thing, who—

*First*.—Instigates any person to do that thing; or

*Secondly*.—Engages with one or more other person or persons in any conspiracy for the doing of that thing, if an act or illegal omission takes place in pursuance of that conspiracy, and in order to the doing of that thing; or

*Thirdly*.—Intentionally aids, by any act or illegal omission, the doing of that thing.

*Explanation 1*.—A person who, by wilful misrepresentation, or by wilful concealment of a material fact which he is bound to disclose, voluntarily causes or procures, or attempts to cause or procure, a thing to be done, is said to instigate the doing of that thing.

*Illustration*

A, a public officer, is authorised by a warrant from a Court of Justice to apprehend Z, B, knowing that fact and also that C is not Z, wilfully represents to A that C is Z, and thereby intentionally causes A to apprehend C. Here B abets by instigation the apprehension of C.

*Explanation 2*.—Whoever, either prior to or at the time of the commission of an act, does anything in order to facilitate the commission of that act, and thereby facilitates the commission thereof, is said to aid the doing of that act.

આમ, આ કામમાં ઉપર ચર્ચા કરી તે મુજબ બનાવ બન્યો તે પહેલાથી અને બનાવના દિવસે પણ આરોપી નં.૧ અને આરોપી નં.ર એક બીજાના સંપર્કમાં હતા અને બનાવ બાદ આરોપી નં.૧ ઘાનેટી ગયા તે ઘાનેટી ગામે કાનાભાઈનું મકાન પણ આરોપી નં.ર નાએ આરોપી નં.૧ માટે ભાડે રાખેલ અને ત્યાં આરોપી નં.૧ અને ર સાથે રહેલાં છે અને ત્યાંથી જ આરોપી નં.૧ મળી આવેલ છે અને તે સંજોગોમાં આરોપી નં.૧ અને ર વચ્ચે આડા સંબંધ હતા તે હકીકત જે અનિલભાઈએ એટલે કે આરોપી નં.૧ ના પતિએ સાહેદ નં. ૩ તરીકે આંક–૧૪ ના પુરાવામાં તથા દિલીપભાઈએ સાહેદ નં.૭ તરીકે આંક–૧૮ ના પુરાવામાં જણાવેલ છે તે હકીકત સાબિત થાય છે અને તે હકીકતને આરોપી નં.૧ ના જ આંક–૧૦૪ ના કન્ફેશનથી સમર્થન મળે છે અને વધુમાં આ બાળકની હત્યા માટે આ આરોપી નં.ર નાએ જ મદદગારી કરેલ છે તે હકીકત સાબિત થાય છે.

આરોપી નં.ર નું કૃત્ય આરોપી નં.ર હત્યા થઈ તે સ્થળે હાજર ન હતાં તે સંજોગોમાં ઈ.પી.કોડની કલમ–૧૦૯ માં પડે છે. મારા પુરોગામીશ્રીએ આરોપી નં.ર સામે ઈ.પી.કોડ ની કલમ–૧૧૪ નું તહોમતનામું ફરમાવેલ છે પરંતુ મદદગારી માટે મુખ્ય કલમ–૧૦૭ છે અને તેથી જયારે કલમ–૧૧૪ નુ તહોમતનામું એટલ ે કે મદદગારી માટે ફરમાવેલ છે ત્યારે ઈ.પી.કોડની કલમ–૧૦૯ માં આરોપી નં.ર ને ઈ.પી.કોડની કલમ–૩૦ર સાથે કસુરવાન ઠેરવી શકાય છે.

**(૩૦) પોલીસ તપાસ અંગે.**

**૩૦.૧)** આ કામમાં સાહેદ નં.૧૧ થી પી.એસ.ઓ રમણભાઈને અને સાહેદ નં.૧૪ શરમાભાઈને આંક–૪૦ થી, જયદિપસીંહ અમરસીંહ તાવીયાડને પી.ડબલ્યુ–૧૫ તરીકે આંક–૪૩ થી, લલીતાબેન બી. બગડાને સાહેદ નં.૧૬ તરીકે આંક–૪૭ થી, તપાસ કરનાર અમલદારને સાહેદ નં.૧૭ તરીકે આંક–૫૨ થી અને પદ્ઘર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ ટમુબેનને સાહેદ નં.૨૧ થી આંક–૯૭ થી તપાસેલા છે અને તમામ સાહેદોનો પુરાવો જોતાં તપાસ આરોપીઓના બચાવમાં પૂર્વગ્રહ થાય તે રીતે કરેલ છે તેવો કોઇ વ્યાજબી શક ઉત્પન્ન થતો નથી.

**(૩૧) તારણ**

ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાંયોગીક પુરાવાથી ઉપર ચર્ચા કરી તે મુજબ સાબિત કરે છે કે, ગુજરનાર પ્રિન્સની હત્યા આરોપી નં.૧ અને ૨ નાએ એકબીજાની મદદગારીમાં કરેલ છે અને તેનો મુખ્ય મોટીવ આરોપી નં.૧ અને ૨ વચ્ચે રહેલ સંબંધ હતા અને તે સિવાય પણ આરોપી નં.૧ ની કબુલાતથી એ હકીકત વ્યાજબી શકથી પર સાબિત થાય છે કે, ગુજરનાર પ્રિન્સની હત્યા આરોપી નં.૧ અને ૨ નાએ એકબીજાની મદદગારીમાં કરેલ છે.

ઉપરોકત ચર્ચા કરી તેના અનુસંધાને મુદ્દા નં.૯.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૯.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

(૧) આરોપી નં.**(૧)સવિતાબેન ઉર્ફે વિમળાબેન વા/ઓ અનિલભાઇ સોમાભાઇ તડવી,** ઉ.વ.૨૪, રહે, છાપરી, નિશાળ ફળિયું, તા.સીંગવડ, જી.દાહોદ. નં.

**(૨) જાકબ અમાદ સમા(મુસ્લિમ),** ઉ.વ.૨૮, ધંધો.મજુરી, રહે, જુના ડેઢિયા, ટકરવાડ, (ખાવડા), તા.ભુજ, જી.કચ્છ વાળાને ફોજદારી કાર્યરીતિ સંહિત–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ– ૩૦૨, ૧૦૯ હેઠળ કસુરવાન ઠરાવુ છું.

હુકમ આજ રોજ તારીખ–૨૨[મી], માહે ફેબ્રુઆરી સને– ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૨/૨૦૨૪
સ્થળ : લુણાવાડા

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, મહીસાગર.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

**સબબ કામ આરોપી નં.૧ અને ૨ ને સજા અંગે સાંભળવા મુલત્વી...**

**ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ– ૨૩૫ (૨) હેઠળ સજા અંગે સાંભળવા માટે :–**

**(૧)** વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, એક નાના બાળકની હત્યા બંને આરોપીઓ ભેગા મળીને એકબીજાની મદદગારીમાં કરેલ છે અને તે સંજોગોમાં કાયદામાં ઠરાવેલી વધુમાં વધુ એટલે કે ફાંસીની સજા કરવા માટે દલીલ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, એક માતાએ તેની વાસના સંતોષવા માટે અને બીજી કોમના માણસને મળવા માટે પોતાના બાળકની હત્યા કરેલ છે તે સંજોગોમાં સમાજમાં દાખલો બેસે તે માટે ફાંસીની સજા કરવા માટે દલીલ કરેલ છે.

**(૨)** આરોપી નં.૧ વિ.વકીલશ્રીઓએ દલીલ કરેલ છે કે, આરોપી નં.૧ પોતે સ્ત્રી છે. નાની ઉંમરના છે અને તે સંજોગોમાં આરોપી નં.૧ ને ઓછામાં ઓછી સજા કરવા દલીલ કરેલ છે.

**(૩)** આરોપી નં.ર ના વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આરોપી નં.ર સ્થળ ઉપર ન હતાં અને તેઓએ કોઈ હત્યામાં સીધો રોલ ભજવેલ નથી તેથી ઓછામાં ઓછી સજા કરવા દલીલ કરેલ છે.

**(૪)** અત્રે પ્રોબેશનની પણ માંગણી કરવામાં આવેલી તે સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમ– ૩૬૦ તથા ૩૬૧ ચિત્રમાં આવે છે, જે નીચે મુજબ છે.

Cr.P.C. 1973 "360. Order to release on probation of good conduct or after admonition.

(1) When any person not under twentyone years of age is convicted of an offence punishable with fine only or with imprisonment for a term of seven years or less, or when any person under twentyone
years of age or any woman isconvicted of an offence not punishable with death or imprisonment for life, and no previous conviction is proved against the offender, if it appears to the Court before which he is convicted, regard being had to the age, character or antecedents of the offender, and to the circumstances in which the offence was committed, that it is expedient that the offender should be released on probation of good conduct, the Court may, instead of sentencing him at once to any punishment, direct that he be released on his entering into a bond with or without sureties, to appear and

receive sentence when called upon during such period (not exceeding three years) as the Court may direct and in the meantime to keep the peace and be of good behaviour: Provided that where any first offender is convicted by a Magistrate of the second class not specially empowered by the High Court, and the Magistrate is of opinion that the powers conferred by this section should be exercised, he shall record his opinion to that effect, and submit the proceedings to a Magistrate of the first class, forwarding the accused to, or taking bail for his appearance before, such Magistrate, who shall dispose of the case in the manner provided by subsection (2).

(2) Where proceedings are submitted to a Magistrate of the first class as provided by subsection

(1), such Magistrate may thereupon pass such sentence or make such order as he might have passed or made if the case had originally been heard by him, and, if he thinks further inquiry or additional evidence on any point to be necessary, he may make such inquiry or take such evidence himself or direct such inquiry or evidence to be made or taken.

(3) In any case in which a person is convicted of theft, theft in a building, dishonest misappropriation, cheating or any offence under the Indian Penal Code (45 of 1860 ), punishable with not more than two years' imprisonment or any offence punishable with fine only and no previous conviction is proved against him, the Court before which he is so convicted may, if it thinks fit, having regard to the age, character, antecedents or physical or mental condition of the offender and to the trivial nature of the offence or any extenuating circumstances under which the offence was committed, instead of sentencing him to any punishment, release him after due admonition

(4) An order under this section may be made by any Appellate Court or by the High Court or Court of Session when exercising its powers of revision.

(5) When an order has been made under this section in respect of any offender, the High Court or Court of Session may, on appeal when there is a right of appeal to such Court, or when exercising its

powers of revision, set aside such order, and in lieu thereof pass sentence on such offender according to law: Provided that the High Court or Court of Session shall not under this subsection inflict a greater punishment than might have been inflicted by the Court by which the offender was convicted.

(6) The provisions of sections 121, 124 and 373 shall, so far as may be, apply in the case of sureties offered in pursuance of the provisions of this
section.

(7) The Court, before directing the release of an offender under subsection (1), shall be satisfied that an offender or his surety (if any) has a fixed place of abode or regular occupation in the place for which the Court acts or in which the offender is likely to live during the period named for the observance of the conditions.

(8) If the Court which convicted the offender, or a Court which could have dealt with the offender in respect of his original offence, is satisfied that the offender has failed to observe any of the conditions of his recognizance, it may issue a warrant for his apprehension.

(9) An offender, when apprehended on any such warrant, shall be brought forthwith before the Court issuing the warrant, and such Court may either remand him in custody until the case is heard or admit him to bail with a sufficient surety conditioned on his appearing for sentence and such Court may, after hearing the case, pass sentence.

(10) Nothing in this section shall affect the provisions of the Probation of Offenders Act, 1958 (20 of 1958 ), or the Children Act, 1960 (60 of 1960 ), or any other law for the time being in force for the treatment, training or rehabilitation of youthful offenders."

"361. Special reasons to be recorded in certain cases.Where in any case the Court could have dealt with,106

(a) an accused person under section 360 or under the provisions of the Probation of Offenders Act, 1958 (20 of 1958 ), or

(b) a youthful offender under the Children Act, 1960 (60 of 1960 ), or any other law for the time being in force for the treatment, training or

rehabilitation of youthful offenders, but has not done so, it shall record in its judgment the special reasons for not having done so."

આમ કલમ–૩૬૦ મુજબ જયારે ગુનેગારો એકવીસ વર્ષથી ઉપરની ઉંમરના હોય અને તેમાં ગુનાના સજાની જોગવાઈ માત્ર દંડ હોય અથવા સાત વર્ષ સુધીની કે જેનાથી ઓછી સજાની જોગવાઈ હોય તો અદાલત સારી વર્તણુંકની અજમાયશ ઉપર પ્રોબેશનનો લાભ આપી શકે છે. અત્રે એક નાના ત્રણથી ચાર વર્ષના બાળકના ખુનમાં આરોપીઓની સંડોવણી પુરવાર થયેલ છે અને તે પણ એક પરણિત સ્ત્રીએ અન્ય પુરૂષને મેળવવા માટે કરેલી છે અને આ પુરૂષે તેમાં મદદગારી કરેલ છે તેથી પ્રોબેશનનો લાભ આપવો ન્યાયિક જણાતો નથી.

**(૫)** અત્રે ઉપર કલમ–૩૦૨ નો આરોપી સાબિત થયેલ છે તે સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમ–૩૬૦(૧) માં હાલના આરોપીની ઉંમર જયારે એકવીસ વર્ષ કરતાં વધારે છે તેથી આ કેસ તેમાં પડતો નથી, પરંતુ ઉપરોકત કલમ–૩૬૦(૧૦) ની જોગવાઈ જોતાં ધી પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ–૧૯૫૮ ચિત્રમાં આવે છે અને આ કામમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ–૧૯૫૮ ની કલમ–૪ ચિત્રમાં આવે છે, જે નીચે મુજબ છે.

"4. Power of court to release certain offenders on probation of good conduct.—

1) When any person is found guilty of having committed an offence not punishable with death or imprisonment for life and the court by which the person is found guilty is of opinion that, having regard to the circumstances of the case including the nature of the offence and the character of the offender, it is expedient to release him on probation of good conduct, then, notwithstanding anything contained in any other law for the time being in force, the court may, instead of sentencing him at once to any punishment direct that he be released on his entering into a bond, with or without sureties, to appear and receive sentence when called upon during such period, not exceeding three years, as the court may direct, and in the meantime to keep the peace and be of good behaviour: Provided that the court shall not direct such release of an offender unless it is satisfied that the

offender or his surety, if any, has a fixed place of abode or regular occupation in the place over which the court exercises jurisdiction or in which the offender is likely to live during the period for which he enters into the bond.

2) Before making any order under subsection

(1), the court shall take into consideration the report, if any, of the probation officer concerned in relation to the case.

3)When an order under subsection

(1) is made, the court may, if it is of opinion that in the interests of the offender and of the public it is expedient so to do, in addition pass a supervision order directing that the offender shall remain under the supervision of a probation officer named in the order during such period, not being less than one year, as may be specified therein, and may in such supervision order, impose such conditions as it deems necessary for the due supervision of the offender.

4)The court making a supervision order under subsection (3) shall require the offender, before he is released, to enter into a bond, with or without sureties, to observe the conditions specified in such order and such additional conditions with respect to residence, abstention from intoxicants or any other matter as the court may, having regard to the particular circumstances, consider fit to impose for preventing a repetition of the same offence or a commission of other offences by the offender.

5) The court making a supervision order under subsection (3) shall explain to the offender the terms and conditions of the order and shall forthwith furnish one copy of the supervision order to each of the offenders, the sureties, if any, and the probation officer concerned."

**(૬)** અત્રે એક નાના ત્રણથી ચાર વર્ષના બાળકના ખુનમાં આરોપીઓની સંડોવણી પુરવાર થયેલ છે અને તે પણ એક પરણિત સ્ત્રીએ અન્ય પુરૂષને મેળવવા માટે કરેલી છે અને આ પુરૂષે તેમાં મદદગારી કરેલ છે તેથી પ્રોબેશનનો લાભ આપવો ન્યાયિક જણાતો નથી.

**(૭) સેન્ટેન્સીંગ પોલીસી અંગે(સજા કરવાનો ઉદ્દેશ)**

**૭.૧)** સેન્ટેન્સીંગ પોલીસી અંગે ચર્ચા કરવામાં આવે તો ભય ઉત્પન્ન કરવા માટે તથા વેરનો બદલો લેવા અંગે એટલે કે જે વ્યકિતએ સહન કર્યુ છે તેના વેરનો બદલો મળ્યો છે તેવો સંતોષ થાય તે માટે અને ભવિષ્યમાં આવુ કૃત્ય કરતા વ્યકિત વિચારે કે આરોપીને સુધારવા માટેની હોય છે અને સજા શા માટે કરવી જોઈએ અને સજાનુ મહત્વ શું છે આ અંગે પૌરાણીક કાળની વાત કરવામાં આવે તો મહાભારતમાં આખુ એક શાંતિપર્વ આપેલુ છે અને તેમાં કઈ રીતે રાજાએ લોકોની શાંતિ જળવાઈ રહે તે અંગેના વિવિધ વિષયો ઉપર ચર્ચા કરેલી છે અને શાંતિપર્વના ચૌદમા અધ્યાયના શ્લોક ચૌદમાં એવુ જણાવાયુ છે કે,

'' **ના દંડસ્ય પ્રજા રાજ્ઞ: સુખમ વિન્દતી ભારત** ''

એટલે કે દંડહીન રાજાની પ્રજાને કદી સુખ મળતુ નથી''

વધુમાં શાંતિપર્વના પંદરમા અધ્યાયના શ્લોક –૨ માં એવી વિગત જણાવેલી છે કે,''

**દંડ: શાસ્તિ પ્રજા: સર્વા દંડ એવા ભિરક્ષતી।**

**દંડ: સપ્તેષુ જાગરતી દંડમ ધર્મ વિદુબુરધા:।।**

એટલે કે દંડ સમસ્ત પ્રજાઓનુ શાસન કરે છે અને દંડ તમામ બાજુઓથી પ્રજાનુ રક્ષણ કરે છે અને બધા ઉંઘી જાય ત્યારે દંડ જ જાગતો રહે છે અને એટલે વિધ્વાનો ખરેખર રાજાનો ધર્મ દંડ માને છે.''

વધુમાં આજ અધ્યાનના શ્લોક–૮ માં એવુ જણાવાયુ છે કે,

'' **યસ્માદદાન્તાન દમયત્યશિષ્ટાન દંડયત્યપી।**

**દમનાદ દંડનાચૈવ તસ્માદ દંડમ વિદુબુરધા:।।''**

એટલે કે દંડ ઉદંડ પુરુષોનુ દમન કરે છે તેમજ દુષ્ટ્રોને સજા કરે છે અને તેથી જ વિધ્વાન પુરુષો તેને દંડ કહે છે.

વધુમાં આજ અધ્યાનના શ્લોક–૧૨ માં એવી વિગત આવે છે કે,

'' **બ્રહમચારી ગૃહસ્થચ વાનપ્રસ્થચ ભિક્ષુક:।**

**દંડસ્ચૈવ ભયાદેતે મનુષ્યા વર્તમની સ્થિતા:।**

બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસી એ બધા દંડનુ અસ્તિત્વ છે તેથી જ તેમના માર્ગો ઉપર ચાલી શકે છે.

વધુમાં ૩૦ માં શ્લોકમાં એવી હકીકત આવે છે કે,

**'' દંડશ્ચેન્ન ભવેલ્લોકે વિનશ્યેયુરિમા: પ્રજા:।''**

એટલે કે સંસારમાં દંડ ના હોય તો સમગ્ર પ્રજા નષ્ટ થઈ જાય છે.

વધુમાં ૧૨૧ ના અધ્યાયના શ્લોક–૩૪ માં ભિષ્મપિતાએ અર્જુનને સજા અંગે સમજાવતા જણાવ્યુ છે કે,

**''ન સયાદ યદીહ દંડો વૈ પ્રમથેયુ: પરસ્પરમ ।**

**ભયાદ દંડસ્ય નાન્યોન્યં ઘ્નન્તિ ચૈવ ।। ''**

એટલે કે સંસારમાં દંડની વ્યવસ્થા ના હોય તો બધા લોકો એકબીજાને નષ્ટ કરી નાખે છે અને દંડના ભયથીજ મનુષ્યો આપસમાં મારકાટ કરતા નથી.

**૭.૨)** આમ સજાની જોગવાઈ એટલા માટે કરવામાં આવે છે કે માણસનુ વર્તન એક માનવ તરીકેનુ રહે અને જંગલી જેવુ ન રહે અને માણસ તેની માણસાઈની મર્યાદા ન વટાવે અને આ મર્યાદા એ રીતે ન વટાવે કે જેથી બીજા મનુષ્યોનુ જીવવાનુ મુશ્કેલ થઈ જાય કે બીજા મનુષ્યોનુ મિલકતો અસલામતીમાં મુકાય કે સ્ત્રીઓની અસલામતી થઈ જાય અને તેથી જ પૃથ્વી પરના બીજા જીવોની પણ રક્ષા માટે ઘણાબધા કાયદાઓ અમલમાં આવેલા છે.

**૭.૩)** દરેક ધર્મોમાં માનવ વર્તનના ધોરણો દર્શાવ્યા છે એટલે કે ધર્મમાં પ્રજા સલામતીથી , સુરક્ષાથી અને શાંતિથી જીવી શકે તે માટે અમુક માપદંડ માણસ વર્તન માટે કરવામાં આવેલા છે અને જયારે આ માપદંડ માણસ ન અપનાવે એટલે કે માણસનુ વર્તન અમર્યાદાભર્યુ થાય અને આવુ અમર્યાદાભર્યુ એ રીતે થાય કે જેથી બીજા મનુષ્યોને ભય ઉત્પન્ન થાય અને તેમની અસલામતી થાય તે માટે જુદા જુદા કાયદાઓ વર્તમાન સમયમાં બનાવી માણસનુ વર્તન જે અમર્યાદાવાળુ હોય તેને મર્યાદાવાળુ કરવાનો પ્રયત્ન કરવામા આવેલ છે અને તેમછતાં માણસ તેની મર્યાદામાંથી બહાર નીકળી કાયદાની મર્યાદા ઓળંગે ત્યારે સજાની જોગવાઈ પીનલ કાયદાઓ કરી

ધારાસભાએ કરેલી છે અને જયારે કોઈ વ્યકિતનુ વર્તન સમગ્ર સમાજ માટે સ્વીકારી શકાય તેવુ ન હોય તે માટે દેહાંતદંડ જેવી પણ સજાની જોગવાઈ કરવામાં આવી છે અને જો સજાની જોગવાઈ પિનલ કાયદાઓ દવારા કરવામાં ન આવી હોય અને તે સજા મુજબ આરોપીઓને સજા કરવામાં ન આવે તો સમાજમાં માણસોનુ વર્તન અમર્યાદીત થઈ જાય છે અને તેથી સમગ્ર સમાજ ઉપર તેની અસર પડે છે અને આવી અસરની ખુબજ ભયંકર દુરોગામી અસરો પડે છે અને તેટલે જ ઘણી કાયદાની પ્રોવીઝનોમાં દેહાંતદંડની જોગવાઈ કરવામાં આવી છે.

જયારે દેહાંતદંડની જોગવાઈ કરવામાં આવી છે અને સાથે સાથે તેમાં એ પણ ધ્યાન રાખવામાં આવ્યુ છે કે, દેહાંતદંડની જોગવાઈ હોય ત્યારે દેહાંતદંડ જ કરવો તેવુ નથી પરંતુ તે માટે એટલે કે ન્યાયાધીશે દેહાંત દંડ કરવા માટે કયા ખાસ કારણો અસ્તિત્વમાં છે તે જણાવવા પડે છે અને તે માટે જ સી.આર.પી.સી. માં કલમ–૩૫૪(૩) બનાવવામા આવી છે જે નીચે મુજબ છે.

(૮) ઈ.પી.કો.ક. ૩૦૨ માં મૃત્યુની સજાની જોગવાઈ છે અને તે સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૩) અત્રે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**"354. Language and contents of judgment.**

(1) Except as otherwise expressly provided by this Code, every judgment referred to in section 353,-

(a) shall be written in the language of the Court;

(b) shall contain the point or points for determination, the decision thereon and the reasons for the decision;

(c) shall specify the ofence (if any) of which, and the section of the Indian Penal Code (45 of 1860 ) or other law under which, the accused is convicted and the punishment to which he is sentenced;

(d) if it be a judgment of acquittal, shall state the ofence of which the accused is acquitted and direct that he be set at liberty.

(2) When the conviction is under the Indian Penal Code (45 of 1860 ), and it is doubtful under which of two sections, or under which Of two parts of the same section, of that Code the ofence falls, the Court shall distinctly express the same,
and pass judgment in the alternative.

**(3) When the conviction is for an ofence punishable with death or, in the alternative, with imprisonment for life or imprisonment for a term of years, the judgment shall state the reasons for the sentence awarded, and, in the case of sentence of death, the special reasons for such sentence.**

(4) When the conviction is for an ofence punishable with imprisonment for a term of one year or more, but the Court imposes a sentence of imprisonment for a term of less than three months, it shall record its reasons for awarding such sentence, unless the sentence is one of imprisonment till the rising of the Court or unless the case was tried summarily under the provisions of this Code.

(5) When any person is sentenced to death, the sentence shall direct that he be hanged by the neck till he is dead.

(6) Every order under section 117 or sub- section (2) of section 138 and every fnal order made under section 125, section 145 or section 147 shall contain the point or points for determination, the decision thereon and the reasons for the decision."

આમ ઉપરોકત કલમ–૩૫૪(૩) મુજબ જે જે જગ્યાએ મૃત્યુની સજાની જોગવાઈ છે ત્યાં આરોપી માટે સેફગાર્ડ મુકેલ છે અને તેથી જયારે મૃત્યુની સજા ફરમાવવામાં આવે ત્યારે કયા ખાસ કારણોને લીધે મૃત્યુની સજા ફરમાવવામાં આવે છે તેની વિગત ન્યાયાધીશે ચુકાદામાં લખવી આદેશાત્મક છે.

(૯) આ કામમાં આરોપી ઈ.પી.કો. ની કલમ–૩૦૨ મુજબનો ગુનો પુરવાર થયેલ છે અને આ કલમમાં દેહાંતદંડની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે.

(૧૦) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો બચ્ચનસિંગ વિરુઘ્ધ સ્ટેટ ઓફ પંજાબનો જે ચુકાદો (૧૯૮૦) ૨ એસ.સી.સી. ૬૮૪ નો પ્રસિઘ્ધ થયેલ છે તેમાં એવો સિઘ્ધાંત પ્રતિપાદીત કરેલ છે કે, જયારે દેહાંતદંડની સજાની વિચારણા કરતી વખતે અદાલતે ગુનાને લગતા સંજોગો તથા આરોપીના સંજોગો ઘ્યાને લેવા જોઈએ અને તે અંગે એવુ ઠરાવ્યુ છે કે,

''(a) The normal rule is that the offence of murder shall be punished with the sentence of life imprisonment. The court can depart from that rule and impose the sentence of death only if there are special reasons for doing so. Such reasons must be recorded in writing before imposing the death sentence.

(b) While considering the question of sentence to be imposed for the offence of urder under Section 302 of the Penal Code, the court must have regard to every relevant circumstance relating to the crime as well as the criminal. If the court finds, but not otherwise, that the offence is of an exceptionally depraved and heinous character and constitutes, on account of its design and the manner of its execution, a source of grave danger to the society at large, the court may impose the death sentence."

વઘુમાં આ ચુકાદામાં જ નામદાર સર્વોચ્ચ અદાલતે એગ્રવેટીંગ સંજોગો અંગે ઉલ્લેખ કરેલ છે કે,

“Aggravating circumstances: A court may, however, in the following cases impose the penalty of death in its discretion:

(a) if the murder has been committed after previous planning and involves extreme brutality; or

(b) if the murder involves exceptional depravity; or

(c) if the murder is of a member of any of the armed forces of the Union or of a member of any police force or of any public servant and was committed-

(i) while such member or public servant was on duty; or

(ii) in consequence of anything done or attempted to be done by such member or public servant in the lawful discharge of his duty as such member or public servant whether at the time of murder he was such member or public servant, as the case may be, or had ceased to be such member or public servant; or

(d) if the murder is of a person who had acted in the lawful discharge of his duty under Section 43 of the Code of Criminal Procedure, 1973, or who had rendered assistance to a Magistrate or a police officer demanding his aid or requiring his assistance under Section 37 and Section 129 of the said Code.

After reproducing the same, the Court opined:-

Stated broadly, there can be no objection to the acceptance of these indicators but as we have indicated already, we would prefer not to fetter judicial discretion by attempting to make an exhaustive enumeration one way or the other."

વધુમાં આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે મીટીગેટીંગ સંજોગો અંગે જણાવ્યુ છે કે,

"Mitigating circumstances.- In the exercise of its discretion in the above cases, the court shall take into account the following circumstances:

(1) That the offence was committed under the influence of extreme mental or emotional disturbance.

(2) The age of the accused. If the accused is young or old, he shall not be sentenced to death.

(3) The probability that the accused would not commit criminal acts of violence as would constitute a continuing threat to society.

(4) The probability that the accused can be reformed and rehabilitated.

The State shall by evidence prove that the accused does not satisfy the conditions (3) and (4) above.

(5) That in the facts and circumstances of the case the accused believed that he was morally justified in committing the offence.

(6) That the accused acted under the duress or domination of another person.

(7) That the condition of the accused showed that he was mentally defective and that the said defect impaired his capacity to appreciate the criminality of his conduct."

વધુમાં આ ચુકાદામાં જ નામદાર સર્વોચ્ચ અદાલતે રેરેસ્ટ ઓફ રેર કેસ અંગે એવું ઠરાવ્યું છે કે,

" It is, therefore, imperative to voice the concern that courts, aided by the broad illustrative guidelines indicated by us, will discharge the onerous function with evermore scrupulous care and humane concern, directed along the highroad of legislative policy outlined in Section 354(3) viz. that for persons convicted of murder, life imprisonment is the rule and death sentence an exception. A real and abiding concern for the dignity of human life postulates resistance to taking a life through law's instrumentality. That ought not to be done save in the rarest of rare cases when the alternative option is unquestionably foreclosed. "

**(૧૧)** આમ આ કામમાં પણ એગ્રેવેટેડ તથા મીટીગેટીંગ જે સંજોગો છે તે વચ્ચે બેલેન્સ સ્ટ્રાઈક અદાલતે કરી આરોપીને કઈ સજા ફરમાવવી તે નકકી કરવાનુ રહે છે.

**(૧૨) આરોપી નં.૧ સામેના એગ્રેવેટેડ સંજોગો:–**

(એ) ગુજરનાર બાળક માત્ર ત્રણથી ચાર વર્ષનું હતુ.

(બી) આરોપી નં.૧ ગુજરનારના એટલેકે જેની હત્યા થઈ છે તેના માતા છે.

(સી) અન્ય વ્યકિત સાથે પ્રેમના કારણે બાળકને વચ્ચેથી હટાવવા માટે એક માતાએ સગીર પુત્રની હત્યા કરેલી છે.

**(૧૩) આરોપી નં.૧ના મીટીગેટીંગ સંજોગો.**

(એ) આરોપી નં.૧ સ્ત્રી છે અને છવ્વીસ વર્ષની ઉંમરના છે અને તેમનો એક સગીર પુત્ર પણ હયાત છે.

**(૧૪)** ઉપરોકત તમામ સંજોગો જોતાં આરોપી નં.૧ નો કેસ અપવાદોમાં પણ અપવાદ કહી શકાય તેવો બનતો નથી અને એવાં કોઈ ઘણાં બધાં ઘા બાળક ઉપર કરવામાં આવેલ

નથી તે સંજોગોમાં આરોપી નં.૧ ને ઈ.પી.કોડ ની કલમ–૩૦૨ હેઠળ આજીવન કેદની સજા અને આરોપી નં.૧ પોતે ખાનગી વકીલ પણ રોકી શકેલ નથી તે સંજોગોમાં રૂા.૧,૦૦૦/– દંડ કરવો ન્યાયોચિ જણાય છે.

**(૧૫)** આરોપી નં.ર ઘટના સ્થળે હાજર ન હતાં પરંતુ ચર્ચા કરી તે મુજબ આરોપી નં.ર નું કૃત્ય ઈ.પી.કોડની કલમ–૩૦૨ની સાથે ઈ.પી.કોડની કલમ–૧૦૯ માં પડે છે અને તે સંજોગોમાં આરોપી નં.ર ને પણ આજીવન કેદની સજા અને ખાનગી વકીલ રોકી શકેલ છે તે સંજોગોમાં રૂા.ર૫,૦૦૦/– દંડ કરવો ન્યાયોચિત જણાય છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપી નં.**(૧)સવિતાબેન ઉર્ફે વિમળાબેન વા/ઓ અનિલભાઇ સોમાભાઇ તડવી,** ઉ.વ.ર૪, રહે, છાપરી, નિશાળ ફળિયું, તા.સીંગવડ, જી.દાહોદ વાળાને ફોજદારી કાર્યરિતી સંહિતા ૧૯૭૩ની કલમ– ર૩૫(ર) હેઠળ સંતરામપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી.નં. ૧૧૧૮૭૦૦૭૨૨૦૭૬૭/૨૦૨૨ તે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ –૩૦૨, ૧૦૯ માટે આજીવન સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને રૂપિયા ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી નં.૧ આ દંડની રકમ ન ભરે તો ફોજદારી દંડ સંહિતાની કલમ– ૬૪ અને ૬૫ સાથે વાંચતા ૩ (ત્રણ) મહીનાની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં.**(૨) જાકબ અમાદ સમા(મુસ્લિમ),** ઉ.વ.ર૮, ધંધો.મજુરી, રહે, જુના ડેઢિયા, ટકરવાડ, (ખાવડા), તા.ભુજ, જી.કચ્છ વાળાને ફોજદારી કાર્યરિતી સંહિતા ૧૯૭૩ની કલમ– ર૩૫(ર) હેઠળ સંતરામપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી.નં. ૧૧૧૮૭૦૦૭૨૨૦૭૬૭/૨૦૨૨ તે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ –૩૦૨, ૧૦૯ માટે માટે આજીવન સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને રૂપિયા ૨૫,૦૦૦/–

(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી નં.ર આ દંડની રકમ ન ભરે તો ફોજદારી દંડ સંહિતાની કલમ– ૬૪ અને ૬૫ સાથે વાંચતા ૬ (છ) મહીનાની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) આરોપી નં. **(૧)સવિતાબેન ઉર્ફે વિમળાબેન વા/ઓ અનિલભાઈ સોમાભાઈ તડવી,** ઉ.વ.૨૪, રહે, છાપરી, નિશાળ ફળિયું, તા.સીંગવડ, જી.દાહોદ. નં. **(૨) જાકબ અમાદ સમા(મુસ્લિમ),** ઉ.વ.૨૮, ધંધો.મજુરી, રહે, જુના ડેઢિયા, ટકરવાડ, (ખાવડા), તા.ભુજ, જી.કચ્છનાએ જેલમાં આ ગુનાના કામે પ્રિકન્વીકશન સ્ટેજે ગાળેલ (ભોગવેલ) સમય ઉપરોકત સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સી.આર.પી.સી. ની કલમ– ૩૬૩ (૧) મુજબ તાત્કાલીક આરોપી નં.૧ અને ૨ ને આ ઠરાવની નકલ પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) અપીલ સમય બાદ આ કામમાં રજુ થયેલ બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ સી.આર.પી.સી.ની કલમ–૪૫૨ મુજબ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ– ૨૨ મી, માહે–ફેબ્રુઆરી, સને– ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૨/૨૦૨૪
સ્થળ : લુણાવાડા

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, મહીસાગર.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

એમ.એ.કાદરી
ગુજ.સ્ટેનો.